શ્રી પરમાત્મને નમઃ

શ્રી

સૂરશ્યામ.

ત્રિઅંકી નાટક.

શ્રી વાંકાનેર "આર્યહિત વર્ધક" નાટક કંપની માટે
રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.
અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત એક હજાર.

અમદાવાદ શાહપુર વનમાળી વાંકાની પોળમાં **હરીભાઇ
હલપતરામે** પોતાના "**ગ્રંથોદય**" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૯. સન ૧૯૧૩.

કિંમત રૂ. ૦—૮—૦.

શ્રી પરમાત્મને નમ:

શ્રી

સૂરશ્યામ.

ત્રિઅંકી નાટક.

શ્રી વાંકાનેર "આર્યહિત વર્દ્ધક" નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિં૦ વ૦ ના૦ કંપનીના માલીક.

અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત એક હજાર.

અમદાવાદ શાહાપુર વનમાળી વાંકાની પોળમાં હરીભાઇ દલપતરામે પોતાના "ગ્રંથોદય" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૯. સન ૧૯૧૩.

કિંમત રૂ. ૦—૮—૦.



રા. રા. ત્ર્યંબકલાલ દેવશંકર રાવલ.

માલેક

વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની

The Lakshmi Art, Bombay

સ્નેહાંજલી.

પરમ શ્રિમાન સ્નેહી

મિત્રવર્ય શ્રી:—ઠક્કર હરજીવન વાલજીભાઈ

મુ. મુંબાઇ.

વિશ્વમાં પરમસ્નેહી સંબંધી તરીકે મનાતા ગણાતા બંધુપદ કરતાં પણ શ્રેષ્ઠ પદમાં વિરાજતા મિત્રપદને કોઇક વિરલાજ પ્રાપ્ત કરી શકે છે. આપ સ્નેહિ મિત્ર તે પદને સારી રીતે પ્રાપ્ત કરી શકયા છો. આપનો મારા પ્રત્યે નિષ્કામ અને ઉમદા સ્નેહ સંબંધ હોવાને લીધે મારો અંતરાત્મા અધિક આનંદને અનુભવે છે. મારા તમારા અન્યો અન્યના હ્રદય પ્રદેશમાં પુનિત પ્રેમના જે શ્રેષ્ટ સંસ્કારો ઇષ્ટ કૃપાથી સારી રીતે છવાએલા છે, તે સંસ્કારો દીન પર દીન વધુ વિસ્તારમાં સર્વદા ચિરકાળ શુભ રીતે છવાઓ એવી મારી પરમાત્મા પ્રત્યે પરમ યાચના છે. મિત્ર ધર્મના મોંઘા મર્મના અભિધાન તરીકે આપ મિત્રશ્રીને શ્રી સૂરશ્યામ નાટક આજ રોજ અર્પણ કરૂં છું, તે સાનંદે સ્વિકારી મને ઉપકૃત કરશોજી.

લી૦

આપનો સ્નેહાંકીત

ત્રંબકલાલ દેવશંકર રાવલ.

માલેક—શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની.

આનંદભુવન થીએટર—અમદાવાદ.

પ્રસ્તાવના.

દીન પર દીન નાટ્ય સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં જન મંડળને કાંઈ કાંઇ નવિન અવલોકવાની અભિરૂચી ઘણુજ વિસ્તારમાં વધતી જાય છે. એ અભિરૂચીને અવલંબી ગુર્જર નાટયકારોને ઐતિહાસીક અને કાલ્પનીક કથા ગાથામાં અનહદ રીતે ગુંથાવું સંધાવું પડે છે. તેની સાથે પ્રેક્ષક વર્ગના અંતરમાં સામાન્ય નીતિ ધર્મ અને વિશુદ્ધ આચાર વિચારના ઉમદા સંસ્કારો સારી રીતે અંકીત થાય એ શુભ હેતુ ખાસ અને મુખ્યત્વે કરીને લક્ષમાં રાખી એકજ વિષયના વિવિધ રૂપકમાં રૂપાંતર થતા ભક્તિ માર્ગના ધાર્મીક અને નૈતિક નાટકોને વ્યવહાર દર્શનમાં ખામી અને ખુબી ભર્યા અવનવા સંસારીક પ્રસંગો સાથે નવીન અને ઉપદેશક રૂપકમાં યોજી કલ્પનાના વિષયોથી સુંદર રીતે વિભૂષીત કરી જર અને જહેમતના અઢળક સાહસથી શ્રૃંગારી સાર સાર ગ્રાહી હંસવૃત્તિના પ્રેક્ષક વર્ગને હરેક રીતે પ્રસન્ન કરવાનો સ્વફરજનો સ્તુત્ય પ્રયાસ પ્રસ્તુત કંપની તરફથી સારી રીતે આદરવામાં આવે છે.

નાટકના નવરસના વિષયની રસજ્ઞ, મર્મજ્ઞ અને કદરદાન થતી પ્રજા સમક્ષ **નરસિંહ મહેતો, મીરાંબાઇ, ગોપીચંદ, પીપાજી** અને **ધ્રુવકુમાર** આદી પંચ નાટય રૂપકો ભજવી પ્રજા પ્રીતી સારી રીતે સંપાદન કરી ભક્તિ માર્ગનાં નાટકોની પહેલ કરનાર પ્રથમ કંપની તરીકે પ્રજામાં પીછાનાતી ઓળખાતી પ્રસ્તુત **શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની** તરફથી હાલમાં ભક્તિમાર્ગનો મુખ્ય અને નવીન છઠ્ઠો નાટયપ્રયોગ **શ્રી સૂરશ્યામ** દીનપરદીન વધતા ઉત્તરોત્તર અધિકાધીક આનંદ ઉમંગ અને સાહસથી બહાર પાડવામાં આવેલ છે. આ નવીન નાટક બહાર પાડવામાં કંપનીએ જમાનાના પરીબળમાં હદ બહાર રીતે આગળ વધી સીન સીનેરીઝ, ડ્રેસીઝ અને વસ્તુસંકલનાની સંપ્રાપ્તિ સારૂ છુટે હાથે ખરચ કરવામાં કોઈ પણ રીતની બાકી રાખી નથી.

જણાવવાને અધીક આનંદ થાય છે કે પ્રજાવર્ગ પ્રસ્તુત્ત કંપનીનાં નાટકોની ઘણીજ સારી રીતે કદર કરવામાં આગળ વધે છે; અને પ્રજાવર્ગમાં માનનીય અને અગ્રણીય ગણાતા વિદ્વાન અને સાક્ષર રત્નનરોની

માંગલીક હાજરી નવીન નાટકના નવાનક્ષ વિધાનના પ્રસંગોમાં દષ્ટીગોચર થાય છે; અને વિધાન કીયા પણ તેમના મુબારક હાથથીજ કરવામાં આવે છે, આ ઉપરથી પ્રસ્તુત કંપની નૈતિક અને ધાર્મીક નાટય પ્રયોગ કરવાના ઉમદા કાર્યમાં કેટલી આગળ વધી છે તેનો ખ્યાલ ગુણીજનોના અંતરમાં હવે સારી રીતે આવી શકશે, એવી કંપનીના માલેકની ધારણા છે.

ભક્તમાળના ચારીત્રમાં શ્રી સૂરશ્યામ નાટકની વસ્તુ સંકલના ઘણીજ જમાનાને બંધે બેસતી અનુકુળ આવતી રસીક બોધક અને ચિત્તવેધક રીતે ભાગ લેતી દષ્ટિગોચર થાય છે. શ્રીકૃષ્ણચંદ્રના અષ્ટ સખામાંના એક સખા ઉત્તમ કવિ અને શ્રેષ્ટ ભક્તરાજ તરીકે સૂરદાસજીનું જીવન વૃતાંત સાહીત્ય અને જ્ઞાનમાર્ગના દષ્ટિપાતમાં પ્રેમલક્ષણા ભક્તિની સંસ્કારી અને ઉત્કૃષ્ટ પ્રતિભાઓ પ્રસરાવતું વિવેક દષ્ટીએ જોતાં નીરખી શકાય છે. સુરદાસજીના નાટય સાહીત્યમાં પંચીકરણમાં અંગભુત મનાતા જ્ઞાનેન્દ્રી અને કર્મેન્દ્રીના વિષયો, ધર્મ, ભક્તિ, ક્રોધ, મોહ અને માયાને પાત્રના રૂપકમાં ગુંથી જમાનાના તાંત્રિક તરીકે કળિયુગને કલીરાજના વિરનાયક તરીકે મુખ્ય નાયકની કસોટી રૂપે યોજી બોધક કાર્ય કરતા દર્શાવવામાં આવેલ છે, અર્થાત આખા નાટકને અવનવા નવીન અને જ્ઞાનમય રૂપકમાં તૈયાર કરી બહાર પાડવામાં આવેલ છે તો ગુણાનુરાગી આર્યપ્રજા કંપનીના સાહસની સારી રીતે કદર કરી સ્વફરજ બજાવવામાં આગળ પગલું ભરશે, અને માલેકને અધિક ઉત્સાહી કરશેજ ! સુજ્ઞેષુ કિંબહુના ! !

અમદાવાદ.
આનંદભુવન થીએટર

લી૦
ત્રંબકલાલ દેવશંકર રાવલ.
માલેક–શ્રી વાં. આ. હિ. વ. ના. કંપની.

મુખ્ય પાત્રોની સમજ.

સુત્રધાર, નટી, બાળાઓ—નાટયકાર.

કળી—અવનિની અધોગતિ કરનાર પ્રભુ ભક્તને ભૂલાવનાર ચોથો યુગ.

મોહ, ક્રોધ—ષટ્ શત્રુમાંના બે પ્રબળ રીપુઓ.

નારદજી—બ્રહ્મ જ્ઞાનમૂર્તિ દેવમુનિ.

ધર્મરાજા—પ્રાણીઓના દેહાંત પછી પાપ પુન્યનો ન્યાય આપનાર ન્યાયાધીશ.

બીલ્વમંગળ—એક વેશ્યાગામી વિપ્ર. ભગવાનને પોતાની અડગ ભક્તિથી પ્રસન્ન કરી આધીન કરનાર સૂરભક્ત.

શ્રી શ્યામસુંદર—જગતનિયંતા પ્રભુ. ભક્તોને અધોગતિથી ઉગારનાર ભક્તાધિન ભગવાન સૂરશ્યામ.

પ્રભાવતી—બીલ્વમંગળની સ્ત્રી, ઉત્તમ સતિ.

ચિન્તામણી—નાયકા કર્મ ત્યાગ કરી સોમગીરી સંતની શિષ્યા બની બીલ્વમંગળને ઉપદેશ આપી સુધારનાર જ્ઞાની ગુણીકા.

સોમગીરી—શ્રેષ્ઠ સંત, બીલ્વમંગળ અને ચિન્તામણીના ગુરૂવર્ય.

ચંદ્રસીંહ—નગરનો રાજા.

પક્કા પોપટલાલ—ખવાસમાંથી દિવાન બનેલો ને પાછળથી ઠગ સાધુ.

વિશ્વમોહિની—માયીક શક્તિ.

મંગળાગવરી—બ્રાહ્મણપુત્રી, ઉત્તમ સતિ, વિદ્યાધરની કન્યા.

અક્કલશંકર—મંગળાગવરીનો સ્વામી, મૂર્ખ પંડીત.

તેમજ ગોપ ગોપીઓ, ધર્મ, ભક્તિ, નરવરસિંહ, લલીતરમણ઼ા દિવાન વિદ્યાધર, રાણી વસુમતી, પદ્મરાજ, સેનાપતિ, ચોપદાર, દાસ દાસીઓ, વારાંગનાઓ વિગેરે.

શ્રી પરમાત્મને નમઃ

નવલ

શ્રી

સૂરશ્યામ નાટક.

અંક પહેલો.

સ્થળ-રંગભુમી.

પાત્રો—સુત્રધાર, નટી તથા બાળાઓ.

સુત્રધાર— મંગળાચરણ.

શ્રી પ્રભુ પ્રણમું વીનવું, સુખદાતા ત્રાતા હું સ્તવું.
વીમળ વીલાસ સઘન ઘન છાઓ,
આર્યહિત વર્ધક કંપની આ વિજય પ્રેમ આનંદ છવાઓ;
પૂજ્ય પદે શ્રી કૃષ્ણ શરણવર......

સુત્રધાર—પ્રિયા, આજે મારો વિચાર શ્રી નવલ સૂરશ્યામ નામનો નાટય પ્રયોગ ભજવી બતાવવાનો છે.

નટી—ઘણુંજ ઉત્તમ, પણ પ્રિય પ્રાણ સૂરશ્યામ તે કોણ?

સુત્રધાર—વહાલી સૂર કહેતાં સૂરદાસજી જે હરીના એક મહાન ભક્ત કવી ને સખા કહેવાયા તે અને શ્યામ કહેતાં શ્રી કૃષ્ણચંદ્ર ભગવાન જે પોતાના ભક્તની પાછળ પોતાનું નામ જોડી ભ્રમરની પેઠે ઘુમી ભક્તને ભીડ પ્રસંગે સહાય કરી સંસાર સાગરથી તાર્યો તે.

નટી—વાહ ! વાહ ! ! નાથ, ત્યારે આ શુભ સ્થળે પ્રેમ ભક્તિ રસનો સાગર રેલાશે, કેમ ?

સુત્રધાર—હા, સાંભળઃ—

રહી રૂષિ મુનિજન મનમાં, પૂર્ણ આનંદકારી;
પ્રહ્‌લાદ આદિ ભકતે, અંતરે જે ઉતારી.
ક્રુર કળી તણી માયા, પલકમાં ત્રોડનારી;
સૂરે હૃદય ધારી, (શ્રી) કૃષ્ણની ભક્તિ પ્યારી.

કળી--(નેપથ્યમાં) **માયાવાળો મહારથી, ભૂતળ માંહી ભૂપાળ;**
ભક્તિ ધર્મને છેદવા, પ્રગટયો હું કળી કાળ.

નટી—નાથ, આ વિકાળ વાણી કોની સંભળાય છે ?

સુત્રધાર--દેવી, એ તો આપણા પ્રયોગના નાયક ભક્તને પોતાની જાળમાં ફસાવનાર કળીયુગ જણાય છે માટે ચાલો આપણે પણ ભકતોની ભાળ લેનાર કળીના કોપમાંથી ઉગારનાર એવા ગોપીનાથ ગોવીંદ ગોપાળના ગુણ ગાઇ પ્રયોગમાં પ્રવર્ત થાઇએ.

નટી—જેવી દેવની આજ્ઞા.

બાળાઓ-- ગાયન.

રંગે ગાઓજી, ગાઓજી ગોપીના શ્યામ;
ગોપીના શ્યામ નંદનંદન અભીરામ. રંગે૦
વૃજજન તારણ, ગીરીવર ધારણ;
યશોદાના લાલાજી, કુબજાના કામ. રંગે.
વંદાવન રાસ છાઇ, યમુના ત્રટ બંસી વાઈ;
મોર મુગટ ધારી, મોરારી શ્યામ. રંગે૦

પ્રવેશ ૧ લો.

સ્થળ-બગીચો.

પાત્રો--કળી, મોહ, ક્રોધ અને નારદ.

નેપથ્યમાં—ત્રાહી, ત્રાહી, પ્રભુ બચાવો, કળીને કાળો કેર કરતાં અટકાવો.

કળી—(અવાજ સાથે પ્રગટ થઇને)

માયાવાળો મહારથી, ભૂતળ માંહી ભૂપાળ;
ધર્મ ભક્તિને છેદવા, પ્રગટયો હું કળી કાળ.

હું કોણ ? કળી, આ આખું જગત મારો કોળીયો, ભક્ષ અને બળી. હું કોણ ? કળી કાળ, ધારૂં તેને પલમાં કરૂં ન્યાલ, કંગાલ ને બેહાલ. હું કોણ ? કળીયુગ, મને જોઇને થરથર કંપી ઉઠે આખો જુગ. દ્વાપર, ત્રેતા અને સતયુગની સત્તા નષ્ટ કરનાર હું જાગતો કળી, જે કોઈ મને ભજે તેને પલમાં જાણૌં ફળી ને નીંદે તેને આખોને આખો જાણૌં ગળી. મારી ધાકે ધરતી ધમધમી જાય એવો હું સમગ્ર સૃષ્ટિનો અધિપતિ કળીયુગ રાય.

સત્ય ધર્મ ભક્તિ તણું, વધ્યું વિશ્વમાં જોર;
કળી પ્રગટયો આ કારમો, કરવા સીધાં દોર.
મહદ મહારથી માહરા, ષડ શત્રુ સરદાર;
પ્રગટ મોહ સાકાર થઇ, વિશ્વ વિજય કરનાર.

મોહ--(અવાજ સાથે પ્રગટ થઈ)

હુકમાધિન હજુર હું, હર વાતે હુંશિયાર;
હરૂં તેજ હરી ભક્તનું, મારી મીઠો માર.

કળી--શાહાબાશ,

ક્રોધ મહા વિકાળ મુજ, પ્રત્યક્ષ થા પળમાંય;
ધર્મ ભક્તિનો નાશ છે, તુજ બાહુ બળમાંય.

ક્રોધ—(અવાજ સાથે પ્રગટ થઈ)

કરવા કાળો કેર હું, રહું સદા તૈયાર;
સુરનર દાનવ સર્વનાં, નવિન રક્ત પીનાર.

કળી—(બંનેને)

જાઓ જલ્દી જગતમાં, જમાવો જબરૂં જોર;
જકડી જીવ તમામને, ઉતારી નાખો તોર.

ક્રોધ તથા મોહ--જેવો હુકમ. (જાય છે.)

કળી— સૌ શત્રુ સંહારીને, કરૂં નિષ્કંટક રાજ;
મૃત્યુલોકના મનુષ્યનો, બનું ઇશ કળીરાજ.

નારદ— ગાયન.

ભજ મન કૃષ્ણ હરે હરે, તું ભજ મન કૃષ્ણ હરે હરે;
વૃથા સર્વ કુવિચાર તજીને, ભજ મન કૃષ્ણ હરે હરે.

નારાયણ, નારાયણ.

કળી—પધારો પધારો નારદજી, નમન કરૂં છું.

નારદ— કહો કળી કેમ પૃથ્વી પર, સ્વારી આવી આજ;
કોનું કાસળ કાઢવા, પધારીયા કળી રાજ.

કળી— વેદ શાસ્ત્ર મરીયાદનો, બગાડવાને ઘાટ;
આવ્યો બસ હું વાળવા, ભક્તિ ધર્મનો દાટ.

નારદ— છોડયો ગપ ગોળો તમે, બની બળી બહાદુર;
શેવક ભક્તિ ધર્મના, મહીતળ છે મહા શૂર.

કળી— ગપ ગોળો નારદ નથી, સત્ય કહું નીરવાણ;
સાધુ બ્રાહ્મણ સર્વના, પળમાં કાઢું પ્રાણ.
પીતા પુત્ર ગુરૂ શિષ્યમાં, નિત્ય કરાવું કલેશ;
કતલ ચલાવું કારમી, લાવું દયા ન લેશ.

(જાય છે.)

નારદ—નારાયણ, નારાયણ, નારાયણ. આ કળી ને ધર્મના કજીયામાં કોણ જાણે કેટલાનો ધાણ નીકળી જશે. વિશ્વામિત્ર ને વશિષ્ઠના કજીયામાં જેમ હરિશ્ચંદ્રનાં હાડકાં હળવાં થયાં તેમ આ કળી ને ધર્મના કજીયામાં કઇક સાધુ સંત સપડાશે ને પાયમાલ થાશે, તેમાં આપણું શું જાશે, કોઇ હરીનો ભક્ત હશે તેની કસોટી થાશે, કળી

ને ધર્મનો ઝગડો જોઇ આ નારદજી હરખાશે. સાચાને સાચી અને ખોટાને ખોટી સલાહ આપી પ્રભુના ગુણ ગાશે. અહા! કલેશ કંકાસ કજીયા તારી કહાણી કેટલી કહું.

ગાયન.

કજીયો નામ કુહાડા સરખું, તિક્ષણ ધારા વાળું રે;
હરખ વૃક્ષને હણે હમેશાં, કજીયાનું મોં કાળું રે.
કજીયે કૌરવનું કુળ છેદ્યું, યાદવ કુળ પરજાળ્યું રે;
લંકાપતિને ક્ષણમાં માર્યો, કજીયાનું મોં કાળું રે.
મનુષ્ય દેહ દુર્લભ પામીને, સુખી થવાને સારૂ રે;
હળીમળી હેતે સૌ ચાલો, કજીયાનું મોં કાળું રે.

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ-ધર્મરાજાની કચેરી.

પાત્રો—ધર્મરાજા, ચિત્રગુપ્ત, યમદુત, પાર્ષદો, અપ્સરાઓ અને પાછળથી નારદ.

અપ્સરાઓ— ગાયન.

તા આ આ આ આ નોમ
તાદેરના, દેરના, દેરના, દેરના, તાના તુંદી,
દીમ તાના દેરેના, તદેરેના તદરે દાની;
તાદારે, દાની તદારે તાના દરેના,
દીમ તનનનનન, દીમતનનન, દીમતનનન,
ધા, ધા, તીરકીટ, નગધર, તીરકીટ ધી તીલાન

ધા, તીરકીટ ધા, ધા, ધા, તીરીકીટ ધા,
ધા, ધા, તીરીકીટ ધા, ધા, ધા, તીરકીટ-તાદેર

ધર્મરાજા—પ્રિય પ્રધાન ચિત્રગુપ્ત, આજના દીવસના ન્યાયનો કારોબાર કહી બતાવો.

ચિત્રગુપ્ત—મહારાજ આજની હકીકત બહુજ ગંભીર છે, યમરાજના કાળ-પાસમાં બંધાઇ તેત્રીસ હજાર ને એકોતેર જીવ મૃત્યુલોકમાંથી આવેલા છે. તેમાં તેત્રીસ હજાર ને સીત્તેર પાપી જીવ છે અને ફક્ત એકજ પુન્યશાળી પ્રાણી છે.

ધર્મરાજા—અહો ! આટલો બધો ફેરફાર થઇ ગયો ? જે મૃત્યુલોકમાંથી અપાર જીવોને સ્વર્ગમાં મોકલવા હુકમ કરવો પડતો તેજ મૃત્યુલોકના પ્રાણીયોને ટુંક સમયમાં કુંભીપાક નામના રૌરૌ નર્કમાં નાખવાનો વખત આવે છે, આ શો જુલ્મ. મૃત્યુલોકના માનવીઓની ધર્મ વૃત્તિઓ કેમ ફરી ગઇ !

નારદ—(ગાતાં ગાતાં પ્રવેશ કરે છે)

ગાયન.

જય જય જગત આધારા, અચળ કૃતિ ધરનારા—જય જય.
વિમળ પદે વરમાન તમારૂં, ભક્ત અભય પદ ભાવે;
સ્વર્ગ સદન પાતાળ ભુવન ત્રય કૃાત નવલી દરસાવે--જય.

ધર્મરાજા—(ઉભા થઇને)

નમન ન્યાય આસન તણું, સ્વીકારીયે મુનિરાજ;

નારદ—ધર્મ વિજય ધ્વજ ફરફરો, કરો ધર્મનાં કાજ.

ધર્મરાજા—મુનિરાજ ચૌદ બ્રહ્માંડમાં આપ ગમન કરી શકો છો, તો કૃપા કરી કહેશો કે હાલમાં શા સમાચાર છે ?

નારદ—મહારાજ મૃત્યુલોક શિવાય સર્વ લોકમાં આનંદને લીલા લહેર છે. સ્થળે સ્થળે ધર્મ અને ભક્તિ વરતાય છે માત્ર મૃત્યુલોકજ પાપમાં પ્રવર્ત નીરખાય છે.

ધર્મરાજા—અહા તેનું કાંઈ કારણ ?

નારદ--કારણ માત્ર એજ કે:—

સદા સતયુગે ધર્મ ધ્વજને ઉડાડી,
ત્રેતા વહ્યા પુન્યથી ભૂ રમાડી;
દયા દ્વાપરે સાથ રાખી જમાડી,
કુટીલ કળીયુગે આવી બાજી બગાડી.
સુધર્મો ગયા વેદને સાથ લીધા,
સુકર્મો ગયાં મોક્ષને દ્વાર સીદ્ધાં;
સુપંથો ખશ્યા નીતિ કરીને અગાડી,
કુટીલ કળીયુગે આવી બાજી બગાડી.

ધર્મરાજા—નારદમુનિ અધમ કળીયુગે જ્યાં પોતાનો અમલ જમાવ્યો છે અને ઉત્તમ અધિકારીઓનો તિરસ્કાર કરાવ્યો છે એવા મૃત્યુલોકના માનવીયોની ગતિ અને અધિકારીઓની સ્થીતિ જોવા આવવા મારો ખાસ વિચાર થયો છે.

નારદ—હા મહારાજ ખુશીથી પધારો મારી સાથે; એટલે મૃત્યુલોકના માનવીની ગતિ અને કળીયુગના રંગ આપને પ્રત્યક્ષ પુરાવા રૂપે નજરો નજર બતાવું. (જાય છે)

(સીન બદલાઈ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—બીલ્વમંગળનું ઘર.

પાત્રો—નારદ, ધર્મરાજા, ચિન્તામણી, બીલ્વમંગળ, દાસીઓ વિગેરે.

ચિન્તામણી, દાસીઓ— ગાયન.

ચલો રૂમક ઝુમક મદ ભરી રંગીલી બાળી નવેલી નાર,
અધરનકી લાલી હજાર છોટી છતીયનકી હય બાહાર.
આછી ગાલોકી લાલી ગુલાબી મેરી છોટી ઉમર મતવાલી

કલી કલી ખીલ રહી અંગ ફુલવારી બાંકે નયનોકે નખરેવાલી
રંગીલી રસીલી છબીલી નાજનીયાં પ્યારી ગુલજાર—ચલો.

નારદ—(ધર્મરાજાને બીલ્વમંગળ બતાવીને) જુઓ મહારાજ આ કળીયુગનું ચિત્ર દર્શન; ઉત્તમ ગણાતા બ્રાહ્મણનો ગુણકા સાથે રંગરાગ.

(બાજુ ઉભા રહે છે.)

બીલ્વમંગળ—શાબાશ શાબાશ.

ગોરી ગુણવાળી તું રૂપાળી દીલની દયાળી,
આંખ અણીયાળી તાકી તીર મારનારી તું;
ગોરા ગોરા ગાલવાળી, સેંથામાં સીંદુર ધારી;
ભ્રમર રૂપાળી કાળી, રતિ રૂપ ધારી તું.
ચંદ્રમુખવાળી પ્યારી, ટીલડી ધરી રૂપાળી;
નાકે નથની નીહાળી, લટકાળી નારી તું.
જગમાં જડે ન જોડ તારી, ઉરવશી જાય હારી;
પ્રાણથી અધિક મારી, ચિન્તામણી પ્યારી તું.

ચિન્તામણી—અરે દીલના દીલારામ, જેમ માયા વિનાનું મન, શક્તિ વિનાનું તન અને પુત્ર વિનાનું ધન નકામું છે તેમ તમારા વિના સઘળો આનંદ મને નકામો છે વળી તમે તો મારી પરિક્ષામાં પાસ થયા છો. મારા હૈયાના હાર અને યોવનના શ્રૃંગાર તમનેજ માન્યા છે.

નારદ—(સ્વગત ધર્મરાજાને) કેમ મહારાજ હવે ખાત્રી થઈ ?

ધર્મરાજા—હા પુરેપુરી, પણ નારદમુનિ હું તો ધારૂં છું કે દરેક ધર્મના ઉપદેશક આચાર્યોની ખામીને લીધેજ આવા ઉત્તમ વર્ણના બાળકો નીતિ ભ્રષ્ટ, ધર્મ ભ્રષ્ટ અને કર્મ ભ્રષ્ટ થાય છે. તે ધર્મ ઉપદેશકોની બેદરકારીનુંજ આ પરીણામ છે.

નારદ—મહારાજ તમારી ભૂલ છે આ બધું કળીયુગનું કારણ છે તેની ખાત્રીને માટે તમારી સમક્ષ હું સાધુના વેશથી ઉપદેશ કરવા જાઊં છું; મારાથી તો વધારે ઉપદેશ કરનાર બીજો કોઈ નથીના, નારાયણ નારાયણ નારાયણ (બીલ્વમંગળ પાસે જઇને) અરે માનવંતા માણુસ સાંભળ.

બીલ્વમંગળ—અય સાધુરામ તું વળી અહીં ક્યાંથી પેઠો, જા બીજે ભીખ માગી ખા. અહીં તારૂં કાંઇ નહીં વળે.

નારદ—ભાઇ હું તારી પાસે ભીખ માગવા નથી આવ્યો પણ તને બે બોલ ઉપદેશના કહેવા આવ્યો છું.

બીલ્વમંગળ—શું કહેવું છે? ચાલ જલ્દી બોલી દે અમારી ચતુરાઇમાં ચુક પડે છે.

નારદ—જો સાંભળ.

શ્રીકૃષ્ણ કૃષ્ણ જપી મુખ કમળે, ગીરીવરધરને નહીં નેહથી નિહાળ્યા;
રાધાવરનું રટી નામ નીરંતર, પ્રૌઢ ન ડુંગર પાપના બાળ્યા.
અવની પર આવી હરી ભજીને, બની ઉત્તમ પુત્ર સુકુળ ન તાર્યો;
ધીઃક્કાર પડયો નર મુરખને એ, માનવ દેહથી ઢોરજ સારાં.
(વળી)-**ઉત્તમ કુળે અવતાર લઇ, પ્રભુ ભક્તિમાં દીન ગાળીયે;**
બીલ્વ૦-બધી ભક્તિને ભગવાન સૌ, ચિન્તામણીમાં ભાળીયે.

છો જ્ઞાનીઓ બેભાનીઓ, વચને ચપળ લાગો મને;
તોફાનીઓ છાના રહો, શીદ જુઠી ગપ હાંકો તમે.
કહો કોણ કંચન કામીની, સ્નેહે નથી સપડાયલા;
છે દેવ દાનવ પંડીતો, મુનિ જ્ઞાની સૌ પકડાયલા.

૧ દાસી—એ સાધુજી,

વસુધા પર જન્મ ધરી નર જેહ,
નહીં કામ કુતુહલ રંગ રંગાયો;
૨ દાસી— ચંદ્રમુખી સંગ ચંદ્ર પ્રકાશમાં,
મોજ મજા નહીં ખુબ ઉડાયો.
૩ દાસી— મૃગનયની મીલાપનો પાઠ પઢયો નહીં,
અન્ય પઢયો તેણે ભાર ઉઠાયો;
બીલ્વમંગળ--ચિન્તામણી જેવી રતી ન મળી,
બધો માનુષી જન્મ વૃથાજ ગુમાયો.

વળી સાધુરામ તમે પણ રામકીયો રમાડવામાં કયાં બાકી રાખો છે. તમારૂં પોગળ હું જાણું છું.

લાંબાં તીલક તાણી માળાના થોકડા ઘાલો,
અંતરમાં બહુ મેલ બેરખા હાથે ઝાલો;
દઇ ઠાકરનું નામ દ્રવ્યથી ચમન ઉડાવો,
ચપટી દઇ પરસાદ ચેલીનાં ચિત્ત ચળાવો.
(વળી)-**છાના કરો વ્યભિચાર ને, ઉપર આડંબર ધરો;**
એવા ઠગ સાધુ બની, રોજ રખડતા બહુ ફરો.

નારદ—અરે વિષયાંધ, સાધુની નીંદા કરતાં તને શરમ નથી આવતી, અરે પણ હું ભુલું છું શરમ તે કયાંથી આવે. જેણેઃ—

લોક લાજ સહુ ત્યાગીને, નીતિ પર ધર્યું ન ચિત્ત;
પ્રભુ ભક્તિને પરહરી, ધરી વિષયમાં પ્રિત.
ધરી વિષયમાં પ્રિત, શ્વાનની તુલ્ય ભટકતો;
ઘર ઘર ખત્તા ખાય, જીવાની વ્યર્થ પટકતો;
(વળી)--**વૃદ્ધપણે વિમાસતો, વિષય નિચ વિકાર છે;**
એવા વેશ્યાગામીને, શતકોટી ધિક્કાર છે.

બીલ્વમંગળ—ચુપ.

ચિન્તામણી—એ સાધુરામ સાકરનો સ્વાદ ખાખરાની ખીલોડી **શું** જાણે, વેશ્યા તો ચોસઠ કળાનો ચોતરો છે. સાંભળઃ—

વેશ્યા વિમળ વિલાસ, જગતનું સાચું જીવન;
ચોસઠ કળા પ્રવીણ, પ્રેમનું તત્વ સજીવન.
અક્કલનો આગાર, પ્રવીણ રસ સાગર સરિતા;
ચતુર પુરૂષની ચીજ, મુરખ નહીં કીંમત ધરતા;
(વળી)-**વેશ્યા સદન છે સ્વર્ગનું, વેશ્યા આનંદનું વહાણ છે;**
ચતુર ઝવેરી પુરૂષની, વેશ્યા સુખની ખાણ છે.

બીલ્વમંગળ—શાબાશ ચિન્તામણી, આનંદનું વહાણ અને સુખની ખાણ **તો તુંજ છે. અયે સાધુરામ ગરબડ છોડી એકદમ ચાલ્યો જા.**

નારદ—અરે તને મૂર્ખ માણસને ઉપદેશ કરવો વૃથા છે કેમકેઃ—

વ્યંઢળને વીરતા વૃથા, વૃથા બધીરથી ગાન;
ભક્તિ વૃથા વ્યભીચારીને, વૃથા પાડાને પાન.

બીલ્વમંગળ—શું હું પાડો! મારો મારો એ સાધુડાને.

(નારદને કાઢી મુકે છે.)

ચિન્તામણી—એ સાધુરામે તો હદ કરી આપણુને બહુ પજવ્યાં.

બીલ્વમંગળ—આપણે પણ ક્યાં એ સાધુરામને જતો કર્યો છે, ઉપરથી બ્રહ્માજી આવે તોપણ આ બંદાને બોધ લાગે તેમ નથી. ચલાવ ચલાવ એક ગાયન જરા લટકેથી.

ચિન્તામણી— ગાયન.

મેં તો હારી મોહનસે, મેરો નાજુક બદન
રેન સારી જાગી જગાઇ પ્યારે—મેં તો.
છોટી ઉમરીયાંમેં તોબા ગુજરીયાં
લુટ લીયો જોબન બનાકે ગુલતાન—રેન
હાથ પકડ મેરા અંચરા પકરા, છોડો છેલ મુસકાય
છોડોજી મઇકા સતાવો ના રસીયા
પતલી કમર બલ ખાય ખાય જાય
લોગ હસેંગે દેખેંગે મોયકો
કૈસી ભઇ મોરી દઇયાં રામ રામ—રેન

પ્રવેશ ૪ થો.

સ્થળ—ગોલોક.

પાત્રો—શ્રી શ્યામસુંદીર ભગવાન, નારદ, ધર્મરાજા અને ગોપગોપીઓ.

ગોપ, ગોપીકાઓ— ગાયન.

રાધે બંસીકી ધુન સુનલે સુનલે રી ગોવાલન,
કુંજ ભુવનમેં શ્યામ બજાવત-ચંચલ ચપલ નયન

અતગંત મોશર-વિસ્તાર સરગમ સુરલે—રાધે.

કાલીંદ્રીત્રટ નીરત કરૈયાં, સબ ગોપી ગોપાલ સંગ એલે તાતા થૈયાં
પમપગરેગસા ધનીરેગગ, ધમ મૃદંગ ઉપંગ બેન ગજ
ચાલ ચલત ઠમ ઠમકે ઠણુણુણુ, આગડ ગીડગીડ ધુમ ગીડગીડગીડ
ગીડ તલાંકતો કીટ કીટ ધાની લે—રાધે.

નારદ તથા ધર્મ—જય જય દયાના સાગર દીનબંધુ દાસના દંડવત સ્વીકારશો.

શ્યામસુંદીર—અહો ! પધારો પધારો નારદજી, ધર્મરાજા, આટલા બધા આકુળ વ્યાકુળ ને ઉતાવળા કયાંથી આવો છો ?

નારદ—મહારાજ મૃત્યુલોકમાંથી.

શ્યામસુંદીર—કહો ત્યારે મૃત્યુલોકના કેવા સમાચાર છે ?

નારદ—ઘણાજ માઠા ને દુઃખદાયી છે તમામ લોકો અહંકાર આદી દુર્ગુણોથી નાસ્તિક થઇ ગયા છે, વેદશાસ્ત્ર પુરાણ સંતાઈ ગયાં છે, ભક્તિ ધર્મ ભુલાઇ ગયાં છે અને વરણાશ્રમના ભેદ ત્રુટી ગયા છે. ફક્ત દુરાચાર, વ્યભિચાર અને ભ્રષ્ટાચાર આદી કળીની કપટ જાળમાં જીવ માત્ર જકડાઇ ગયા છે.

શ્યામસુંદીર—હશે એ તો જેનું પ્રબળ તે તેની સત્તા જમાવે, આજ કાલ મૃત્યુલોકમાં કળીયુગ પ્રવર્તાય છે તેથીજ અલ્પ જીવો તેને આધીન થાય છે તેમાં શું નવાઈ. વળી કળી સ્વભાવે કપટી ને ક્રોધી દેખાય છે પણ તેનાથી મારા પવિત્ર ભકતો પરખાય છે.

નારદ--પણ પ્રભુ કોઇ તમારૂં ભજન ગાય ત્યારે પરખાય નાં, આ તો સર્વ મનુષ્યોના મનમાં ધર્મ ભક્તિ ધબાય નમઃ છે.

શ્યામસુંદીર--એમ હોય નહીં, પૃથ્વી નીરવિર્ય નથી કોઇને કોઇ ભક્ત સુર પોતાના હૃદયમાં દ્રઢ ભક્તિ ધારશે અને પોતે કળીની પ્રબળ જાળને તોડી, તરી અને અનેક જીવોને તારશે.

ધર્મરાજા—તો કૃપા કરી કોઈ પણ ભક્તનું ભવિષ્ય સંભળાવો કે જે સાંભળી અમોને શાંતિ થાય.

સ્યામસુંદીર—તમો બંને જણા જે સ્થળે ઉપદેશ કરવા ગયા હતા વળી

જેના હાથનો તમે માર ખાઈ તિરસ્કાર પામી નાશી આવ્યા છો તેજ બીલ્વમંગળ નારદમુનિ સમાન મારો પ્રતાપી ભક્ત થશે, જેને આખું જગત નીચું નમી વંદન કરશે.

નારદ—શું એ ગુણકાગામી બીલ્વ તમારો ભક્ત થશે? અને વળી મારા જેવો! મારી બરોબર?!

શ્યામસુંદીર—હા હા, તમારા જેવોજ તે મારો પરમ ભક્ત થશે. તેની ભક્તિ જોઇ તમારો ગર્વ ગળી જશે.

ધર્મરાજા—દયાનિધી દાસનો અવિનય ક્ષમા કરશો. પ્રભુ! એ બીલ્વમંગળ એવો તો અનાચારમાં ગુંથાએલો છે કે જેનું વર્ણન કરતાં મને ત્રાસ છુટે છે. વિરંચી જેવા સાક્ષાત બ્રહ્મા તેને બોધ દેવા આવે તોપણ તે સુધરે તેવો લાગતો નથી.

શ્યામસુંદીર—હા તે સત્ય છે, પણ વિષના સમુદ્રમાંથી અમૃત ઉત્પન્ન કરવાની શક્તિ મનેજ છે. કર્તુ, અકર્તુ અન્યથા કર્તુ એ સર્વ કરવા હું સમર્થ છું. ને તેજ બીલ્વમંગળ નીચમાંથી ઉંચ થશે અને મારો પરમ ભક્ત બનશે. નીચને ઉત્તમ બનાવવા હું શક્તિવાન છું. મારી કૃપા એજ સર્વથી શ્રેષ્ટ છે કેમ કેઃ—

શ્યામસુંદીર— **ગાયન.**

હું અષ્ટ પ્રહર અમૃત વરસાવું, સાત્વિક ભક્ત જણાય;
સાત્વિક ભક્ત જણાય પ્રેમ–ના મમ મુખથી વરણાય—હું અષ્ટ.
શુદ્ધ સ્નેહ દુધડે નવરાવું, અભીનવ વર વરદાય;
ભક્તશીરોમણી શિર સાટે, નવલી કૃતિ દરશાય—હું અષ્ટ.
ભક્ત સ્નેહે હું સત્વર પ્રગટું, અટકું ન વૈકુંઠ માંય;
ભુમી ભાર દુષ્ટોને હણવા, ધરૂં દેહ યુગ માંય—હું અષ્ટ.

પ્રવેશ ૫ મો.

સ્થળ—બીલ્વમંગળનું ઘર.

પાત્રો—પ્રભાવતી અને બીલ્વમંગળ.

બીલ્વ૦-કુદરતની કળી ખીલેલી એ, ચિન્તામણી ચંદ્રમુખવાળી
ઠરે છે નેત્ર આ મારાં, પદ્મણી એહ નિહાળી.

આજે ચિન્તામણીને પગાર કરવાનો છે પણ રોકડ રકમે તો આપણી પાસેથી રજા લીધી છે, ખીસા ખાલી બંદા કડક બંગાલી હવે તો બૈરીના દાગીના તરફ નજર જાય છે માટે ચાલ રોફ બતાવી કામ કાઢી લઉં.

પ્રભાવતી— ગાયન.

સતિ શિર મણી પતિની સેવ કરીને સુંદરી સોહાતી,
રમણી કાતી કુંદન થાતી (૨)
વિશ્વમાં ખ્યાતી ફેલાતી..........સતિ.
સકળ તિર્થનું ધામ છે સ્વામિ, ગંગા જમુના ચરણે વિરામી;
પતિ પ્રભુ ગુણ ગાતી...........રમણી.

બીલ્વ૦-નથી ઘર માંહી તો કોઇ હશે ગઇ ક્યાં નફ્ટ નારી;
ઝુંઝાશે વાટડી જોઇ ચકોરી પ્રાણથી પ્યારી.

ચિન્તામણી ચિન્તામણી.

પ્રભાવતી—મારા નાથ આવ્યા.

ચકોરી આ ઉભી સ્વામિ, ચતુર છો ચંદ્ર પીયુ મારા;
બીલ્વ૦-ચકોરી એ ખરી તું નહીં, લવારા બંધ કર તારા.
પ્રભા૦—અહો પ્રભુ એમ કાં બોલો, ચકોરી કોણ એ પ્રીય પ્રાણ;
બીલ્વ૦-કહું છું કોણ લે સમજી, ચિન્તામણીને ચકોરી જાણ.

પ્રભાવતી—પ્રાણજીવન આપ એ શું બોલો છો ?

બીલ્વમંગળ—ચુપ, લવારો બંધકર ને મજુસની ચાવી લાવ.

પ્રભાવતી—અત્યારે મધરાત્રે મજુસની ચાવીનું શું કામ છે? શું કાઢવું છે?

બીલ્વમંગળ—શું કાઢવું છે? હીરા મોતીના દાગીના કાઢવા છે. અત્યારે ને અત્યારે મારી પ્રાણથી અધિક વહાલી ચિન્તામણીને શ્રૃંગારવી છે માટે જલ્દી લાવ, ચલાવ.

પ્રભાવતી—આજે આપણા સગામાં જમણવાર હતો તેથી તે દાગીના તો મેં પહેર્યા છે અંદર નથી.

બીલ્વમંગળ—ત્યારે લાવ જલ્દી ઉતારી આપ, ચલાવ. ?

પ્રભાવતી—નાથ !

પ્રભાતે પ્રીતથી પળજો, દાગીના દઈશ ઉતારી;
અત્યારે નાથજી પોઢો, ગઇ છે રાત્રી તો સારી.

બીલ્વ૦-ચબાવલી બોલમાં ફાટી, મને તું શીખ દેનારી;
બંદાને પોઢવા માટે, તુટેલી ખાટ આ તારી.

અરે મારા વાસ્તે તો ચિન્તામણી પ્યારી કયારનીયે પલંગ બીછાવી વાટ જોતી હશે.

પ્રભાવતી—નાથ, નાથ.

કહેવાય સાકરીયાં બોર, સાકરની તુલ્ય ન આવે;
બગલા ધોળા હોય, હંસની ગતિ ન પાવે.
ગર્ધવ ઉચકે ભાર, તુરંગની તેજી ન લાવે;
ઘરની તરૂણી તુલ્ય, કદી નહીં વેશ્યા આવે.
(વળી)-**એક ચંદ્રની આગળે, લાખો તારા નામના;**
ઘરનો સારો ખાટલો, વેશ્યા પલંગ ન કામના.

તો એ વેશ્યાના રૂપમાં શું લોભાયા છો ?

બીલ્વમંગળ—અરે એના ચંદ્રવદન પર તો મોટા મોટા દેવતાઓ લોભાઇ જાય તેની તને શી ખબર પડે. ટાયલાં કરી તું મારૂં અપમાન કરે છે, લુચ્ચી ઉતાર દાગીના.

પ્રભાવતી—આપની આજ્ઞા પાળવા તૈયાર છું, પતિની આજ્ઞા એજ સતિનો

પંથ, ગમે તેવો કુડો કંથ પણ સતિનો એજ સાચો ભગવંત મારા નાથ લ્યો આ દાગીના, પણ પ્રભુ પર નારી તે નર્કની બારી એ ખાસ યાદ રાખજો.

લલના તણી લાલચ ધરી, જુઓ ઇંદ્ર પણ ખ્વારી થયો;
અહલ્યા તણા અભિલાષથી, ભગ સહસ્ત્ર એ અંગે સહ્યો.
રાવણ મુવો રવડી રણે, વાળી વીંધાયો બાણથી;
વળી ચંદ્રને ક્ષય લાગીયો, વ્યભિચારના નિચ લહાણથી.

બી૦-વ્યભિચાર નથી એ વિજય છે, તું સમજ મનમાં શંખણી;
સીતા હરી રાવણ મુવો, પણ વિજય કીર્ત્તિ છે ઘણી.
પ્રીતે પુજે સૌ ચંદ્રને, વળી ઇંદ્ર આઓ એ રહ્યો;
શ્રી વિષ્ણુએ વ્યભિચારનો છે, ધર્મ વૃંદાને કહ્યો.

તો એવા શાસ્ત્રના ગપને કોણ ગણે છે.

પ્રભાવતી— ગાયન.

પ્રાણજીવન તરછોડી ન જાઓ દારા
ન જાઓ ન જાઓ નિરદય ન થાઓ
પરણી પ્રેમદા પર પ્રીતિ ધરો
મન મોહન મારા..... .....પ્રાણજીવન.
સતિના સમાન પતિ નાયકા થનાર નથી
ફસાવે પ્રપંચી પ્રેમથી

બીલ્વમંગળ-ચિત્તમાં અપાર ચિન્તામણી પ્યાર
ગણુ ગુણાગાર શાણી સુખકાર

પ્રભાવતી—ન જાઓ પ્રિય મારા..........પ્રાણજીવન

(બીલ્વમંગળ પ્રભાવતીને તરછોડીને ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ચિન્તામણીનું ઘર.

પાત્રો—ચિન્તામણી, બીલ્વમંગળ.

ચિન્તામણી--નહીં આવ્યો હજુ પણ કાં રસીયો,
મુજ યોવન બાગ તણો પ્રિયમાળી;
દીન જાય નહીં સુખ થાય નહીં,
પ્રિય પ્રાણ વિના કો શકે દુઃખ ટાળી.

ગાયન.

ચન્દ્ર ચઢયો નભ ચતુર ન આવ્યા, ચમકી ચતુરા ચિત્ત ચીરાયે;
ચિત્ત ચીરાયે કંઇ કંઇ થાયે-- ચંદ્ર૦
આગ અનંગની અંગમાં પ્રગટી, ખાખ જીગર થયું મારૂં રે;
કોઇ મીલાવત મુજ મનમોહન, તન મન ધન હું વારૂં રે-ચંદ્ર૦

બીલ્વમંગળ—પ્રેમ ! પ્રેમ ! તારી સત્તા ન્યારી છે; તારી બલીહારી છે; તારે આધીન દેવ દાનવ અને નરનારી છે. મારી પ્રાણ પ્યારી ચિન્તામણી પણ અત્યારે મારા મીલાપ પ્રેમના વિચાર આંદોલનમાં ચકીત જણાય છે. વાહ ! વાહ ! શું સુંદરતા છે ?

ચિન્તામણી---આવો આવો મારા લાલા લહેરી રંગીલા રસીલાજી

રસીયા વસીયા મમ અંતરમાં, છબીલાને છંદે ચડી હું ચડી;
પ્યારા કહું કે મમ પ્રીતમજી, બસ પ્રેમની ગાંઠ પડી તે પડી.

બીલ્વમંગળ—પ્રીયા ચિન્તામણી તું પણ બ્રહ્માની કારીગરીનો એક નૌતમ નમુનો છે. હું તારા જોબન બાગમાં ફરવા આવ્યો છું.

ચિન્તા-આવો આવો અંતર ઠારૂં, હૈયાના હાર તમે મારા;
હું જોઇ રહીશું વાટલડી, પ્યારા મમ ચક્ષુ તણા તારા.
બી૦—આવી ઉભો અલબેલી પ્રીયા, છો છેલછબીલી મતવાલી;
લલના રમણી રસ રંગભરી, જગમાં નહીં જોડ પ્રીયા તારી.

હીરા મોતીનો હાર પ્રીયા, ઉમંગથી પહેરો અલબેલી;
તન મન ધન તુજને અરપ્યું છે, રંગીલી પ્યારી રસઘેલી.

ચિન્તામણી—અરે પ્રેમના પનોતા, આ હીરા મોતીનો હાર કયાંથી લાવ્યા ?

બીલ્વમંગળ—પ્રેમની પાઠશાળા, મારે પોતાને ઘેરથી લાવ્યોછું તારે માટે બસ.

ચિન્તામણી—અરે ચતુર તમે ચુકયા, શું તમારે ઘેર આવા હાર પેહેરનારી નથી કે મારા સારૂ લાવ્યા ? મારા પર તમારા ઘરની નારી નીસાસો નાંખશે.

બીલ્વમંગળ--નીસાસો નાખશે પરમેશ્વર ઉપર કે તેને ચંદ્રવદની મૃગલોચની કેમ ન બનાવી. અરે કંગાલ જાણે મોટું હાંડલુ, આ હાર તો તારા જેવી ઉરવશીનેજ શોભે.

ચિન્તામણી—કેમ તમારી સ્ત્રી રૂપાળી નથી ?

બીલ્વમંગળ--નારે ના, ભગવાન એવો અવળો છે કે:--

નારી સુંદર હોય જ્યાં, ત્યાં મુરખ ભરથાર;
રંગીલા નરને મળે, નારી તુચ્છ ગમાર.

ચિન્તામણી ! મને તો તું મળી ગઇ તે ઠીક થયું બાકી તો એ બાયડીથી કંટાળી ને બાવો થઈ જાત બાવો. અહાલેક અહાલેક કરતો નીકળી જાત.

ચિન્તામણી—અરે નારે ના, તમે બાવા ના થશો, જો તમે બાવા થશો તો મારે તમારી પાછળ બાવી થવું પડશે. વહાલા આવો તમે તો બ્રાહ્મણીયા દેવ છો, હવે આ તમારી ગુણકા વહાલીને ગોરાણી જેવીજ ગણજો.

બીલ્વમંગળ--સર્વ દેવમાં બ્રાહ્મણીયા દેવ ઉત્તમ છે. તે કામદેવના કાકા થાય અને ગોરાણીમાં પણ ઉંચી ગુણકા ગોરાણી કહેવાય.

ચિન્તામણી--અરે વાહરે મારા મધુકર.

બીલ્વમંગળ--મધુકરના માનની ખાતર ઉડાવ બસ ગાયન.

ચિન્તામણી— ગાયન.

સૈયાં હું છું ગુલાબી ફુલ પ્રિતમ રંગ કેશરીયાં,
મારૂં જોબન ગુલાબી ફુલ પ્રિતમ રંગ કેશરીયાં—સૈયાં.
પાન ગંગેરી જસોદા બીડીયાં, ચાવે ગુલાબી ફુલ;
ચલાવે રંગ કેશરીયાં— સૈયાં.
ચુન ચુન કલીયાં સેજ બીછાઇ, સોવે ગુલાબી ફુલ;
ઉડાવે રંગ કેશરીયાં— સૈયાં.

પ્રવેશ ૭ મો.

સ્થળ—રસ્તો.

પાત્રો—પોપટલાલ, અક્કલશંકર, ચંદ્રસિંહ, સુમતીચંદ્ર અને પાછળથી ચિન્તામણી.

પોપટલાલ—(પ્રવેશ કરીને)

નૌતમ નામ નીહાળીયું, ખુબ કરીને ખ્યાલ;
પ્રપંચનું આ પુતળું, પક્કા પોપટલાલ.

હું મસાણીયા મુળુ ખવાસનો દીકરો મંદમતી મારે ઘરમાં નહોતી ઘંટી ને ખાવા નહોતી બંટી, મા માળીને લઈ ગઇ અને બાપની દશા બુરી થઇ પછી જ્યારથી મનમાં નિશ્ચય થયો કે આ દોરંગી દુનીયામાં ડોળ વિના ફાવશું નહીં અને સારી સ્થીતિમાં આવશું નહીં ત્યારથી બંદા દમામથી કામ કરે છે ને દીવાનની જગ્યોએ ફાંકડા થઇ ફરે છે એટલા માટે મેં મારૂં મંદમતી નામ બદલાવી પક્કા પોપટલાલ રાખ્યું છે, અરે ઓ અકલ.

અક્કલશંકર—જી હાજર, એ અકલ.

પોપટલાલ--હેને ચોખ્ખો ભેંસનો ભાઇ, અલ્યા ગાંડીયા તારે બોલવામાં બહુ ધ્યાન રાખવું; કેમકે હવે તું દીવાન સાહેબનો નોકર થયો છે તે જાણે છેને,

અક્કલશંકર—હાજી, બંદા બરાબર જાણે છે કે પક્કા પોપટલાલ ખાટલા ગોદડાં વીના માણે છે ને હું કેમ નથી માણતો ?

પોપટલાલ—અરે મારા કહેવા પ્રમાણે ચાલશે તો તું પણ મજા માણશે. જો અહીં આવ હું તને કહું એટલું તારે બોલવું (કાનમાં વાત કરે છે) કેમ સમજી ગયો ?

અક્કલશંકર—હા સમજ્યો, ન ભુલું, પછી કેમ ?

પોપટલાલ—ઠીક ત્યારે બોલ જોઇએ ?

અક્કલ—નૌતમ નામ નીહાળીયું, ખુબ કરીને ખ્યાલ;
પ્રપંચનું આ પુતળું, પક્કા પોપટલાલ.

પોપટલાલ—બસ એજ નામ જાહેરમાં લાવવાની જરૂર છે, કેમકે શહેરના તમામ માણસો મને પક્કા પોપટલાલ કહી બોલાવે છે પણ પેલો સુમતીચંદ્ર એ નામથી બોલાવતો નથી; ફીકર નહીં હું તેને જોઇ લઇશ. જો સામેથી મહારાજા પધારે છે, હવે ચુપ રહેજે. ખમા બાપુને પધારો મહારાજા.

ચંદ્રસિંહ—દીવાનજી, તમે તમારા નામમાં સુધારો કર્યો તેવોજ રાજમાં સુધારો થવો જોઇએ કેમકે મેં તમોને એજ કારણથી રાજમાં દીવાનની જગ્યાએ દાખલ કર્યા છે, વળી એક બીજા કાર્યમાં તમારી સલાહ લેવાની છે.

પોપટલાલ—દાસ તૈયાર છે, હુકમ થાય એટલીજ વાર છે.

ચંદ્રસિંહ—આપણા શહેરની બહાર એક સોમગીરી નામના મહાત્મા પધાર્યા છે ને તેને વિશ્નુયાગ કરવાનો છે આવા ખબર મને સુમતીચંદ્ર તરફથી મળ્યા છે તો એવા ધર્મના કાર્યમાં આપણે તેને રાજ તરફથી શું મદદ આપશું ?

પોપટલાલ--શું આપશું શું ? કાંઇજ નહીં. એવા જોગટા હજારો યજ્ઞ કરવા મંડી પડે તેમાં આપણું શું વળે ? રાજાએ દરેકનું કહેવું કાન પર ધરવું પણ રાજની તીજોરીમાંથી ખરચ કેટલું કરવું તેને માટે તો બરાબર વીચાર કરીને પગલું ભરવું કે પાછળથી પસ્તાવું ન પડે;

વળી સુમતીચંદ્ર જે જોગીમાં ભરમાયા છે તે જોગી નથી પણ ભોગી છે એમ હું ખાત્રીથી કહુંછું.

સુમતીચંદ્ર—દીવાનજી, હું ખોટી રીતે ભરમાઉં તેવો નથી. એ સંત પુરૂષનું તમે જેટલું બુરૂં બોલોછો તેટલો તમારા માથે પાપનો બોજો વોરો છો એ નક્કી માનજો.

પોપટલાલ--પણ એ મહાત્માનું ભોપાળું હું તમને ખુલ્લું કરી બતાવું તો પછી પાપ શેનું લાગશે ?

ચંદ્રસિંહ—એમ છે ત્યારે શાન્ત થાઓ. બંનેની શંકાનું હુંજ સમાધાન કરૂંછું. જુઓ કસોટી કરતાં એ મહાત્મા જો સાચા સંત જણાય તો સુમતીચંદ્રના કહેવા પ્રમાણે બેશક દીવાનજી ગુન્હેગાર ગણાય નહીં તો સુમતીચંદ્ર શીક્ષા સહન કરે કેમ એ સરત કબુલ છે ?

સુમતીચંદ્ર તથા પોપટલાલ—જી હા, એ સરત અમારે કબુલ છે.

ચંદ્રસિંહ—સારૂં, ત્યારે હું જાઉંછું એ વાતની તમો તજવીજ કરજો ને પાછા મને તાકીદે મળજો. (જાય છે)

પોપટલાલ--ખમા બાપુને, પધારો મહારાજા.

સુમતીચંદ્ર--(સ્વગત) બચ્ચા તું પણ આખી દુનીયાને ડોળેથી દબાવી ખાય છે પણ યાદ રાખજે કે આખર શા હાલ થાય છે ?

(જાય છે.)

પોપટલાલ--અરે વાહરે ફાંકડા, મુછોના આંકડા અધર રાખવા યુકતી ઘણી સારી શોધી. ચાલ હવે પેલી ચિન્તામણી નાયકાને બોલાવું ને તેનોજ મારફત એ મહાત્માનું ભોપાળું ખોલાવું. અરે ઓ અક્કલ ?

અક્કલશંકર--હાજર સાહેબ, બે અક્કલ.

પોપટલાલ—જા પેલી ચિન્તામણી નાયકાને બોલાવી લાવ.

અક્કલશંકર—બોલાવી લાવું બે વાર, મારા દીવાન સાહેબ સરકાર.

પોપટલાલ—વાહરે, પક્કા પોપટલાલ તું તો ખરેખરો મરદ છે "પ્રપંચપોથી સારી ભણ્યો, ભલે તારી માએ તને જણ્યો" કેમ અલ્યા આવ્યો કે ?

અક્કલશંકર—હા હું આવ્યો અને તમારી ચિન્તામણીબાને તેડી લાવ્યો.

ચિન્તામણી—સલામ, પક્કા પોપટલાલજી સલામ.

પોપટલાલ--આવો આવો આજે તમારૂંજ છે કામ.

ચિન્તામણી—ફરમાવો મેહેરબાન દાસી હાજર છે, કહો તે સેવા ઉઠાવવા તૈયાર છે ?

પોપટલાલ—વાહ ધન્ય છે તમારી પ્રેમ ભરી લાગણીને, જુઓ સોમગીરી નામનો સાધુ રાધાવાવ પાસે રહે છે ને મોટા મહાત્માને ડોળે ફરે છે માટે ગમે તેમ કરી તેને તમારી મોહ જાળમાં ફસાવી દીઓ. પછી મન ગમતી મોજ માગી લીઓ એક તો તમારી તારીફ થશે ને પૈસે ટકેથી ભૂખ ભાગી જશે.

ચિન્તામણી--અરે સરકાર દાસીને નથી પૈસા પર પ્યાર માત્ર આપના સ્નેહનીજ છે દરકાર.

પોપટલાલ—વાહ શું તમારો પ્યાર ! પણ એમ લુખી વાતો કરી તમારૂં મન ન મનાવાય, માટે લ્યો આ હાર ને કામ કરીઆવો, પછી ફરી દઉં બેડો પાર.

ચિન્તામણી—ઘણીજ ખુશીથી મારા ડોળીલા દીવાન, ગાન તાન તો શું પણ મારો જાન આપવા તૈયાર છું.

ગાયન.

જાઉં આજ જાઉં જોગીને ડોલાવું, પાઉં રસ પ્રેમ પ્યાલો જોગીને
નયનોથી નચાવું મારા ફંદે ફસાવું--જોગીને૦
જોગીના ભોગી બનાવું રમાડું, જાઉં જરૂર લાલા લેરી બનાવું
મદ ભરી ચાલે જોગી લલચાવું--જાઉં૦

(બન્ને જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—સોમગીરી મહાત્માનો આશ્રમ.

પાત્રો—સોમગીરી, ચિન્તામણી, પાછળથી ચંદ્રસિંહ તથા સુમતીચંદ્ર.

સોમગીરી--

હરી તારી માયા ઘડીમાં હસાવે, ઘડીમાં ફસાવે ઘડીમાં નચાવે;
મરે મારી ફાંફાં નહી જાય ફાવી, ભજાવે ભલા વેષ તું નિત્ય ભાવી.

ચિન્તામણી—(સોમગીરીને એકલા જોઇને) વાહ વાહ સમય ઠીક છે, સાથે એકાંત પણ છે; માટે ચાલ મારા સન્યાસી શામળીયાનો મેળાપ કરૂં. જય જય ગુરૂજી મહારાજ આપનો જય.

સોમગીરી--શ્રીકૃષ્ણચંદ્રનો જય, રાધે શ્યામનો જય, બાઇ તું કોણ છે?

ચિન્તામણી--મહારાજ હું એક દીન અબળા છું.

સોમગીરી--રાત્રીને સમયે સ્ત્રી જાતીએ એકલું કયાંય પણ નહીં જવું જોઇએ.

ચિન્તામણી--મહારાજ, હું હૃદયની બળતી, ચિન્તાની ચીતામાં પ્રજળતી આપના શરણમાં આવી છું.

સોમગીરી—તું કોઇ દુ;ખી સ્ત્રી જણાય છે, તારૂં દુઃખ મને જણાવ. હું તને વચન આપું છું કે કોઇ પણ ઉપાયે તારૂં દુઃખ દુર કરી તને સુખી કરીશ.

ચિન્તામણી—(સ્વગત) વાહ વાહ સપડાયા ને કાંઇક પલળ્યા. (પ્રકાશ) મહારાજ હું બહુજ દુઃખી છું. મારે માતા પીતા કોઈ નથી; હું કુંવારી છું. મારી યુવાવસ્થાનું કોઇ રક્ષણ કરે તેમ નથી માટે જ્ઞાની પતિને શોધી તેની સેવા કરવા ઇચ્છા રાખું છું.

સોમગીરી--બાઇ જ્ઞાની તો માયાની જાળમાં ફસાયજ નહીં. માયા આત્માને ઘેરી લે છે શરીરમાં રહેલા ષડ રીપુઓને પ્રબળ કરે છે, અસત્યને સત્ય દેખાડે છે, મારૂં, તારૂં, માન, અપમાન એ સંસારના સકટ પર

ચડાવી અંતે નર્કમાં નાખે છે માટે માતાજી આ જોગીનો આશ્રમ છોડી નગરમાં જા અને કોઇ વૈભવવાળા પતિની શોધ કરી તારૂં લગ્ન કરી નાખ.

ચિન્તામણી—(સ્વગત) આ સાધુજી કાંઈ સહેજમાં માને તેમ લાગતું નથી માટે તેમણે આપેલા વચન પ્રમાણે બાંધી મારી ઇચ્છાને તાબે કરૂં. (પ્રકાશ) મહારાજ કોઇને ગોળ રૂચે ને કોઇને સાકર રૂચે તેમ મને તો ગૃહસ્થાશ્રમજ સારો લાગે છે માટેજ તમે આપેલા વચન પ્રમાણે મારો સ્વીકાર કરી વચન પાળો.

સોમગીરી--અરે મદાંધ રાક્ષસી, શું તું તારા તોરમાં ત્રણે લોકને તૃણવત ગણે છે ? સંત સમીપે કેમ વર્તવું તેની તને ખબર નથી. હા ખબર કયાંથી હોય હુંજ મુર્ખ કે તને પ્રથમ વચન આપી બેઠો.

(રાજા વીગેરે બાજુ આવી ઉભા રહે છે.)

ચિન્તામણી--(સ્વગત) છોને તપી જાય પણ એકજ વચનમાં જોગીરાજને ઠંડા કરી નાખીશ. મહારાજ સંત પુરૂષનું સ્વરૂપ ક્ષમા છે તેનો વિચાર કરી આપેલું વચન પાળો નહીંતો આ કટારથી મારા પ્રાણ અલગા કરો.

સોમગીરી—અવિચારી અબળા, ક્ષમા રાખીનેજ તને શ્રાપ આપતો નથી, ધર્મ નીતિથી હું કદાપી ભ્રષ્ટ થનાર નથી, મારા આપેલા વચન પ્રમાણે જમણો હાથ તારા તરફ ધરી ડાબા હાથે આ ખંજરથી મારા પ્રાણ અળગા કરીશ પણ તારી પાપી ઇચ્છાને કદી આધીન થઇશ નહીં. જય જય વિશ્વંભરા આ ધર્મ સંકટમાંથી મને મુકત કરો. (કટાર મારવા જતાં રાજા હાથ પકડી લે છે અને ચિન્તામણી પર વિજળી પડતાં મરી જાય છે.

ચંદ્રસિંહ--ધન્ય છે ! ધન્ય છે ! મહાત્મા સોમગીરી તમને લાખોવાર ધન્ય છે !

સોમગીરી—તમો કોણ છો ?

ચંદ્રસિંહ—મહાત્મા શાન્ત થાઓ, હું આ નગ્રનો ચંદ્રસિંહ નામે રાજા છું, આ ચિન્તામણી નાયકા આપને ફસાવવા આવી છે એવી ખાનગી ખબર નોકર મારફતથી જાણી ગુપ્ત વેશે પ્રથમથીજ હાજર છું. ધન્ય છે આપની ધૈર્યતાને અહા ! આવા પ્રતાપી મહાત્માને વ્યભિચારી

ઠરાવવા એ નીચે કેવો પ્રપંચ કર્યો છે માટે સુમતીચંદ્ર એ પાપી પકાપોપટલાલનાં ઘરબાર લુંટી લઇ તેને દેશનીકાલ કરો.

સુમતીચંદ્ર—જેવી આજ્ઞા.

સોમગીરી—શું આ સ્ત્રી ગુણીકા છે? એ અહીં કેમ આવવા પામી? કાંઇ આમાં ભેદ હોવો જોઇએ.

ચંદ્રસિંહ—હા, મહારાજ બે પુરૂષોની તકરારમાં આપની કસોટી કરવા આ ગુણીકા આવી હતી.

સોમગીરી—અહો! ત્યારે રાજા, આ ગુણીકા દોષીત નથી. કારણ કે લાલચથી કોઈએ એને અહીં મોકલી તેથી તેનું કામ સમજી આવી માટે તે ગુનેહગાર નથી. જય જય કૃપાસાગર, નટવરનાગર, દીનદયાળ દામોદર વીઠલ વનમાળી આપના નામ માત્રને પ્રભાવે આ બાઈ સજીવન થઈ ઉત્તમ જ્ઞાનવાન થજો. જય જય શ્રીસ્યામસુંદીર પરમાત્મા આપનો જય. (પાણી છાંટતાં ચિન્તામણી સજીવન થાય છે ને સોમગીરીને પગે પડે છે.)

ચિન્તામણી—ગુરૂદેવ ગુરૂદેવ, હું આપની મહાન અપરાધી છું. આપની પ્રભુતા જાણ્યા શીવાય મેં પાપીણીએ આ પગલું ભર્યું છે તેનો મને બહુ પશ્ચાતાપ થાય છે. મારા પુર્વજન્મના પ્રભાવેજ આપના અલભ્ય દર્શનનો લાભ થયો છે; હવે જ્યારે આપ મારાપર કૃપાવંત થયા છો ત્યારે પુર્ણ કૃપા કરો અને મને આપની શીષ્યા કરી પાપના તાપ હરો, ગુરૂજી કરૂણા કરો.

સોમગીરી—બેટા ચિન્તામણી, પ્રભુભકિતમાં દીન ગાળજે, અષ્ટાંગે ધર્મ નીતિ પાળજે, જ્ઞાન ગંગામાં સ્નાન કરી શુદ્ધ થઇ મારા પાસેથી મંત્ર ઉપદેશ શ્રવણ કરજે.

ચિન્તામણી—ધન્ય ધન્ય ગુરૂદેવ, હું આપની કૃપાથી આજે નવો જન્મ પામી.

ગાયન.

હું જ્ઞાન પ્રભાતે જાગી, લગની હરીવરથી લાગી;
તૃષ્ણા સૌ મનની ત્યાગી, ભવની બધી ભાવટ ભાગી.
ગુરૂ જ્ઞાન આનંદની પ્રેમ વીણા વાગી,કૃષ્ણના ભજન કેરી લગની લાગી
હૃદય મંદીરમાં અખંડ પ્રેમ જોત જાગી-ભવની.
સ્વાર્થી સંસાર બધો દીધો મેં તો ત્યાગી, સાચા સ્વામી
શામળાથી પ્રીતિ અનુરાગી—
લાગી લાગી પ્રીતિ પ્રભુ પર લાગી—ભવની.

પ્રવેશ ૯ મો.

સ્થળ—બીલ્વમંગળનું ઘર.

પાત્રો—બીલ્વમંગળ, પ્રભાવતી, વિજયા, ડાસો ડાસી, પાછળથી
ચંદ્રસિંહ અને સરદાર.

બીલ્વમંગળ-ગુલાબમાં કંટક ધર્યા, કરી કસ્તુરી કાળી;
બ્રહ્મા કેરી ભૂલથી, મળી મુર્ખ આ નારી.

પ્રભાવતી—નાથ, આપ આમ શા વિચારમાં ગુંથાયા છો ? હવે સુઈ જાઓ રાત્રી ઘણી ગઇ છે, ઉજાગરાથી આપનું શરીર બગડશે.

બીલ્વમંગળ—ચલાવ દુર જા. જ્યારે હોય ત્યારે ટાયલાં કરવાને તૈયાર, એક સ્વામીનાથ શબ્દ આવડે છે તે વારે વારે સ્વામીનાથ સ્વામીનાથ બકયા કરે છે. નહીં વાણીમાં મીઠાશ, નહીં લટકો, નહીં ચટકો, છટ.

પ્રભાવતી—લટકો, ચટકો, એ નીચ સ્ત્રીઓનાં ભૂષણ છે, સાચી સતિયો નીતિના શણગારથી દેહને શોભાવે છે, સતિઓના સાચો શણગાર શું છે તે સાંભળોઃ—

ગાયન.

સાચો સુંદરીનો શ્રષ્ટમાં શ્રંગાર આધાર,
અંતરનો એક જીવનહાર છે.
સતિ સ્વામીને સ્નેહથી વધાવે,
ભોજન ભાવનાં ઉમંગે ધરાવે;
મન મોતીની માળા પહેરાવે ધરી પ્યાર,
અંતરનો એક જીવનહાર છે.
આધી વ્યાધી અંતર નવ આણે,
સુખ સાહ્યબીને નાશવંત જાણે;
કથા કંથની કરીને સુખ માણે શોધી સાર,
અંતરનો એક જીવનહાર છે.

બીલ્વમંગળ—તું ગમે તેટલો સતિનો ડોળ ધરે પણ જેમ શરદ પુર્ણિમાનો સોળે કળાથી ખીલેલો ચંદ્ર ઉત્તમ છે તેમ મને તો મદનની રતિ અને વસંતની કૃતિ ચિન્તામણી ઉત્તમ લાગે છે અને તેને મળવા માટેજ આ બીલ્વમંગળનું જીગર અત્યારે જાગે છે.

પ્રભાવતી—કયાં જાઓ છો નાથ અત્યારે અંધારી રાત્રે ?

બીલ્વમંગળ—ચિન્તામણીને ત્યાં.

પ્રભાવતી—નાથ, આજે ન જવાય. આજે પીતાની શ્રાધ પરવણીનો દિવસ છે તો પિતૃઓને પુન્યદાનથી સંતોષવા જોઇએ તેને બદલે એ કુલટાને ત્યાં જવાય ?

બીલ્વમંગળ—અરે જો આજે પ્યારી ચિન્તામણીને ત્યાં ન જવાય તો પિતૃઓ અવગતીયા થાય, નર્કે જાય, સમજી.

પ્રભાવતી—હં, હં, નાથ હદ થઇ, મનુષ્યો પુત્ર પ્રાપ્તીને માટે ડુંગરા એટલા દેવ કરી અપાર સંકટ વેઠી મળમુત્ર સાફ કરી ઉછેરી મોટા કરે છે તે એટલા માટે કે જીવતાં માત પીતાની સેવા કરે અને મરણ પછી ધર્મક્રિયા કરી સદ્દગતી અપાવે.

બીલ્વમંગળ—કોણે કહ્યું હતું કે એવાં કષ્ટ વેઠીને ઉછેરજો ? એતો સૌ સૌની ફરજ અદા કરે છે, તેમાં કયાં કોઇ ઉપર ઉપકાર કરે છે ?

પ્રભાવતી—અરે માતા પીતા તો સંસારમાં પ્રત્યક્ષ પરમેશ્વર છે તો તેમને સંતોષ આપવો એ આપણી ફરજ છે. માત પીતાની સેવા એજ સુખના મેવા છે. પીતુ ભક્તિ એજ સાચી મુક્તિ છે.

બીલ્વમંગળ—એવી ભક્તિ મુક્તિ આપણે કાંઇ જાણતા નથી, તું જાણતી હો તો જા તેમની વાંસે સ્વર્ગમાં સેવા કરવા.

પ્રભાવતી—આપનું વચન સત્ય થશે, પ્રભુ ઇચ્છા હશે તો થોડાજ સમયમાં આપના વચન પ્રમાણે માત પીતાની સેવામાં હાજર થઇશ.

બીલ્વમંગળ—તો તો પાપ પતે, તું મરી જા એટલે મારો તો સંસાર સુધરી જાય. પણ–

જવાનો જલ્દીથી હું ત્યાં, પ્રીયે ચિન્તામણી પાસે;
દીવાનો હું બન્યો છું હા, જીવું ચિન્તામણી આશે.
બન્યો હું પ્રેમનો બંદો, એ છે મુજ પ્રેમની દેવી;
સુજે ના કામ કે ધંધો, ચહું મુક્તિ સદા સેવી.

પ્રભાવતી—પણ નાથ ! રાત અંધારી છે, નદીનું પુર છે, કાંઇ વીચાર કરશો કે બસ ચાલ્યાજ જશો ?

બીલ્વમંગળ—વીચાર તો નક્કી કર્યો છે કે સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં જ્યાં ચિન્તામણી હોય ત્યાં જઇને તેને મળવું.

પ્રભાવતી—

થશો ના નાથજી ન્યારા, કહ્યું માનો પ્રભુ મારૂં;
પુજું પ્રીતે ચરણ પ્યારા, કહ્યું માનો પ્રભુ મારૂં.
વૃથા આ જાય જન્મારો, કરો કરૂણા અહો દેવા;
સતિનો ધર્મ છે સાચો, પતિ સેવા પતિ સેવા.

બીલ્વમંગળ--હવે ઢોંગ જવાદે, નહીં તો મરી જવાની. (લાત મારી ચાલતો થાય છે.)

પ્રભાવતી—નાથ નાથ, ઓ પ્રભુ. (લાત લાગવાથી મરણ પામે છે.)

વિજયા તથા ડોસો ડોસી—(અંદર આવીને) કેમ શું છે શું છે ?

ડોસી—વિજયા, જો તો ખરી, પેલો ઉખડેલ ઘરમાં છે કે નથી ?

વિજયા--ઘરમાં કોઇ નથી, અને આ પ્રભાવતી તો મરી ગઇ છે.

ડોસી—હાય, હાય, એ મુવે મારી નાખી હશે. અરરર કસાઈવાડેથી ગાય છુટી, રામ રામ. બીચારીનો મુવે છુટકો થયો, બોલાવો સૌ પાડોસીને.

ચંદ્રસિંહ—(ગુપ્તવેશે) આજ મકાનમાં કોલાહલ થતો લાગે છે, તપાસ કરો કે શું છે?

સીપાઇ—અરે ભાઈ, તમને મહારાજા ચંદ્રસિંહ પુછે છે કે આ શું ધાંધલ છે?

ડોસો—અરે આતો મહારાજા! મહારાજા આ સ્ત્રી એકાએક મરી ગઈ છે, તેની ખબર સાંભળી હમણાંજ અમો ઘરમાંથી આવ્યાં છીએ.

ચંદ્રસિંહ—તે કોની સ્ત્રી છે ને શી રીતે મરી ગઇ છે?

ડોસી—પેલા વંઠેલ બીલ્વમંગળની ભલી સ્ત્રી, મુવો રોજ માર માર કરતો હતો તે આજ મારી નાખીને ગયો પેલી રાંડ ચિન્તામણીને ઘેર.

ચંદ્રસિંહ—જુલમ જુલમ હું આ શું સાંભળું છું? બીલ્વમંગળ જે ઉત્તમ બ્રાહ્મણનો દીકરો તે આવો અધમ નિચ કુટીલ વેશ્યાગામી નીકળ્યો!?

ગુણિકા તણા છંદે ચડી, વ્યભિચારીએ કાળું કર્યું;
નિર્દોષ મારી નારીને, પગલુંજ પાપ તણું ભર્યું.
મુજ રાજ્યમાં કર્યું ખુન હા, જુલમ હવે ખુબ થાય છે;
એ પાપીને પકડું પલકમાં, જોઊં છું કયાં જાય છે.

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—પોપટલાલનું ઘર.

પાત્રો—ફુલી, અક્કલશંકર, પોપટલાલ પાછળથી સુમતિચંદ્ર.

ફુલી—આ મુવા ગાંડીયા નોકરને ઘરમાં ઘાલી ઘરનો ઘાટ બગાડયો. (અક્કલશંકરને) કાં અક્કલના બારદાન, હજી કયારે આવશે તારા સાહેબ દીવાન?

અક્કલશંકર--તે હું શું જાણું? હું કાંઇ સાહેબને પરણ્યો નથી સમજ્યાં બા કાફી.

ફુલી—પીટયો બોલે છે એવું કે પરાણે હસવું આવે, અલ્યા નવ ગાંડીયા તું મને બા કાકી કેવી રીતે કહે છે?

અક્કલશંકર—કેવી રીતે શું? જુઓ તમે દીવાન સાહેબ અને પક્કાપોપટલાલ કાકાનાં વહુ ખરાં કે નહીં?

ફુલી—હા ખરી, બોલ પછી.

અક્કલશંકર—પછી કાંઇ નહીં, તમારે બે ભાયડા.

ફુલી—ઠીક છે રોયા, યાદ રાખજે આજને આજ તને ઘરની બહાર કઢાવું, ત્યારેજ હું ખરી ફુલી.

અક્કલશંકર—હું હું ફુલીની ખરશે ધુલી, કાં તો કંઇ નામ પાડતાં ભૂલી એમાં હું શું કરૂં.

પો૦—(સ્વગત)-**નૌતમ નામ નિહાળીયું, ખુબ કરીને ખ્યાલ;**
પ્રપંચનું આ પુતળું, પક્કા પોપટલાલ.

બસ ડોળે દામ, ડોળે કામ ને ડોળથી સર્વ ભરે સલામ, હવે ફુલીને ખુબ ફુલાવશું ને મન ગમતી મોજ ઉડાવશું. (પ્રકાશ) કાં મારી ફુલી શું ગયાં ભૂલી કે આજે શોકમાં ઉભાં હુલી.

ફુલી—પધારો વહાલા, શોકમાં તો કાંઈ નથી હુલી પણ આ ગાંડીયાની ચિન્તામાં ભાન ભૂલી, પીટયો આખો દીવસ પોતાનુંજ ગાયું ગાય છે ને મારાં કાળજાં ખાય છે, હું તો હવે એનાથી બહુજ કંટાળી ગઈ છું.

પોપટલાલ—અરે ગાંડી હવે દીવાન સાહેબનાં વહુ થયાં ને કંટાળવું શું? માટે એ મુરખાને સમજાવી કામ લેતા જાઓ ને જરા ડોળ દમામ રાખતાં જાઓ સમજયાં?

ફુલી—એ બધુંય હું સમજી પણ ઘરમાં નોકર ખોટો ને ડોળ રાખવો મોટો એ બૈરાં માણુસથી શી રીતે બને? પીટયો આજ મને કહે કે તમારે બે ભાયડા. માટે હવે તો એ નહીં કાં હું નહીં.

પોપટલાલ-એટલુ બધું? તો હમણાંજ તેને રજા આપું છું. અલ્યા ગાંડીયા અહીં આવ તું તારી શેઠાણીને બહુજ સતાવે છે કેમ? જા ઘરમાંથી ઇસ્કોત્રો લાવ?

અક્કલશંકર—જી, લાવું છું.

ફુલી--પીટયો તમારી પાસે તો સીધો દોર જેવો ચાલે છે.

પોપટલાલ--કેમ ન ચાલે આ એનું નામજ રોફ.

અક્કલશંકર—(છાણાનો કોથળો લાવીને) લ્યો તમારો છાણાનો કોથળો.

ફુલી—કાં જોયું, છે કામનો ધડો ?

પોપટલાલ—હવે એનો ધડો લાડવો પુરો થયો છે, અલ્યા ગાંડીયા આ શું લાવ્યો ?

અક્કલશંકર—આ લાવ્યો છાણાનો કોથળો, હવે રસ્તો થયો મોકળો, પછી ગમે ત્યાં હડીયું કાઢો.

પોપટલાલ—અરે અક્કલના ઇસ્કોત્રા, ગીતાને બદલે ઘેરું લાવ્યો ? ચાલ નીકળી જા ઘરમાંથી બહાર નહીં તો ખાશે માર.

અક્કલશંકર—ના મને મારશો નહીં મારા મેહેરબાન, મારા સાસરા દીવાન છે, મોટા પૈસાદાર છે માટે હું તો મારે સાસરે જાઉછું, હવે મને તમારી પરવા નથી, ત્યાં ભણીશ ગણીશ ને પુરો પંડીત બનીશ. લ્યો ત્યારે જઈશ ને સાસરીયાં ભેળો થઈશ. (જાય છે.)

સુમતીચંદ્ર—(પ્રવેશ કરીને) કાં, પક્કા પોપટલાલજી શું થાય છે ?

પોપટલાલ—પધારો પધારો સુમતીચંદ્ર, કહો આપણી શરતનું શું થયું ? મારી જીત થઈ હશે ?

સુમતીચંદ્ર—જીત નહીં પણ તમારી હાર થઇ છે.

પોપટલાલ—(ચમકીને) હે ! !

સુમતીચંદ્ર--હેં શું ? હા, માટે ચોવીસ કલાકની અંદર તમારે તમારા કુંટુંબ સહીત ત્રણ ત્રણ કપડે હદ બહાર નીકળી જવું. જો વધારે વીલંબ કરશો તો રાજના ગુન્હેગાર ગણાશો એવો મહારાજાનો સખ્ત હુકમ છે. (ચાલ્યા જાય છે.)

ફુલી—વહાલા એ શું કહી ગયો ? તે કાંઇ સમજાણું ?

પોપટલાલ—હા હા, હું સમજ્યો, મારી હાર થઇ—ને મનની બધી મનમાં રહી પણ ફીકર નહીં " જીતે હોયગે નર તો ફીર બીછાયંગે ઘર "

ફુલી—અરે આતો ઘર બીછાવવાને બદલે ઉપડી ગયું, હું તમોને નહોતી

કહેતી કે આ ખોટા ડોળ કોક દી ખાસડાં ખવરાવશે જુઠું ક્યાં સુધી નભે માટે ચાલો હવે અહીંથી મમતા છોડો અને બીજા કાર્યમાં મન જોડો સમજ્યા વહાલા ?

પોપટલાલ—છટ્ બીજો ધંધો કરનાર બાયલા કહેવાય, તમે બૈરાં મરદની વાતમાં શું સમજો ?

ફુલી--ત્યારે શું હજી પણ ડોળમાં દુઃખી થશો ?

પોપટલાલ--અલબત ડોળ કરીશ, ઠગ ભગત સાધુનો વેશ ધરીશ, ને આખી દુનિયાને વશ કરીશ સમજી મારી ફુલી ? તું ન જાતી ભૂલી કે આ પક્કાપોપટલાલ લીધેલી વાત છોડે.

ફુલી—ઠીક, જેવી તમારી મરજી, પણ આ ફુલીનું શું ધાર્યું ?

પોપટલાલ--તું ગમે ત્યાં જા, આપણે ખવાસ ભાઇને શું ? નાઇ ધોઇને પુજ્યો કુઓ, એક મુવો ત્યાં બીજો ઉભો.

ફુલી—ના, એ મારાથી નહીં થાય, હું તો તમારી સાથે આવીશ. ત્યારે પરણ્યા શું કરવા ?

પોપટલાલ—જખ મારવા, જાને માતાજી, છપરપગી નકામી જીવ શાને ખાય છે ? નહીં તો હવે તબીયત જાય છે.

ફુલી--બહુ સારૂં, ત્યારે જેવાં મારાં નસીબ.

પોપટલાલ--નસીબ ફુટલ, નહીં તો આવો વખત શું કરવા આવે. જાઓ હવે પીયર પધારો કે ગમે ત્યાં જાઓ તમને બારે ભાગળ મોકળી.

ફુલી—અરે પણ નાથ (હાથ ઝાલે છે)

પોપટલાલ—ચાલ છોડીદે હાથ, નહીં તો લાગશે લાત ?

ગાયન.

ફુલી—વાલા સંગે લેશો આ દાસી તમારી (૩)
પોપટ-ખસ દુર જાને કરે શું લાચારી (૩)
ફુલી—તમે જોગી ફુલી જોગણ થાશે,
પોપટ-છોડ હાથ મારો નહીં તો માર ખાશે

ફુલી--પરણ્યા છતાં મારે રાંડવું.
પોપટ-ના ના ગમે તેનું ઘર માંડવું,
ફુલી--હાય હાય પોપટજી પ્યારા હું છું તમ પ્યારી,
પોપટ-હું બેટા તારો ને તું મા છે મારી--પરણ્યા.

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—ચિન્તામણીનો મહેલ.

પાત્રો—ચિન્તામણી, બીલ્વમંગળ પાછળથી ચંદ્રસિંહ,
સરદારો, ભક્તિ અને પ્રભાવતીનો સ્થુલ દેહ.

બીલ્વ૦-લાલી ગુલાબી ગાલની, મતવાલી આલી સુંદરી;
મુખચંદ્રની છબી મોહિની, રતીને લજાવે રહી પરી.
ભ્રકુટી કબાને માનની, તાકી દ્રગે તીર મારતી;
લલિતાંગી એ લલના તણી, પ્રેમે ઉતારૂં આરતી.

લાવ ઉપર જાઊં. (દરવાજો બંધ જોઇને)

ચોર તણી ચીંતા થકી, બંધ કર્યાં છે દ્વાર;
ઉપર જાવા કારણે, દોર બાંધ્યો આ વાર.

વાહ ! વાહ ! મારે ઉપર ચઢવા સારૂ આ દોર લટકાવી રાખ્યો જણાય છે. વાહ ચિન્તામણી ધન્ય છે તારા સાચા પ્રેમને અને સાચા સ્નેહને. (દોર ઝાલી મેડી ઉપર ચઢી જાય છે, ચિન્તામણીને જોઇને)

કમળનયનીને નીરખતાં, ગયું સહુ દુર દુઃખ;
ભેટી ભાવ ભરી હવે, પામું અતિશય સુખ.

(પગ હલાવી ચિન્તામણીને જગાડે છે.)

ચિન્તામણી--(જાગીને) રાધા કૃષ્ણ, રાધા કૃષ્ણ, રાધા કૃષ્ણ.

બીલ્વમંગળ—અહો ! આજે આના મુખમાંથી રાધા કૃષ્ણનું નામ ક્યાંથી નિકળ્યું ? મારો બેટો એ વળી રાધા કૃષ્ણ કોણ ? હં, હં, સમજ્યો

કોઇ નવો પ્રેમી થયો જણાય છે માટે વિચારીને બોલવું.

ચિન્તામણી—(બીલ્વમંગળને જોઇને) કોણ એ ?

બીલ્વમંગળ—એ તો હું બીલ્વમંગળ.

ચિન્તામણી--કોણ બીલ્વમંગળ ? ક્યાંથી આવે છે ?

બીલ્વમંગળ--ક્યાંથી શું, ઘેરથી આવું છું.

ચિન્તામણી--દ્વાર બંધ છે છતાં ઉપર શી રીતે ચઢી શકાયું ?

બીલ્વમંગળ--તમોએ બાંધી રાખેલા લટકતા દોરથી ઉપર અવાયું.

ચિન્તામણી—ક્યાં છે તે દોર ? ચાલ બતાવ. (નીચે ઉતરી બારીએ લટકતા સાપને જોઇને) અરે આ તે દોર છે કે સાપ ?

બીલ્વમંગળ--સાપ ? હા ખરેખર સાપ.

ચિન્તામણી--નદી ઉતરી પાર શી રીતે અવાયું ?

બીલ્વમંગળ--નાની હોડીથી.

ચિન્તામણી--ક્યાં છે તે હોડી ?

બીલ્વમંગળ--કીનારા ઉપર.

ચિન્તામણી—(સ્વગત) તે હોડીમાં પણ સાપના દોરડા જેવોજ ચમત્કાર હશે. (પ્રકાશ) વારૂ, ચાલ મને બતાવ. (હોડીને બદલે મુડદાને જોઇને) અરે નરાધમ, કામાંધ, આ માણુસના મુડદા પર બેશી નદી ઉતર્યો, સાપને પકડી ઉપર ચઢ્યો, આ બંને કામ તેં જીવને જોખમે કરેલાં છે. મુર્ખ માણસ પાણીથી ભરપુર મહા વેગવાળી નદી ઉતરી મધ્ય રાત્રીને સમયે અહીં શું દાટયું હતું કે તું આવ્યો ?

બીલ્વ૦-તુજ પ્રાપ્તીને માટે ભલે, શીર જાય તો પરવા નથી;
વરૂ વાઘ વ્યાલ ડસે દીલે, તેની તમા ઉરમાં નથી.
આ વિશ્વને જડ માનીને, અંગે ઉપાધી હું સહી;
મુજ જીવનમણી ચિન્તામણીને, શોધતો આવ્યો અહીં.

ચિન્તામણી—**દૂર રહે દુષ્ટ, ઉંદર જેમ કણુની આશાએ નાગનો કંડીયો કાપી કાળના મુખમાં જાય છે, માછલું જેમ કણેકની આશાએ જાળમાં**

પેશી જીવ ખુવે છે, મૃગ જેમ વીણાના સૂરથી પારધીના બાણે વીંધાય છે તેવોજ તું કામાંધ માણસ મૂર્ખતાથી મોહ રૂપી અગ્નીમાં પડી આ તારો ઉત્તમ મનુષ્યાદેહ ગુમાવે છે, બાળે છે, અરે રદ કરે છે.

બીલ્વમંગળ—અરે ચિન્તામણી આ તું શું બોલે છે? હમેશાં તો તું મને સ્નેહથી સન્માનથી આનંદ આપતી અને આજે કેમ ફરી જાય છે? તને કોઇએ ભરમાવી છે, ભંભેરી છે કે આપણ બંનેના સાચા સ્નેહમાં જુદાઇ કરાવી છે?

ચિન્તામણી—અરે કામાંધ મૂર્ખ મને કોઇએ ભરમાવી નથી, ભંભેરી નથી, પરંતુ તુચ્છ પ્રેમને ધીક્કારી મેં સાચા હરીવરના પ્રેમને સ્વીકાર્યો છે હવે આ સંસાર પરથી માયા ઉતારી છે. મને પાપ કર્મથી તારનાર, ઉગારનાર મહાત્મા સોમગીરી છે માટે હવે હું વ્યભીચારી નથી પણ વ્યભીચારીનો ભોગ લેનારી અગ્નિની જ્વાળા છું, વિષની વેલી છું, અને જ્વાળામુખી દેવી છું.

બીલ્વમંગળ—ચિન્તામણી, પતંગીયું જેમ દીવામાં પડી પ્રાણ અર્પણ કરે છે, લોભી કંજુસ લક્ષ્મીની લાલચે પોતાના દેહની દરકાર તજે છે, તેવોજ મારે આ પ્રસંગ બન્યો છે. હું તારા ખોટા પ્રેમમાં લોભાઈ મારા પવિત્ર પ્રેમની પ્રતિમા, જીવન જ્યોતિ પ્રભાવતી શુદ્ધ સતિની અવગણના કરી અહીં તારા પાસે આવી પૂર્ણ પસ્તાયો છું.

ચિન્તા૦-ઓ કામના કીડા તું પોથી, પ્રેમનીજ ભણ્યો નથી;
નીજ ધર્મ પતિન પ્યારને, ઓ પાપીયા તેં ગણ્યો નથી.
ઘરનાં રૂડાં પકવાન છોડી, નર્ક ખાવા જાય છે;
એવા જનાવર રૂપ જીવો, ખૂબ ખત્તા ખાય છે.

ભકિત—(પ્રત્યક્ષ થઇ)

પ્રભુ કૃપાથી બીલ્વ તુજ હૃદય તીમીર સૌ ટળી જશે;
માયા કળીની તોડીને કૃષ્ણ ભક્ત અવિચળ થશે.

બીલ્વમંગળ—સત્ય છે, સત્ય છે, બહેન ચિન્તામણી સત્ય છે!

બીલ્વ૦—કેરી મુકી કૌવચ તણાં ફળ હું અધમ લેવા ગયો,
સુખકર સુધાને ત્યાગી હરનિશ ઝેરમાં રાચી રહ્યો;
ડર દીલથી મેં ઇશ્વર તણો, બની વિષય અંધ વીસારીયો,
એવા અભાગી જીવને આ બહેન તેંજ સુધારીયો.

ચિન્તામણી—જેવી નરની કરણી તેવી પાર ઉતરણી.

જે પ્રેમથી બની અંધ તું, નદી પૂરને શબથી તર્યો;
જે પ્રેમથી ગ્રહી સર્પને, મધ્ય રાત્રીએ મુજને મળ્યો.
તે પ્રેમનો દશમાંશ જો, સુંદીરશ્યામથી રાખતો;
સ્હેજે તરત સંસાર આ, તુજ મનુષ્ય જન્મ સફળ થતો.

બીલ્વમંગળ—ધન્ય છે બહેન ચિન્તામણી સાચી સાધ્વી મને નર્કના ખાડામાંથી બહાર કાઢી બચાવી અમુલ્ય ઉપદેશ આપી સાચા શ્રીહરિની પ્રાપ્તિ થવાના સન્માર્ગમાં દોરનારી માતાજી તને હજાર વાર ધન્યવાદ છે અને ધીઃક્કાર છે મને કે પ્રભુ ભક્તિને તજી, વિષય છંદને ભજી, સતિ નારીને તજી પાપ વાસનામાં દોડ્યો. અરે આજે પુજ્ય પીતાશ્રીના શ્રાદ્ધને દીવસે સાચી સતિનો તીરસ્કાર કરતાં ન અટક્યો અને અંતે પાપ વાસનામાં અધર લટક્યો, બસ બસ હવે મારે આ સંસારમાં કાળું મુખ લઇ જીવવું તે કરતાં મરવું હજાર ગણું ઉત્તમ છે. (કટાર કાઢી મરવા તૈયાર થાય છે ચિન્તામણી તેનો હાથ પકડી રાખે છે.)

આકાશવાણી—

સોમગીરીના શિષ્ય થઇ, બની ભક્ત ને દીન ગાળજે;
મમ રાસનાં પદબંધ ગાઇ, વ્રજમાં પ્રગટ મુને ન્યાળજે.

ચિન્તામણી—બાઇ કેવું અપૂર્વ આશ્ચર્ય ? કેવો ચમત્કાર ? કેટલો ફેરફાર ? આકાશવાણીમાં તમો સોમગીરી મહાત્માના શિષ્ય થવાનું અને વ્રજમાં પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન મળવાનું વચન સાંભળી હું અપાર આનંદ પામું છું.

બીલ્વમંગળ—એ બધો તમારો ઉપકાર છે. બહેન જગદીશ્વરે આ રંક પર દયા લાવી આપની દ્વારાએ અમુલ્ય ઉપદેશ અપાવી સુધાર્યો છે તો આજથી તમે મારા ધર્મના બહેન છો ને હું તમારો ભાઇ છું. બસ હવે તો—

ગાયન.

ભજીશ હું ભુધરને ભાવે, જેથી જન્મ મરણ નાવે;
અંધ બની અવની પર ભટકી, પાપની પોઠ વધારી.
જુઠી કાયા, જુઠી માયા, ઉઘડી જ્ઞાનની બારી-ભજીશ૦
શ્રીહરિ ચરણે ચિત્ત મમ ચોટયું, અવની ઓળખ ટળી;
ભાવટ ભાગી લગની લાગી, તેં લીધો મુજને ઉગારી-ભજીશ૦

ચંદ્રસિંહ—(એકદમ ધસારો કરીને) સીપાઇઓ પકડો આ ખુન કરનાર પાપી નિચ હરામી વેશ્યાગામી બીલ્વમંગળને.

ચિન્તામણી—રાજાજી રાજાજી આ તમે શું બોલો છો ? આ બીલ્વમંગળે કોનું ખુન કર્યું છે ?

ચંદ્રસિંહ—એ પાપી તેની સ્ત્રીની હત્યા કરી તારે દ્વારે નાશી આવ્યો છે.

બીલ્વમંગળ—શું મારી સતિ પરલોકવાસી થઇ ? હા દૈવ ! (મુર્છીત થાય છે)

ચંદ્રસિંહ—બોલ પાપી તું શું ઉત્તર આપે છે ? તારા જેવા પાપીઓને માટે મારો સખત હુકમ છે કે તારો શીરચ્છેદ કરવો.

ચિન્તામણી--રાજાજી હું માની શકતી નથી, તથાપી આ બીલ્વમંગળે જો સ્ત્રીહત્યા કરી હોય તોપણ હવે તેને કોઇ પણ જાતની શીક્ષા કરવા જેવું રહ્યું નથી કારણ કે તે પૂર્ણ પસ્તાવો પામી શુદ્ધ કંચન સમાન સંત નિવડયો છે.

ચંદ્રસિંહ—ચૂપ કર વેશ્યા મેં તારો પ્રપંચ ને નિચતા બરાબર સોમગીરી મહાત્માના આશ્રમે જોયાં છે ને બીજો આ પુરાવો ખુનીને સંતાડવાનો નજરે જોઉં છું તેથી હવે તું પણ બચવાની નથી. સીપાઇઓ પ્રથમ આ પાપીનું મસ્તક ધડથી જુદું કરો અને પછી આ દુષ્ટાનો વારો. (મારવા જતાં અવાજ સાથે પ્રભાવતીનો સ્થુલ દેહ પ્રગટ થાય છે)

પ્ર-સ્થુલ-દેહ—રાજાજી હું પ્રભાવતી બીલ્વમંગળની સ્ત્રી સ્વર્ગસદનમાંથી સાક્ષી આપું છું કે મને મારનાર મારા પતિ નથી પણ કાળ સાક્ષાત છે.

ચંદ્રસિંહ—આહા આ શું ? હા સમજ્યો ગુણિકાઓ બહુ કળાબાજ ને દગાબાજ હોય છે એ કોઇ સામે બોલે છે તે પણ ગુણિકાનુંજ કપટ માટે હવે તો તે બંનેનો સાથેજ શીરચ્છેદ કરો.

ચિન્તામણી--

દીનાનાથ દયાળ પ્રભુ કરી વ્હાર દયા દીલથી દરસાવો;
દીન બાળકની સંભાળ લીયો, ગોવિંદ ગરૂડ ચડી ઝટ આવો.
મુજ બંધુ બન્યો છે ભકત તમારો, સુંદીરશ્યામ કૃપા ઉર લાવો;
મર્ણ થકી ડરતાં નથી જરી, નિર્દોષપણાની શાખ પુરાવો.

(અવાજ સાથે બધા સ્તબ્ધ થાય છે)

ગરૂડ ઉપર

શ્રીકૃષ્ણદર્શન.

ડ્રોપ પડે છે.

અંક બીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ - રસ્તો.

પાત્રો—પોપટલાલ.

પોપટલાલ--(પ્રવેશ કરીને) પ્રધાન થે હમ પહેલે અબ અબધુત જોગીકે ચેલે! કહેવત છે કે જે વેશ પહેર્યો તે બરાબર ભજવવો માટે ડોળ એવો રાખું કે વેશ જોઇ આખું જગત ચરણમાં મસ્તક ધરે અને પ્રભુ તુલ્ય માની પુજા કરે. હું કોણ? જગતને ઠગનારો જોગી, ભલભલાને બનાવી દઉં ભોગી. આ લુગડાં પહેર્યાં છે ભગવાં, પણ નક્કી માનજો કે દુનિયાં બધીને ઠગવા. હાંજી હમ અબધુત જોગીકે ચેલે.

અગડબંબ જોગી બન્યો, ભારે ભપકાદાર;
ધુતું ઢોંગ મચાવીને, પક્કા છે પોબાર.

ચાલ હવે દીલ ચાહે ત્યાં ફરૂં ને શિકાર હાથ આવે તો કરૂં, હાંજી હમ અબધુત જોગીકે ચેલે.

પોપટલાલ— ગાયન.

હમ અબધુત જોગી કે ચેલે (૨)
ફક્કડ અક્કડ બન ગયે પહેલે.......હમ.
હું મસાણીયાનો બેટો, દીવાન બનીને બેઠો
કુડ કપટની ઝપટ કરતાં, બગડયો ધાટ છેલે......હમ.
દુનીયા સૌને ડોળવા, બન્યો હું હવે બાવો
અહલેક ગીરનારી, શીખર પર બેઠકે ફીકર કર હમારી; દુનિયા.
જન ભલા ભોળા છેતરવા, કાંઇ કાળાં ધોળાં કરવા;
ધુતું ધતીંગ ચલાવી, ફસાવી દઉં ફંદ તણા ફેલે......હમ.

(જાય છે.)

પ્રવેશ ૨ જો

સ્થળ--સોમગીરીનો આશ્રમ.

પાત્રો--સોમગીરી, બીલ્વમંગળ, વૈદ્ય વેશે નારદ, રઘડનાથ અને શિષ્યો.

સો૦-યાચું છું અહો એક ભક્તિ હરીની, માયા સહુ મારીને;
મમ દેહાંત્ત થતાં સુધી કરી દયા, કામાદી સંહારીને.
ઉષાકાળ શરૂઆતમાં, વીનવું એહ ચિત્તે પ્રભુ ધારીને;
આ ભવસાગરથી પ્રભુજી, મુજને લેજો સદા તારીને.

બી૦-કુડાં કર્યાં પાપનાં કર્મ જાણી, હાથે કરી જીંદગી ધુળધાણી;
સાચી સંત સાધવીને ધીક્કારી, સેવા પીતા માતની મેં વીસારી.

(સોમગીરીને જોઇને) વાહ વાહ ! આજ મહાત્મા સોમગીરીનો આશ્રમ જણાય છે, પવિત્ર શિષ્યોના સમુદાયમાં મહાત્મા વશિષ્ટજી શોભે તેમ ઉત્તમ તપના પ્રભાવવાળા એજ સદ્‌ગુરૂ સોમગીરી હોય એમ જણાય છે. (પાસે આવીને) જય જય ગુરૂદેવ આપનો જય.

સોમગીરી--કલ્યાણ, ભાઈ તારો જય થાઓ. ઉઠ બેઠો થા, તું શી જ્ઞાતે છો અને તારૂં નામ શું ?

બીલ્વમંગળ—પ્રભુજી, હું બ્રાહ્મણ છું. મારૂં નામ બીલ્વમંગળ છે.

સોમગીરી--બેટા અત્રે તું શી ઇચ્છાએ આવ્યો છે ?

બીલ્વમંગળ—મહારાજ હું નીચમાં નીચ પતિત થએલો પામર પ્રાણી આપ જેવા સદ્‌ગુરૂનો શિષ્ય થઇ પવિત્ર થવા આવ્યો છું.

સોમગીરી—પુત્ર તને તિવ્ર વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય એમ લાગે છે. પણ તારા હૃદયથી ખુબ વિચાર કરી જો કે ચાલતી નૌકામાં જમીન જેમ ફરતી જણાય છે તેમ તને હાલ આ સંસાર ખોટો લાગે છે પણ સદાને માટે તે કાયમ રહેશે કે કેમ તેનો ખુબ વિચાર કરી શાન્ત થા.

બીલ્વમંગળ—ગુરૂજી, મારાં માતા, પિતા, સતિ સ્ત્રી આદી સર્વ આ ઘાતકીના ત્રાસથી રીબાઈ સ્વર્ગે સીધાવ્યાં છે અને હું પૂર્ણ પસ્તાઇ

આ ઝેર સમાન સંસારના ઘણા માર ખાઇ આપને શરણે આવ્યો છું અહીંથી પ્રાણ જતાં પણ પાછો જવાનો નથી તો મારો અનુગ્રહ કરો.

સોમગીરી--બીલ્વમંગળ તારા ભાવને ધન્ય છે, બેટા સંતનું શરણ સંસાર ઉપરથી તીરસ્કાર ઉપજેલાને માટે શાંતીનું સ્થાન છે. સંસારની ઉપાધી ત્યાગી સર્વ શક્તિમાન અખંડાનંદ કાળના પણ કાળ એવા સમર્થ શ્રી હરીની ભક્તિ તજી સંસારના નાશવંત સુખમાં મોહ રાખનારા કેવળ પામર મનુષ્ય છે. સંસારના! સર્વ સંબંધ જુઠા છે, જગતમાં જગકર્ત્તાજ એક સત્ય છે, બાકી બીજું ફના ને અસત્ય છે. બેટા બીલ્વમંગળ મારી પાસે આવ. (ઉંચા હાથ કરી) વાયુદેવ આકાશમાં સાધુનાં સુકાતાં વસ્ત્રો લાવો. (અદ્ધરથી કપડાં પડે છે, બીલ્વમંગળને કાનમાં મંત્ર આપીને) બેટા, બીલ્વમંગળ આ સંતની શ્રેષ્ઠ પ્રસાદી ધારણ કર.

બીલ્વમંગળ—જેવી ગુરૂદેવની આજ્ઞા. (અંદર કપડાં પહેરવા જાય છે)

નારદ—(સ્વગત) શું ! બીલ્વમંગળ સાધુ થયો ? પ્રભુજીનાં વચન સત્ય પડતાં જાય છે, પણ મારૂં મન માનતું નથી કારણ કે વિષયાશક્ત વેશ્યાગામી બીલ્વમંગળ એકદમ કેવી રીતે આત્મજ્ઞાની થાય એ શંકા જેવું રહે છે, માટે પ્રથમ તો તેને પોતાના દેહ પર કેટલો પ્રેમ છે તેની તપાસ કરૂં. આ સોમગીરીના પ્રાણ મારા યોગવડે બ્રહ્મરંધ્રમાં ચઢાવી મને નારદ તરીકે કોઇ ના ઓળખે તેમ વૈદ બની સર્વ શીષ્યો સાથે બીલ્વમંગળની કસોટી કરૂં. (સોમગીરીના પ્રાણ બ્રહ્મરંધ્ર ખેંચે છે.)

સોમગીરી—(અકળાઇને) કૃષ્ણ કૃષ્ણ, હરી હરી, મને આ શું થાય છે, અરે શીષ્યો મારા પ્રાણ મુંઝાય છે, હૃદય ધ્રુજે છે, આ બ્રહ્માંડ મારી નજરે ફરતું જણાય છે, મારાં ગાત્રો સીથીલ થાય છે, હવે હું મારા જીવનને ધારી શકીશ નહીં, કૃષ્ણ કૃષ્ણ. (જડવત થઇ જાય છે તેથી તમામ શીષ્યો ગભરાય છે.)

રઘડનાથ--અરે પરમાત્મા, હે હરી, નારાયણ નારાયણ, પુજ્ય ગુરૂવરજી, અરે ગુરૂશ્રી આપ બોલતા બોલતા બંધ કેમ થઇ ગયા? આપને શું

થઇ ગયું ? હરી હરી, પ્રભુ પ્રભુ, નારાયણ નારાયણ, હે ગુરૂ ! હે ગુરૂ ! હે ગુરૂ !

બીલ્વમંગળ—(અંદરથી આવીને) શું થયું ભાઇઓ સદ્દગુરૂ દેવને એકદમ શું થઇ ગયું ?

નારદ--(સાધુ વૈદ્ય વેષે આવીને) અરે ભાઇઓ તમે શોક કેમ કરોછો ? બધા ઉદાસ કેમ થઇ ગયા છો ?

રઘડનાથ—અમારા ગુરૂજી અવાચક થઈ ગયા છે મહારાજ !

નારદ--(પાસે આવી) વારૂ મને જોવા દો. (નાડી તપાસીને) ભાઇઓ તમારા ગુરૂજી તો દેવલોકમાં ગયા હવે તો હરીનું ભજન કરો બીજું શું ?

સર્વ શિષ્યો--ઓ હરી ! ગુરૂજી કયાં ગયા ? હવે અમારૂં શું થશે ?

નારદ—ભાઇઓ, જો તમારાથી બને તો તમને એક સ્હેલો ઉપાય બતાવું.

રઘડનાથ--ક્હો વૈદ્યરાજ જલ્દી કહો ? તે ઉપાય અમે કરીશું.

નારદ—તમારા ગુરૂજી જીવતા થાય તે ઉપાયમાં આ ગુરૂને બદલે એક શીષ્ય પોતાનું આયુષ્ય આપે તો ગુરૂજી બચી જાય ખરા.

રઘડનાથ--ના બચે તો ?

૧ શીષ્ય—ગુરૂ ને શીષ્ય બંને જાય !

નારદ—આમ શંકા શું કરો છો ? સાચા શિષ્ય હો તો તૈયાર થાઓ, તમારા ગુરૂજીને જીવતા કરૂં ફકત એક શીષ્યના પ્રાણની જરૂર છે, જો તમારા ગુરૂજીને પછી ન જીવાડું તો મારે પણ મરવું કેમ છે વિચાર ? કોઇ શીષ્ય ગુરૂ માટે પ્રાણ અર્પણ કરવા છો તૈયાર ?

રઘડનાથ—(તમામને) કેમ ભાઈ શું કરીશું ?

૧ શીષ્ય--એ ભાઇ અમે ઠાકોર સેવાનાં વાસણ અજવાળવા જઇએ છીએ.

૨ શીષ્ય—એ મારે ઠાકોરજીના વાઘા સાફ કરી ગોઠવવાનું કામ છે.

૩ શીષ્ય—ત્યારે હું તો ભંડારમાં જાઉં છું. (સર્વ જતા રહે છે.)

બીલ્વમંગળ--વૈદ્યરાજ મારા ગુરૂજી માટે હું પ્રાણ આપવા તૈયાર છું. ગુરૂજીને આરામ થાય તેમ સત્વર કરો.

નારદ—જોયા આ પેટને માટે સાધુ થનારા શીષ્યો ! અરે મુર્ખ આ સર્વ

ગયા ને તું કેમ ઉભો રહ્યો ? તું પણ અગીયારાં ગણને, તું તો હજી નવો શીષ્ય છે, મરવા તૈયાર થતાં જરા આગળ પાછળનો વીચાર કર.

બીલ્વમંગળ—વૈદ્યરાજ, આ સંસારમાં ગુરૂ એક અમુલ્ય રત્ન છે, કલ્પવૃક્ષ છે અને મોક્ષ રૂપી ઘર છે, તો એવા મારા સદગુરૂને તજી નાશી જાઉં એ કદી બને કે ? ગુરૂને માટે શ્રીરામચંદ્રજી યજ્ઞ રક્ષણ સારૂં નાની ઉમરમાં રહ્યા હતા, ગુરૂને માટે શ્રીકૃષ્ણ પાતાળે ગયા હતા, ભિષ્મ પીતા, સુધન્વા, અર્જુન અને કર્ણ જેવા સમર્થ વીરો ગુરૂ સેવાથીજ અમર ગણાયા છે, વળી મેં વિષય વાસનાની વાટે જતાં મૃત્યુ ભય ગણ્યો નથી તો પછી સદગુરૂની સેવા જેવા પરોપકારી કાર્યમાં બીલ્વમંગળ પોતાના પ્રાણ આપવામાં હવે પાછી પાની કરનાર નથી તે નથીજ !

નારદ--તો કર સંકલ્પ કે મારૂં આયુષ્ય ગુરૂજીને આપુ છું માટે ગુરૂજી સજીવન થજો. પણ યાદ રાખજે કે તારૂં તો મૃત્યુજ થશે !

બીલ્વમંગળ—ઘણીજ ખુશીથી (હાથમાં જળ લઇને)

ગુરૂ છે ગોવીંદ રૂપ, પ્રભુથી પહેલા પુજું;
પ્રભુનું સગુણ સ્વરૂપ, ગુરૂના નામે ઝુઝું.
ગુરૂના વચને પંથ, શ્રષ્ટીનો સરવે માપું;
ગુરૂની સેવા કાજ, કાય હું સત્વર કાપું.
(વળી) ગોવીંદ ગુરૂએ બતાવીયા, કેમ તજું સાચા ગુરૂ;
આયુષ્ય અર્પું હર્ષથી, સદ્દગુરૂ માટે હું મરૂં.

(રાધે સ્યામ બોલતો મુત્યુ પામે છે.)

નારદ--હવે સોમગીરીના પ્રાણ બ્રહ્મરંધ્રમાંથી મુક્ત કરી સજીવન રૂપે જાણ કરૂં. બીલ્વમંગળને તો તેના ગુરૂ પોતેજ સજીવન કરશે. અહા બીલ્વ-મંગળ તું સાચું કુંદન નીવડયો છે, ધન્ય છે તારી ગુરૂભક્તિને લાખોવાર ધન્ય છે, આવા નર રત્નોના પાકવાથીજ આ વસુધા શોભી રહી છે, આવા ભકતોયેજ ભગવાનને વશ કરી લીધા છે.

સોમગીરી—(સચેત થઇને) જય જય શ્રીકૃષ્ણ પરમાત્મને આપનો જય.

કૃષ્ણ (૫) અરે શીષ્યો ક્યાં ગયા ? બેટા રઘડનાથ ? અરે ! આતો બીલ્વમંગળ મર્ણ પામ્યો જણાય છે, આને શું થયું હશે ! ?

રઘડનાથ--(સર્વ શીષ્યો સાથે આવીને) ગુરૂજી, આપનું શરીર એકાએક નીરજીવ થઇ જવાથી એક વૈદરાજે આપના સજીવનના ઉપાય બદલ એક શીષ્યના પ્રાણ માગતાં અમો સૌ પ્રાણ આપવા તૈયાર હતા, પરંતુ બીલ્વમંગળે અતિ આગ્રહથી અમને અટકાવી પોતાના પ્રાણ આપના આયુષ્ય માટે અર્પણ કરી મરણ પામ્યા છે.

સોમગીરી—ધન્ય છે ધન્ય છે, બેટા બીલ્વમંગળ તને અપાર ધન્ય છે, તારી ગુરૂભક્તિની બલીહારી છે, આવા ભક્ત પુરૂષો જીવવાને લાયક છે, બાકી આ મારા આડંબરી શીષ્યો સાધુ બની રાખ ચોળનારને શરમ છે. બેટા બીલ્વમંગળ શ્રીકૃષ્ણની કૃપાથી તારૂં પુર્વ આયુષ્ય તને પ્રાપ્ત થજો. (બીલ્વમંગળ ઉપર હાથ ફેરવે છે) જય જય શ્રી શ્યામસુંદીર પ્રભુનો જય.

બીલ્વમંગળ—(આળસ મરડી બેઠો થઇને) જય જય ગુરૂદેવ આપનો જય.

સોમગીરી—પુત્ર તારૂં કલ્યાણ થાઓ, હું તને આશીર્વાદ આપુછું કે તારૂં નામ ભક્ત મંડળમાં ગાજી ઉઠશે અને શ્રી શ્યામસુંદીર પ્રભુનો તું એક સખા થશે, અનન્ય ભક્ત થશે. કહે બેટા તારી શી ઇચ્છા છે ?

બીલ્વમંગળ--ગુરૂદેવ મારી ઇચ્છા આપના ચરણકમળની સેવા, શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિ અને વૃજભૂમીના દર્શનની છે.

સોમગીરી—ભલે, બેટા ખુશીથી જા, પણ જોજે હો:—

છે વિકટ ગલીચો વિશ્વમાં, માયા તણી સંભાળજે;
નારી વિષયની નાગણી, ઝાણી નજરથી ન્યાળજે.
રંગ જોજે કારમા, અંગે ધરીશ નવ રંગને;
તાબે કરી મન અશ્વને, ભજજે સદા ભગવંતને.

બીલ્વમંગળ—

ગાયન.

હવે તો હું રહું રાચી, હરીના ગુણ ગાવામાં;
હરીના ગુણ ગાવામાં, પ્રભુની પાસ જાવામાં.

કર્યા અપરાધ મેં લાખો, ભક્તિનો રસ હવે ચાખ્યો;
બનું રસ બસ હવે ચોકસ......હરીના.
જુઠી બાજીમાં જન્મારો, થઇ વિષયાંધ હું હાર્યો;
કુડી કાયા કરૂં હું રાખ......હરીના.

(જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—ચિન્તામણીનું ઘર.

પાત્રો—ચિન્તામણી, કુટીલા, સાધુઓ અને ત્રણ યાર.

કુટીલા— આજ પંદર દીવસ થયાં ચિન્તામણીનો જીવ ફરી ગયો છે, કોણ જાણે શું એ થયું છે કે કાંઇ કળયામાંજ આવતું નથી. નહીં રંગ, નહીં રાગ, નહીં ખાવું, નહીં પીવું, નહીં શરીરની સુઘડતા કે નહીં કાંઈ શરીરની સફાઇ, સાવ ભગતડી બની ગઇ છે. કયારનીએ બહાર ટળી છે પણ હજી સુધી કેમ આવી નહીં? ગઇ હશે કોઈ એના બાપ સાધુડા પાસે, આવે એટલે એની વાત છે.

ચિન્તામણી તથા સાધુઓ—ગાયન.

પ્રાણી પ્રભુ નામનું ભજન કરજો, ભજન કરજોરે;
હરીને સ્મરજોરે, રટણ કરજોરે સ્મરણ કરજો—પ્રાણી.
કામ ક્રોધ મદ મોહ નિવારી, દુરમતી ત્યાગ અભાગી
ગુરૂ જ્ઞાન દીપકને ઉજાસે, જોને જીવડા જાગીરે......ભજન.
લખચોરાસી ભટકી પામ્યો, મનુષ્ય જન્મ હીરો;
ફોગટ મર્કટ મણી ગુમાવે, તેમ તું પડશે વીલોરે......ભજન.

બોલો શ્રીકૃષ્ણચંદ્રની જય.

સાધુ—બોલો ચિન્તામણી માતાની જય.

કુટીલા—અલી ચિન્તામણી આ કોણ છે ?

૧ સાધુ—બ્હેન, અમે સંતજન છીએ અને ચિન્તામણી માતાનાં ભજન સાંભળવા આવ્યા છીએ.

કુટીલા—અરે વળી અહીં સંત કેવા ! શું કામ છે સાધુડાનું ? મુવા આને વળી માતાજી કહે છે. અકલના અભાગીયા આને માતાજી કહેવાય ? રંગીલી, રસીલી, છબીલી કહેનાર લાલ લોક અહીં આવવા જોઇએ છતાં આ વગર નાથના બળદીયા સાધુડા અહીં કેમ આવ્યા છે ? બોલ એ સાધુડાએ તને શું આપ્યું ?

ચિન્તામણી—ધર્મના વીરા, જગતના હીરાએ તો મને ઘણુંએ આપ્યું છે.

કુટીલા—હં આપ્યું છે ? બોલ બોલ બેટા શું આપ્યું છે ?

ચિન્તામણી—ઉત્તમ જ્ઞાન આપ્યું છે માતાજી.

કુટીલા—હત તારા જ્ઞાનમાં લાલબાઇ ઉઠે, મારે જ્ઞાનને શું ગરદન મારવું છે ? અરે એ વેરાગીયો નીકળો અહીંથી બહાર, ખબરદાર જો મંજીરા ને ઢોલકાં લઇ અહીં આવ્યા છો તો તમારા તાલ તંબુરા ફોડી નાખીશ.

ચિન્તામણી—અરરર હં હં, સાધુ સંતનો તિરસ્કાર ન થાય માતાજી ન થાય કેમકે;—

સંત છે સર્વથી શ્રેષ્ટ, નેષ્ટ છે માણેક મોતી;
સાધુ હરીના જન, નીરખીને પાપ હું ખોતી;
અનુપમ દઇ ઉપદેશ, પ્રભુનો પંથ બતાવે;
લખ ચોરાશી મટે, સંતની સંગત થાવે;
(વળી)—સંત સમાગમ તુલ્ય નહી, અવર કાંઇ સંસારમાં;
નથી વડુ કોઇ સંતથી, સ્વર્ગ મૃત્યુ પાતાળમાં.

કુટીલા—વોય સંતની પુંછડી, ગુણીકાના ઘરમાં સંત સાધુ કેવા, આપણે તો ગુણીકા; મોટા મોટા નગરશેઠને નાથીએ, જે ધરે દામ તેનાં સરે કામ, સમજી.

ચિન્તામણી—સમજી માતાજી, સમજી પણ.

હવે હું ગુણીકા નથી, ગુણીકા ગીરીવરધરની;
હવે હું ગુણીકા નથી, નારી છું મોહન વરની.
હવે હું ગુણીકા નથી, દોષ મેં મનથી ટાળ્યા;
હવે હું ગુણીકા નથી, નેહથી નટવર ન્યાળ્યા.
(વળી) **સાચા સ્વામી શ્રીહરી, અવર ભ્રાત ને તાત છે;**
નથી ગુણીકા હું હવે, નટવર મારો નાથ છે.

કુટીલા—ઓય તારી ગુણીકા નથી ? ઉભી રહે, અરે સાધુડાઓ ચલાવ નીકળો બહાર; ખબરદાર જો ફરી અહીં આવ્યા છો તો ટાંટીયાજ કાપીનાખીશ.

સાધુ—અરે શંખણી, સાધુ તારે વેશ્યાને ત્યાં કદી આવેજ નહીં; આતો ચિન્તામણી હોવાને લીધેજ આ તારા અનીતિના અખાડામાં સાધુનાં પગલાં થયાં છે; લ્યો ચિન્તામણી માતાજી હવે અમો રજા લઇએ છીએ.

ચિન્તામણી--જય શ્રીકૃષ્ણ, મારા વીરા પધારજો. (સાધુઓ જાય છે.)

કુટીલા--(સ્વગત) પેલા રંગીલા શેઠીયા લોકોને જોશે તો તુરતજ સમજી જશે ને કાંઇક પલળશે લાવ તેને બોલાવું. (યારને) અરે શેલાણીઓ પધારો લ્યો આ તમારી પ્યારી ચિન્તામણી, ઉડાવો ગમત.

કુમતિલાલ વગેરે--(સાથે) ચિન્તામણી જી સલામ.

કપટલાલ- અરે વસંત વિલાસીની કોકીલા જરા સ્વર તો ખોલ, સુનાવ બે બોલ ?

ધાયલદાસ--અરે ધાયલદાસને ધાયલ કરનારી નયનનાં તિર મારીશ નહીં, આ ધાયલદાસ ધાયલ થઇ જશે, લે આ હાર નીલમનો; ઉડાઓ ગાયન

ચિન્તામણી—દુર્લભ માનવ દેહની પાયમાલી કરનારા કામી પતંગીઆઓ, તમારા કરતાં પશુ પણ સારાં છે, દુરાચારીઓ તમારી પરણી નારી રઝળતી મુકી વેશ્યાથી યારી કરનારા કુટીલ કાગડાઓ તમે જો ગધેડા પાકયા હોત તો કુંભારનો ભાર ઉચકવા કામ આવત, અરે માને પેટે પથ્થર નીવડયા હોત તો ધોબી લુગડાં ધોવત, અના-

ચોરીઓ તમારૂં કાળું મુખ લઇ બહાર જાઓ ? ચંડાલો મારા મકાનને હવે વધારે વાર રોકાઈ અપવિત્ર ન કરો.

સર્વ--માફ કરો, ચિન્તામણી બહેન માફ કરો.

ઘાયલદાસ—અરે ભાઇઓ, માફી શાની માગો છો ? આતો બજારની મીઠાઈ છે, ધર્મશાળાનો ઓટલો છે, જો હશે દામ તો લોંડી કરે સલામ. મારા મહેરબાન, કયાં ચિન્તામણી પર છાપ મારી છે, ચલાવ એ નહીં તો એની બહેન કાંઇ ચોરાનું નખોદ જાય તેમ છે ? ચલાવ.

(સર્વ જાય છે.)

કુટીલા--અરે રાંડ તેં તો મારી દુકાન ભાગી નખાવી, પૈસા ખોવરાવ્યા, જા મારા ઘરમાંથી નીકળી જા. (કુટીલા ચિન્તામણીને ધક્કો મારી ચાલી જાય છે.)

ચિન્તામણી—રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, ધન્ય પ્રભુ ધન્ય, તમારો કેટલો ઉપકાર, હવે મારે આ અપવિત્ર સ્થાનમાં જરાવાર ઉભુ રહેવું ઘટતું નથી. બસ હવે તો:—

ગાયન.

સાચું સદાએ છે હરિનામ હરિનામ હરિનામરે,
સમજ સમજ મન ભમરારે હોજી;
ગુરૂ જ્ઞાન પામીને નિદ્રા મેં ત્યાગીરે,
કૃષ્ણને ભજીશ હું તો આઠે જામ આઠે જામ આઠે જામરે...સમજ.
મિથ્યા સહુ માયારે સાચા જદુરાયારે,
સ્નેહથી સ્મરીશ હું તો રાધેશ્યામ રાધેશ્યામ રાધેશ્યામરે...સમજ.

પ્રવેશ ૪ થો.

સ્થળ--જંગલ.

પાત્રો--ક્રોધ, ધર્મ, ભક્તિ અને પાછળથી બીલ્વમંગળ.

ક્રોધ--(ધર્મ ભક્તિને પકડીને પ્રવેશ કરતો) ચલાવ ચંડાળો.

ધર્મ---નાહક નડે નિર્દોષીને, નિર્દય તું બની આમ;
દુખીયારાને ડામવા, શું છે તારે કામ.

ક્રોધ—હા,
નાશ કરી તમ અધમનો, આજ કાઢવું કામ;
પૃથ્વી પડમાં રહે નહીં, ધર્મ ભક્તિનું નામ.

ભક્તિ-નષ્ટપ્રાય થઇએ પ્રભુ, પાપી જનથી આમ;
ધર્મ ભક્તિને મારવા, કળી આદરે કામ.

બી૦--નહિ થાય સ્વપ્ને કદી, ધર્મ ભક્તિનો નાશ;
પ્રાણ દઇને રક્ષવા, હાજર છે દીન દાસ.

ક્રોધ--કોણ આવ્યો તું આ પળે, મરવા થઈ આતુર;
જીવવું જો જગમાં ચહે, જલ્દી જાને જરૂર.

બી૦—જીવાડવા કે મારવા, તારો નહીં અધીકાર;
જયાં જોઇએ ત્યાં જગતમાં, સમર્થ સરજનહાર.

ક્રોધ--(સ્વગત)
હરિભક્ત આ કારમો, પ્રતાપી છે કોઇ સંત;
જલ્દી જઇ કળીરાજને, આણું કહી હું અંત.
(જાય છે)

ધર્મ---અણધાર્યો આવી ચડયો, નહીં તો થાતજ હાણ;
ધન્ય ભક્ત તુજને અતિ, કરો કૃષ્ણ કલ્યાણ.

બી૦—અહો તાત તમે કોણ છો, કહો કરીને કૃપાય;
ધર્મ---પુત્ર સુણી લે નામ અમ, ધર્મ ભક્તિ કહેવાય.

બીલ્વમંગળ--અહો ધન્ય મારાં ભાગ્ય ! માતા પિતા પ્રણામ કરૂં છું.

ભક્તિ-કલ્યાણ ! પુત્ર તારૂં સર્વદા કલ્યાણ થાઓ.

બી૦--થઈ દશા પ્રભુ આપની, કહો આવી શા કામ;
ધર્મ--કાળા કળીના કેરથી, ઠરવા ન મળે ઠામ.
ભક્તિ-સાધક સાધુ વિપ્ર મુજ, ચહે દાર ને દાંમ;
પાંગુલ થઇ પૃથ્વી પડયાં, હારી મનની હાંમ.
ધર્મ---સાચો હો હરિભક્ત તું, ધર્મ ભક્તિ ઉર ધાર;
કાપી કળીની જાળને, રક્ષણ કર આ વાર.
બી૦--શુભ બાનું હું આપનું, પામ્યો છું ગુરૂ શાખ;
પાપ તિમીર પ્રભુ તોડીને, બાંનાંની પત રાખ.
ધર્મ--ધન્ય ભક્ત છે તુજને, વિજય ધરા વરતાવ;
અગણિત જીવ ઉદ્ધારજે, હરિ નામને નાવ.

પ્રવેશ ૫ મો.

સ્થળ--બગીચો.

પાત્રો--વિશ્વમોહિની, કળી, નારદ, બીલ્વમંગળ,
શ્રી શ્યામસુંદીર અને પકાપોપટલાલ.

વિશ્વમોહિની— ગાયન.

દેવી સુંદરી આલમની મોહીની, શરણે રાખ્યો સંસારને;
ભુલ્યા માનીગુમાની ભાન માયાની ચાંદની શરણે રાખ્યો સંસારને
મેં તપસીને કીધા સંસારી, મુનિ મોટા બનાવ્યા વિકારી-દેવી સુંદરી
દેવ દાનવ સહુને હરાવ્યા, ત્યાગી રાગી બનાવી ફસાવ્યા;
ત્રણ લોકમાં પ્રબળ મારી માયા..................દેવી સુંદરી.

વિશ્વમોહિની—અહા ! હું વિશ્વમોહિની, મારા આનંદનો પાર નથી. કળીરાયની પ્રબળ સહાયતાથી મારૂં સામ્રાજ પુરેપુરૂં જામી ગયું છે. હાલ મારા ખરેખરા પોબાર છે.

નારદ—(સ્વગત) આ વિશ્વમોહિની અભિમાનમાં છકી ગઇ જણાય છે. એનો પણ ગર્વ ઉતારવાની જરૂર છે. (પ્રકાશ) અહો વિશ્વમોહિની, આ મૃત્યુ લોક તરફ સ્વસ્વરૂપે શા કારણથી આવવું થયું છે ?

વિશ્વમોહિની—મુનિવરજી સાંભળો, સતયુગ, ત્રેતા અને દ્વાપરના અતં સુધીમાં તો મારી સત્તા અપુર્ણ હતી. ઋષિમુનિ, જ્ઞાની, તપસ્વી અને સંત મહાત્માઓના તપના પ્રભાવ આગળ હું એક તુચ્છ દેખાતી હતી. પણ આજે કળીયુગ રાયની સહાયતાથી હું સર્વના ઉપર સ્વતંત્રપણે અમલ ચલાવી શકું છું.

નારદ—વિશ્વમોહિની, કળીયુગમાં તો માત્ર સાત દીવસમાંજ મોક્ષ અને પ્રભુ દર્શન સાક્ષાત્કાર પામી શકાય છે, તો કળીયુગે તમારી મોટાઇ વધારી છે કે ઘટાડી છે તેનો વિચાર કરી લ્યો.

વિશ્વમોહિની—પણ આ કળીયુગમાં તો કોઇ જ્ઞાની, તપસ્વી કે સંત હું એક ઘડી દ્રઢ ભકિત કરનાર દેખતી નથી તો પછી સાત દીવસની કયાં વાત કરવી. નારદમુનિ વાંદરાનું મોઢું લઇ વિશ્વમોહિનીને પરણુવા તમેજ આવ્યા હતા કે ?

નારદ—(સ્વગત) અરે વિશ્વમોહિની, તે વેરનો બદલો લેવાજ હું તારી વેતરણમાં ફરૂં છું. તને પણ મારી નારદકળામાં એવી ભમાવું કે તું પણ યાદ કરી જાય, ને તારો કળીરાય પણ ફાંફાં મારે (પ્રકાશ) અભિમાન નહીં કર, અભિમાન નહીં કર, કામદેવને જીત્યાનો મને ગર્વ થયો હતો તે અભિમાન પ્રભુની પાસે કહેવાથી પ્રભુએ શીખામણુ રૂપ શીક્ષા કરી હતી, પરંતુ તને એટલો બધો ગર્વ છે તો હું જે સંતને બતાવું તે સાધુને તું ગૃહસ્થાશ્રમી બનાવે તો હું તને સાચી સત્તાવાળી જાણું.

વિશ્વમોહિની—હા જી, બતાવો તમારો સાધુ મહાત્મા ? સંતને સંસારી બનાવું અને આ વિશ્વમોહિનીની સત્તા કેવી છે તે તમને બતાવું.

નારદ--ત્યારે જો હાલમાંજ એક ભક્ત પુરૂષ આ રસ્તે થઈ વ્રજમાં જનાર છે, તે સંત મહાત્મા સોમગીરીનો ઉત્તમ શીષ્ય છે તેનું નામ બીલ્વમંગળ છે. (બીલ્વમંગળને બતાવીને) જો સામેથી તે પોતેજ આવતો જણાય છે, દેખાડ તારી બહાદુરી ને કરી જો કસોટી (જાય છે.)

બીલ્વમંગળ--(પ્રવેશ કરીને)

વ્રજમાં જાશું જમનાં ન્હાશું, નંદભૂવન નિરખી હરખાશું;
વૃંદાવન બંસીબટ સુંદર, કુંજગલી ફરવાને જાશું.
વંદીશું ગીરીરાજ ગોવરધન, રાસ ભૂમી રજમાં રોળાશું;
વ્રજપતિના વહાલા જન મળીને, ગોવિંદ ગુણ ઉમંગે ગાશું.

વિશ્વમોહિની--(બીલ્વમંગળ પાસે આવીને) અરે તમે કોઈ લાયક પુરૂષ જણાઓ છો, ઉભા રહો, ઉભા રહો.

બીલ્વમંગળ--કહો માતાજી મારૂં શું કામ છે ? તમે લાયક કોને કહો છો ? લાયક તો એક શ્રીકૃષ્ણચંદ્ર મારો નાથ છે, વળી કોઈ મહાન ભક્ત કે હરીજન હોય તે લાયક કહેવાય, હું તો કેવળ ના લાયક છું. કહો માતાજી આ ના લાયકને શું આજ્ઞા છે ?

વિશ્વમોહિની—વાહરે વાહ, તમે તો બહુજ ડાહ્યા લાગો છો, હં, તમે બરાબર ડાહ્યા લાગો છો, ડહાપણથી સામાને ડગાવી પાડો તેવા છો.

બીલ્વમંગળ—માતાજી માતાજી, હું ડાહ્યો નથી ? ડાહ્યા કોણ થઇ ગયા છે તે સાંભળો.

ડાહ્યા ધ્રુવ પ્રહ્લાદ, પ્રથમથી ચેતી ચાલ્યા;
ડાહ્યા ભક્ત વીદુર, ભાજીથી પ્રભુ રીઝાવ્યા.
ડાહ્યા સુદામા વિપ્ર, હરિના મિત્ર સુહાવ્યા;
ડાહી સબરીબાઇ, બોર ધરી હરિ મનાવ્યા.

(વળી)--**ડાહી વ્રજની ગોપીકા, ડાહી કુબજા કીંકરી;**
ડાહ્યા પાંડુ કુમાર કે, અર્જુન રથ હાંકયો હરી.

આ એનું નામ તે ડાહ્યા, હું તો અજ્ઞાન છું, લ્યો માતાજી, જયશ્રીકૃષ્ણ.

વિશ્વમોહિની--અરે ઉભા રહો, જુઓ હું ઉત્તમ કુળની કન્યા છું, મારૂં લગ્ન થયું નથી, તેથી પણ લીધું છે કે આ રસ્તે થઈ પહેલો પુરૂષ આવે તેજ મારો સ્વામી: માટે તમે પ્રથમ આવ્યા છો તો મારી સતિની ટેકને નીભાવો, વચન પુર્ણ કરો.

બીલ્વમંગળ--માતાજી તમારી ટેક મારો નાથ નીભાવશે, વળી તમે પુરૂષને ખોળો છો પણ હું પુરૂષ નથી, તમારા જેવીજ સ્ત્રી છું. આખા બ્રહ્માંડમાં પુરૂષ માત્ર શ્રીકૃષ્ણ પરમાત્મા છે. મુર્ખ જીવ ભલે પોતાને પુરૂષ માને પણ હું તો સાચેસાચ સ્ત્રી છું.

શ્રી સુંદીરશ્યામ--(સ્વગત પ્રવેશ કરીને) આ વિશ્વમોહિનીને ખબર નથી કે જે પ્રભુપરાયણ અને મારાજ અનુગ્રહથી વિજય પામેલો ભકત છે તેના પર લાખો વિશ્વમોહિનીની કે કળીની સત્તા કેવળ નકામી છે માટે ચાલ મારી સત્વગુણી માયાના તેજમાં વિશ્વમોહિનીને ભુલાવી બીલ્વમંગળને બચાવી લઉં.

વિશ્વમોહિની--અરે લટકાળા, ચટકાળા, ઠગારા મને ભરમાવો છો ? ઉડાવો છો ? હં હં સમજી સમજી, તમારા ચરીત્ર હું બરાબર સમજી. અરે મુછાળા ! મુછો વાળો તેજ મરદ.

બીલ્વમંગળ--માતાજી, પશુને જેમ પછાડી પુંછડું છે તેમ મનુષ્યને અગાડી પુછડું છે; મુછો વાળો કોણ કહેવાય તે સાંભળ:--

ધન્ય તેહની મુછ, ધર્મના ધંધે ધાયો;
ધન્ય તેહની મુછ, અડસઠે તીરથ ન્હાયો.
ધન્ય તેહની મુછ, ભક્તની છાપે છાપ્યો;
ધન્ય તેહની મુછ, ચોરાશી ફેરો કાપ્યો.

(વળી)--**ભાવ ધરી ભુધર ભજ્યા, ધન્ય તેહની મુછડી;**
બાકી બીજી મુછને, જાણ પશુનો પુંછડી.

રાધેશ્યામ, રાધેશ્યામ, (જાય છે.)

વિશ્વમોહિની—અરે ઉભારહો ઉભારહો, (સાત્વિક તેજથી વિશ્વમોહિની સ્તબ્ધ થાય છે.)

પોપટલાલ—(પ્રવેશ કરીને) પ્રધાનથે હમ પહેલે અબ અબધુત જોગીકે ચેલે. (વિશ્વમોહિનીને જોઇને) વાહ, લલના લટકતી, મારા દીલમાં ખટકતી, કોઇ જોગી પાછળ ભટકતી જણાય છે. ચાલો શ્રમ સફળ થયો, સહેજે શીકાર મળી ગયો, હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

વિશ્વમોહિની—અરે આમ હું ચકીત કેમ થઇ ? શું કાંઈ ભાન ભુલી ગઇ ? પણ બીલ્વમંગળ કયાં ગયો ? હા છે, માટે ચાલ જાઉં ને મારા સન્યાસી સામળીયાને મનાવું. અરે વાહરે મારા લટકાળા લાલા, આમ કાલા વાલા કયાં સુધી કરાવશો ? માટે બીજા વિચાર છોડો અને આ તમારી સુંદર શ્યામાની સાથે સ્નેહ જોડો સમજ્યા ? મારા લેરખડા.

પોપટલાલ--(સ્વગત) હાય હાય લેખરડા, જોઇ લ્યો આ મફતની મજા, મનમાં તો એમ થાય છે કે જાણે હમણાંજ ભેટી પડું, પણ જરા રોક રાખવાની જરૂર છે. (પાસે જઇને પ્રકાશ) અમારે સાધુને સ્ત્રીઓ હોયજ નહીં, જાઓ દુર થાઓ. હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

વિશ્વમોહિની—ત્યારે બીલ્વમંગળજી, મારા મનથી તો હું તમનેજ પરણી ચુકી છું.

પોપટલાલ--(સ્વગત) હાય હાય પરણી ચુકી, જોઇ લ્યો આ મફતની મજા. આ તો બીલ્વમંગળ વીના બાવરી થઇ મનેજ બીલ્વમંગળ માને છે. માટે લાવને હુંજ બીલ્વમંગળ બની જાઉં. (પ્રકાશ) વાહરે બટુકડી બુલબુલ શું તારો પ્યાર, બસ લાચાર ! લાચાર ! પણ તું મને પાકે પાયે વચન આપે તો આ બંદા કબુલ રાખે, હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

વિશ્વમોહિની—પાકે પાયે શું, પ્રાણ જતાં સુધી હું તમને છોડીશ નહીં એવું વચન આપુ છું; પછી છે કાંઈ, મારૂં અધીરૂં મન ધીરજ ધરતું નથી સમજ્યા બીલ્વમંગળજી ?

પોપટલાલ-(સ્વગત) હાય હાય બીલ્વમંગળજી જોઇ લ્યો આ મફતની મજા. (પ્રકાશ) લે ત્યારે આ બંદાનું પણ વચન, અરપોં તનમન ધન

હવે તું બાવી ને હું બાવો પછી લઇએ દુનિયાનો લાવો. બસ બની જા રામકી તું હે હમારે કામકી, હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

નારદ--(સ્વગત) નારાયણ, નારાયણ, અરે આ કેટલી ભૂલ ? વિશ્વમોહિની આને બીલ્વમંગળ જાણે છે અને વચમાં પોપટીયો ખવાસ મોજ માણે છે, ચાલો ઠીક રંગ જામે છે.

વિશ્વમોહિની--અરે વાહરે મારા બીલ્વમંગળજી (સ્વગત) જોઈ લ્યો આ નારદજીએ બતાવેલ ભક્ત.

બીલ્વમંગળને ભલો ભમાવ્યો, પુરણ થઇ હું પાસ;

પોપટલાલ—(સ્વગત)

ખાસ થઇ નાપાસ શંખણી, બંદા જાત ખવાસ.

વિશ્વમોહિની— ગાયન.

કેવી લટક મટક ચાલ, મારા ગુલ ગુલાબી ગાલ, મતવાલા જોબનવારી નારીજી,

ખીલી જોબન ફુલવાડી ભ્રમર ચુંબે રસ દાડી—મતવાલા૦

પોપટીઓ—વાહ વાહ છેલી છબીલી નવેલી,

વિશ્વમોહિની-ચાલોજી છેલા તમે છો મીજમાન, માનો માનોજી વાત રહો રાજી દીન રાત, મોહન મારી સંગાથ-વાહજી વાહ-(૩)-કેવી.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ--ઉપવન.

પાત્રો—કળી, મોહ અને ક્રોધ.

કળી—(ક્રોધ યુક્ત પ્રવેશ કરે છે)

કુદે કળી જ્યાં કારમો, જાયે ધરા પાતાળમાં;
ઉડે કળી જ્યાં ગગનમાં, ત્યાં આભ ફાટે ફાળમાં.

ઉભો કળી જ્યાં ક્રોધથી, ચંપાય શેષ તો ભારથી;
કંપી નગો તુટી પડે, ઉભરાય સરિતા વારીધી.

મોહ—(પ્રવેશ કરીને)

મહારાજ કીંકર મોહ હું, આવી ઉભો તમ આગળે;
છે કોણ એવો જગતમાં, માને ન આજ્ઞા આ પળે.
જો હોય મરજી આપની, પૃથ્વી ચડાવું ચાકડે;
ઉંધા ચીતા કરી અવનવા, બાજી રમાડું હું દડે.

ક્રોધ—(પ્રવેશ કરીને)

કોનો ઉઠયો દીનમાન, કળી મહારાજ આજે કોપીયા;
હું ક્રોધ કાળો નાગ છું, કરડો કરૂં પુરે.જ હા.
આંખો છતાં અંધા કરી, સાહસ કરાવું પલકમાં;
કઇક કપાવું કઇક મરાવું, કઇક રડાવુ ખલકમાં.

કળી—બસ બસ.

જમાવી જબરજસ સત્તા, અજબ મારા જમાનામાં;
ચલાવ્યા કુટીલ મેં સંચા, કળીના કારખાનામાં.
બનાવી હોટલો હોંસે, જાતી અભિમાન મુકાવા;
મચાવી દારૂએ મોકાણ, સૌ ધન ધામ ફુંકાવા.
બનાવ્યા બ્રાહ્મણો મુર્ખા, કર્યા આચારીયો કુડા;
વધારી નારીની સત્તા, પહેરાવ્યા મર્દને ચુડા.

ક્રોધ—મહારાજ એક ઘણુજ નવાઇના ખબર લાવ્યો છું. આપના ત્રાસથી ધર્મ ભકિત નાશી જતાં જંગલમાં બે ભાન થઇ પડયાં હતાં તેને આપ પાસે લાવવા પકડવા ગયો ત્યાં તેમનું રક્ષણ કરવા એક મહાન તેજસ્વી બીલ્વમંગળ નામનો સંત પ્રગટ થયો તેના તાપથી હું ગભરાઈ ગયો અને એકદમ આપને સમાચાર દેવા હાજર થયો.

કળી—હે શું આ કળીરાયના રાજમાં એક સાધુડો સત્તાવાન થયો ? હા નિશ્ચય હવે તેનો કાળ નજીક આવી ગયો. પણ એ બીલ્વમંગળ પૂર્વાવસ્થામાં કેવો હતો ?

ક્રોધ—આપણા કાયદાને પૂર્ણ માન આપનારો હતો પણ અત્યારે મોટો ભગત બની ગયો છે; આજ કાલ પૃથ્વીતળમાં સોમગીરી, ચિન્તામણી અને બીલ્વમંગળ એ ત્રણ સાધુઓ ભક્તિવાન છે તેમાં વિશેષ બીલ્વમંગળ બળવાન છે.

કળી—હા બળવાન છે ? પણ એ ત્રણેનો નાશ કરવામાં આ કળી કાળ સમાન છે. બચ્ચા મોહ, હવે તું જલ્દી જા અને એ બીલ્વને તારી મોહ-જાળમાં જકડાવી સાધુપણું છોડાવી, નર્કના ગારમાં લઈ જા.

ક્રોધ—જેવી આજ્ઞા, દાસ તૈયાર છે.

કળી—શાહબાશ, બહાદુરો મારો આટલો ઉદ્દેસ યાદ રાખજો.

ધર્મને મારવા કાજે, કળી આ ક્રોધથી ગાજે;
બીલ્વને બાળવા કાજે, કળી આ ક્રોધથી ગાજે.
ભૂમીમાં ભક્તિ રહી છે કયાં, કળી આ ક્રોધથી ગાજે;
લાવો બસ યુક્તિ કરી અહીયાં, કળી આ ક્રોધથી ગાજે.

(જાય છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—રસ્તો.

પાત્રો—મોહ, નારદ, બીલ્વમંગળ, મંગળાગવરી તથા સખીયો.

મોહ—(પ્રવેશ કરીને) અહા ! હું કોણ ? ષડ રીપુ માંહેલો મોહ, સંસાર માત્ર મોહને આધીન છે. દેવ દાનવ અને માનવ મોહ માયાને આધીન થઈ કળીની જાળમાં ફસાય છે. જેમ કામદેવનો સાહ્યક વસંત છે તેમ કળીનો સાહ્યક મોહ છે. મોહની સત્તા પ્રબળ છે. તેજ હું મોહ મહારાજા કળીરાયની આજ્ઞાથી એ સાધુડા બીલ્વમંગળનું સત્યાનાશ કાઢવા આવ્યો છું પણ તે હશે કયાં ?

નારદ—(સ્વગત) આ મોહ આજ આ સ્થળે ક્યાંથી ? કળીની જાળમાં ફસાવનાર આ મોહ છે; હાલ વિચીત્ર વેષથી ભૂમીપર સ્વસ્વરૂપે શા કારણે આવ્યો હશે ? લાવ પ્રગટ થઇ તપાસ કરૂં. (પ્રકાશ) કેમ કળીના સાથી આજે શા કારણથી આ સ્થળે આવવાનું થયું છે ? વળી કોઈ સંતનું સત્યાનાશ કાઢવું છે કે શું ?

મોહ—મહારાજ વંદન કરૂં છું. હું કળીરાયની આજ્ઞાથી ભગતડા બીલ્વ-મંગળને ભોળવવા ને મારી સત્તા અજમાવવા આવ્યો છું.

નારદ—(સ્વગત) આ મોહને પણ પેલી વિશ્વમોહિની માફકજ અભીમાન થયું છે તો તેનું પણ અભીમાન ઉતારવાની જરૂર છે. (પ્રકાશ) જો એમ છે તો આ રસ્તે થઇ એ બીલ્વમંગળ સંત વૃજમાં જાય છે તેના પર તારી સત્તા અજમાવ, જો તું તેમાં ફાવે તો બળીયો ખરો.

મોહ—મુનીવરજી આ મોહની સત્તાથી મોટા મોટા મહદ તપધારી મુનીજનો મોહ્યા છે તો આજકાલના સાધુના શા ભાર છે. જુઓ કે જોગીના ભોગી બનાવી દઉં ત્યારેજ હું ખરો મોહ.

બીલ્વમંગળ—રાધેશ્યામ, રાધેશ્યામ.

મોહ—(બીલ્વને દુરથી જોઇ) આ બીલ્વમંગળના હૃદયમાં પ્રવેશ કરી તેને મોહાંધ બનાવું. (મંગળાગવરીને સખીયો સહીત આવતી જોઇને) અહો ! સમય પણ ઠીક છે. વટસાવીત્રીનું પુજન કરી આવતી મંગળાગવરી વિપ્ર તનયા પર તેને મોહાંધ બનાવું ને નારદ મુનીને મારી સત્તા બતાવું.

બીલ્વમંગળ—(ગાતો ગાતો પ્રવેશ કરે છે.)

વૃજમાં જાશું જમના નાશું, નંદભૂવન નીરખી હરખાશું;
વૃંદાવન બંસીબટ સુંદર, કુંજગલી ફરવાને જાશું.
વંદીશું ગીરીરાજ ગોવરધન, રાસ ભૂમી રજમાં રોળાશું;
વૃજપતિના વહાલા જન મળીને, ગોવિંદ ગુણ ઉમંગે ગાશું.

(મોહમંત્રથી બીલ્વમંગળ મંગળાગવરીને જોઇ મોહાંધ થાય છે)

મંગળા તથા સખીયો—(ગાતી ગાતી પ્રવેશ કરે છે.)

વધાવી લ્યો શીયળ સતિ નારી,
સંસારમાં એ અભીષ્ટ છે ને વળી જયકારી.
સતિ સીતા તારામતિ, સતિ અનસૂયા સૂર્ય;
સાવિત્રી ધન્ય ધન્ય સતિ, પતિ ધર્મ આશ્ચર્ય-વધાવી.
સેવા સાચી સ્વામીની, નારી ધર્મ અવિચ્છીન;
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, પતિવૃતા સતિ ધન્ય-વધાવી.

બીલ્વમંગળ—વાહ ! વાહ !! આ તો:--

કોમળ કળી છે કુસુમની, વિકસીત લાલ ગુલાલ;
મદન સદન એ સુંદરી, જોતાં ઉપજે વહાલ.

મંગળાગવરી—(બીલ્વમંગળને જોઈને) અરે ! આતો કોઇ સંત મહાત્મા જણાય છે. મહારાજ, આજે અમારે સ્ત્રીઓને પતિ પુજન કરવાનો મહીમા છે તો આપ અમારે ઘરે પધારી શાસ્ત્ર આધારે પતીવ્રત ધર્મનો ઉપદેશ સંભળાવવાની કૃપા કરશો.

બીલ્વમંગળ—તમારે પતિ પુજન કરવાનો મહીમા આજ છે, તેમ સંત પુજન કરવાનો મહીમા પણ આજ છે.

મંગળાગવરી--હા, મહારાજ સંતનું સનમાન તો અમે હમેશાં કરીએ છીએ; માટે મહાત્મા આ રસ્તે થઈ ચંદ્રચોકમાં મારા પીતાશ્રીનું ઘર આવે છે; વધારે નીશાનીમાં ઘર પાસે શ્રી રાધાકૃષ્ણનું મંદીર છે ત્યાં આપ બપોરના બાર વાગ્યાને સુમારે ભોજન માટે પધારજો.

બીલ્વમંગળ--જરૂર જરૂર આવીશ. તારી સેવા મને બહુજ ગમે છે.

મંગળાગવરી—પધારજો ગુરૂજી.

(સર્વે ઉપરનું ગીત ગાતી જાય છે બીલ્વમંગળ મોહાંધ થઇ તેની પાછળ દોરાય છે)

નારદ—અરે આ શું બીલ્વમંગળ બદલાઇ ગયો ?

મોહ—કેમ મુનીરાજ આ મોહની સત્તા જોઇ ?

નારદ—અરે મૂર્ખ, સત્તા શું જોવાની છે? ક્યાંક ખત્તા ખાઇ બેશીસ. જેને ફસાવવામાં વિશ્વમોહિની.ન ફાવી તો તું શા હીસાબમાં.

મોહ—વિશ્વમોહિની ભલને ન ફાવી પણ મેં કેવો તમારા સંતને સપડાવ્યો છે અને હજી પણ વધારે સપાટામાં લઉછું, તેની ખાત્રી કરવા ચાલો મારી સાથે મંગળાગવરીને ત્યાં.

નારદ—ઠીક છે ઠીક, ચાલ. (બંને જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ--મંગળાગવરીનો મહેલ.

પાત્રો--મંગળાગવરી, સખીઓ, અક્કલશંકર, બીલ્વમંગળ, નારદ, મોહ પાછળથી વીદ્યાધર તથા નિર્મળા.

મંગળા તથા સખીઓ-- ગરબો.

સખી શીયળ શ્રંગાર મેં દીપાવીયો, સતિ નારીના મનમાં જે ભાવીયો;
હેમ હીરા શ્રંગારને હરાવીયો.........................સખી.

સાખી.

પતિ એજ પરમાત્મા, એજ ધર્મ તપ ધ્યાન;
સતિને સેવા સ્વામીની, એજ મોક્ષ કલ્યાણ.
સતિ નારી તે શીયળે શોભેરે, સાચો વિજય વરે;
આનંદનો દધી ઉલટે છે રે, શીયળ શોભા ભરે;
એરે શ્રંગાર મેં અંગે ધર્યો, સાચો વિજય વર્યો.

સાખી.

શ્રદ્ધાનાં કંકણુ ધર્યાં, ઉર સંતોષના હાર;
સ્વામી ભક્તિ આંદલો, શીયળ સાડી શ્રીકાર......સતિ.

અક્કલશંકર--(આવીને) છટક પટક ગચ્છતી દીર્ઘ શોત્રં (૩) ભો. બાલીકા ત્વાં કીં કુરતે?

મંગળાગવરી—પધારો પધારો મારા પતિ, મારા પ્રભુ મારા પર કૃપા કરી; હું તમારીજ વાટ જોતી હતી. તમારે સારૂ મેં સુંદર પુષ્પનો હાર ગુંથી રાખ્યો છે, ચંદન તૈયાર કરી મુકયું છે, બીરાજો હું આપની પુજા કરૂં.

અક્કલશંકર--ઇતિ અનર્થ મુલાની અહં જાનાસી ત્વાં કીં કુર્ફતે? અહં બરાબર જાનાસી, હું બરાબર જાણું છું, સમજું છું કે તું મને આ વશ કરવાનો ઉપાય કરે છે. દરરોજ મંત્ર ભણીને થોડું પાણી, થોડા ચોખા અને થોડું પેલું પીળું પીળું હળદર જેવું કશુંક છાંટે છે તેથી હું કાંઇ તારે વશ થઇ જાઉં તેમ નથી. અહં શાળા પ્રતિ ગચ્છતી છટક, પટક ગચ્છતી દીર્ઘ શેત્રં.

મંગળા—હું તો તમારી ખરા ભાવથી સેવા કરૂં છું. સ્વામી, પ્રભુ ઉભા રહો, હું તમને પગે લાગીને કહું છું કે મને પૂજા કરવા દ્યો. આજે વટસાવિત્રીનું પર્વ છે તેથી દરેક સ્ત્રીઓને પતિપૂજન કરવાનો મહીમા છે. હું આપને બહુવાર નહીં રોકી રાખું બેસો.

અક્કલશંકર—શું કરૂં તારા બાપને ઘેર રહ્યો છું તેથીજ દબાએલો છું. પણ તું એમ ન જાણીશ કે તારો બાપ દીવાન છે, મોટો પૈસાવાળો છે તેથી હું તારી કે તારા બાપની પરવા રાખું. એમ તો હું પણ કુળવાન છું, જુના જાજરૂની ઈંટ છું; આ મોંઢામાંથી વાત બહાર કાઢું કે તુરત કન્યાઓનો ઢગલો, લે આ બેઠા. સત્વરં કુરૂ. છટક પટક. (મંગળા પુજા કરે છે, અરધી પુજા થતાં) અહં ઠંડં લગંતી (૨) ગચ્છ ગચ્છ ગચ્છ (નાશી જાય છે.)

બીલ્વમંગળ--(પ્રવેશ કરી)

જુવતી જોબન મંદીરે, મદનરાજનો મહેલ;
આજે અતી ઉમંગથી, પ્રીતમ કરશે સહેલ.

આ જ મંગળાગવરીના પીતાનું મકાન લાગે છે.

મંગળાગરી--(સંતને જોઇ) અરે આતો પેલા સંત મહાત્મા પધાર્યા, પધારો પધારો મહારાજ બીરાજો આસન પર. (બેસવા આસન આપે છે.)

બીલ્વમંગળ--કેમ તમારા કહેલા વખતે બરાબર આવ્યો છુના ? જો વાર થઇ હોય તો ક્ષમા કરશો.

મંગળાગવરી—મહાત્મા એ શું બોલો છો સેવકનું સનમાન હુકમથી થાય, ક્ષમા શબ્દ સેવકજન પ્રત્યે કહેવો એ ધમશાસ્ત્રથી અવિવેક કહેવાય, અન્યાય ગણાય.

બીલ્વમંગળ—ન્યાય અન્યાય, વિવેક, વિચાર એ જુદાઇના સબંધ છે પણ જ્યાં ભીન્નતા નથી ત્યાં આજ્ઞા કે હુકમમાં જરાએ ફેર નથી.

મંગળાગવરી--મહાત્મા ! રસોઇ સર્વ તૈયાર છે માટે આપ અંદર પધારો તો સ્નાન કરાવી ભોજન પીરશું.

બીલ્વમંગળ—તારા ભોજનને શું કરૂં, હું ભોજનની ઇચ્છાથી અત્રે આવ્યો નથી.

મંગળાગવરી--ત્યારે આપ શી ઇચ્છાથી આવ્યા છો ? મહાત્મા ! જે આજ્ઞા હોય તે સુખેથી કહો.

બીલ્વમંગળ—સાંભળ સુંદરી, આ તારા સર્વાંગની સુંદરતાથી મોહ પામી તારા ચંદ્ર સમાન રસભર્યા મુખની મનોહરતાથી લોભાઇ પ્રેમભિક્ષા લેવા આવ્યો છું. સમજી ? તારા પ્રેમામૃતનું ભોજન મને બસ છે. બીજા ભોજનની જરા પણ દરકાર નથી.

મંગળાગવરી—(આશ્ચર્ય થઇ) અરે ! આ તો ધર્મ કરતાં ધાડ આવી, પુન્ય કરતાં પાપ બંધાણું, પતિ પુજનના માંગલિક પ્રસંગે સંત પુજન સારૂ મહાત્માને બોલાવ્યા તો મહાત્મા દુરાત્મા નીકળ્યા. હરી ! હરી !! તેં લાખો સતિઓને સાહ્ય કરી છે, ધર્મી મનુષ્યોના ધર્મ જાળવ્યા છે. સીતા, તારામતી, દમયંતી અને દ્રૌપદી જેવી મહા સતિયોની તેં લજ્જા રાખી છે તો મારી પણ લજ્જા રાખવી તારાજ હાથમાં છે.

બીલ્વમંગળ—મને શું થાય છે તે કાંઈ સમજાતું નથી.

મોહ—(બાજુપર) હાં, હાં, કયાંથી સમજાય ? ભક્તરાજ મોહાંધ થયા છો, લટ્ટુ બની ગયા છો. કેમ મુનીરાજ જોયા કે તમારા સંત ?

નારદ—અરે મોહ ઉતાવળ નહીં કર, શું થાય છે તારા હાલ તે જો.

મંગળાગવરી—(સ્વગત) આ મહાત્માને કાંઈ યુક્તિથી સમજાવું અને વિષય સમુદ્રમાં ડુબતા પવિત્ર જીવને ઉત્તમ બોધ આપી બચાવું. (પોતાની જરીની ઉત્તમ સાડી પાથરીને બીલ્વમંગળને) મહાત્મા, આ સાડી પર પધારો.

બીલ્વમંગળ—સુંદરી, આવી ઉત્તમ સાડી ધુળમાં શા માટે પાથરી ખરાબ કરે છે ? લઇ લે, લઇ લે, સાડી લઈ લે.

મંગળાગવરી—મહાત્મા, આપ સંત કરતાં આ સાડીની કીંમત હું વધારે ગણુતી નથી. સાંભળો આજે પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગશે, ચંદ્રમાંથી અમૃતને બદલે અગ્નિ ઝરશે, સમુદ્ર આજે માઝા મુકશે અને મેરૂ ચલાયમાન થશે.

બીલ્વમંગળ—કારણ ?

મંગળાગવરી—કારણ એજ કે આપ સંત પુરૂષ તમારા ઉગ્ર તપરૂપી સ્વર્ગ સુખનો ત્યાગ કરી આ મારી ચામડાથી મઢેલી ગંદી ગોબરી દેહપર જેમઃ—

સારંગીના નાદ પર, મૃગ મૃત્યુ કર જાય;
દીપક પર પ્રેમાંધ થઇ, પતંગીયો હોમાય;
પતંગીયો હોમાય તેમ, તમ થાવા બેઠું;
વિષય વાસના માંહી, ચિત્ત તમ આજે પેઠું;
(વળી)—**આ મમ કાયા જોઇને, બેઠા તપને બોળવા;**
તો તે પર તૈયાર છું, લાખો સાડી રોળવા.

ભક્તિ—(અંતરીક્ષથી)

સાચું કુંદન સંત છે, સતિ સમજી ધર ધીર;
મોહ નષ્ટ આવી કરૂં, સંત પુરૂષ બલવીર.

(બીલ્વમંગળ પર પુષ્પવૃષ્ટિ કરી અદ્રશ્ય થાય છે.)

બીલ્વમંગળ—(સ્વગત) અહા ! આ શું ! હું અહીં ક્યાંથી ! મારો વ્રજમાં જવાનો માર્ગ ક્યાં ? અરે આ સતિ સાધ્વી પ્રત્યે મારી નીચ વૃત્તિ

કેવી ! આ શો ગજબ ! રાધેશ્યામ, રાધેશ્યામ, હા સમજ્યો, બીલ્વમંગળ તું મોહના પાસમાં સપડાયો છે, જકડાયો છે, પકડાયો છે, મોહે તને ભમાવ્યો છે અને તારાં જીતના કાર્યમાં હરાવ્યો છે. અહા ! ધન્ય છે સતિ માતા તમોને ધન્ય છે.

અપરાધી આ બાળક પરે, ઉપકારનો કર ધારીયો;
ઉપદેશ અમૃત પાઇને, વિખ વિષય રોગ નિવારીયો.
ગંગા રૂપ તું આવડી, મોહાંધ પાપી તારીયો;
ધન્ય છે સતિ સાધવી, આ જીવ અધમ ઉગારીયો.

(પગમાં પડે છે)

મંગળાગવરી—સંત મહાત્મા, આપ તો સંસાર સાગરના શેતુરૂપ છો, મોક્ષ પંથના દાતા છો, ધર્મના પાલક છો, ભૂમીપરના પ્રગટ પ્રભુરૂપ છો અને તેથીજ તમો ઉત્તમોત્તમ છો.

બીલ્વમંગળ—માતા હું ઉત્તમ નથી પણ તમે ઉત્તમ છો. શું કહું જેમ નિષ્ફળ થએલ નિશાળીયો, કામેથી ઉતરેલ કામદાર અને હીમ પડવાથી જેમ કમળનાં પુષ્પ ફીક્કાં લાગે છે, તેમ મારી સાધુતાની મહત્તાથી અને ભક્તિ પંક્તિથી આજે હલકો પડયો છું. હા પ્રભુ ! આ પાપથી હું કયારે મુક્ત થઇશ. ? (સંતાપ કરે છે.) અરે મારા હૃદયને ચલાયમાન કરનાર, સંતની ઉત્તમ ગતીથી ગબડાવી પાડનાર પાપી પ્રપંચી નીચ મોહે મારા શરીરમાં પ્રવેશ કર્યો છે. નીકળ બચ્ચા બહાર, સામે આવ, નહીં તો બાળીને ભસ્મ કરીશ.

મોહ—(ગભરાતો ગભરાતો આવીને) પ્રતાપી ભક્તરાજ, હું તમારો મહાન અપરાધી છું. મેં આપની પ્રભુતા જાણ્યા શિવાય કળીરાયની આજ્ઞાથી આપની ભક્તિમાં અડચણ કરી છે તેથી ક્ષમા માગું છું. દયાળુ સંત દયા કરો, મને માફ કરો, માફ કરો. (પગમાં પડે છે)

બીલ્વમંગળ—અરે નીચ તને માફ, તારાપર દયા, કદાપી નહીં. ઓ અધમતાના ભંડાર, કુટીલતાના સાગર તારા રાઇ રાઈ જેવડા ટુકડા કરી તને બાળી મુકવો જોઇએ. પરંતુ મારા સાધુ ધર્મથી નાઇલાજ બની તને જીવતો છોડું છું. પણ કહે પાપી તારૂં હૃદયમાં રહેવાનું સ્થાન કયાં છે ? અને તેં કઇ ઇંદ્રિ દ્વારા મારા શરીરમાં પ્રવેશ કર્યો ?

મોહ—મહારાજ મેં ચર્મચક્ષુ દ્વારા પ્રવેશ કરી આપને મોહાંધ કર્યા છે હવે હું મારા અપરાધની આપની પાસે માફી માગું છું.

બીલ્વમંગળ—ભાઇ તને માફ છે, તારી પણ દુનિયામાં જરૂર છે. જો નીચ મનુષ્યો ન હોત તો ઉત્તમ જન પરખાત નહીં. દુરીજન ન હોત તો સજ્જન ઓળખાત નહીં. જા દુષ્ટ જા, સંતને સંતાપનાર તારા કળીરાજાને કહેજે કે તારો બદલાવ્યો આ બીલ્વ હવે નહીં બદલાય. ધર્મ ભક્તિને આ હૃદયમાં જડયાં છે તે જીવ જતાં સુધી પણ જુદાં નહીં થાય (૩)

નારદ--(મોહને) કેમ આંધળા મોહ તું તે માયાનો માંટી કે ચેલો? કેમ સંતને પગે લાગ્યો?

મોહ--મુનીરાજ, મેં આવા પ્રતાપી સંત નહોતા જાણ્યા. હવે માફ કરો જય પ્રભુ! (જાય છે.)

નારદ--અહા, બીલ્વમંગળ તને ધન્ય છે, તારી ભક્તિને પણ ધન્ય છે કે પ્રભુ તારી સંભાળ રાખે છે. સાચું છે કે જેને રામ રાખે તેને કોણ મારી શકે છે.

બીલ્વમંગળ—અરે અલ્પજ્ઞાની! સંતનો ખોટો ડોળ કરનાર જીવડા એક નાલાયક મોહના સપાટામાં સપડાઇ ગયો? તને ખબર નથી કે કોઇ ફકીર પોતાને અમીર માને પણ તેથી કોઇનું દરીદ્ર ભંગાય નહીં, કોઇ ગાંડો માણસ પોતાને રાજા માને પણ પ્રજા તેને માન આપેજ નહીં. તેવી રીતે ઇંદ્રિયોના પુર્ણ નિગ્રહ વિના સાધુતા પમાય જ નહીં. હા! ચક્ષુ ઇંદ્રિએજ મને છેતર્યો છે, ભમાવ્યો છે, હરાવ્યો છે ને નીચ મોહને પ્રવેશ થવાનો માર્ગ બતાવ્યો છે માટે તેને પ્રતીત શિક્ષા કરવી જોઇએ. (મંગળાગવરીને) સતિ માતા ઘરમાંથી બે સોયા લાવી આપો.

મંગળાગવરી—આપ ભોજન કરી લ્યો પછી સોયા આપીશ, આપને સોયાનું શું કામ છે?

બીલ્વમંગળ—મારો એક ભક્તિરૂપી વસ્ત્રનો સીધો પાટ ત્રુટી ગયો છે તેને સાંધવો છે. માટે માતાજી જલદી સોયા લાવો. (મંગળા સોયા

લેવા જાય છે) અરે હું સ્ત્રીના રૂપમાં લોભાઈ આ ચર્મચક્ષુ દ્વારા મોહ પામી સંતના ભેખને લજાવવા રૂપ કાર્ય આરંભતાં ઉત્તમ સતિના પ્રભાવથી બચવા પામ્યો છું તો હવે આ મારાં ચર્મચક્ષુને સદાનાં બંધ કરી હૃદય ચક્ષુને જાગૃત કરૂં.

મંગળાગવરી—(સોયા લાવી બીલ્વમંગળને) લ્યો મહારાજ આ સોયા.

બીલ્વમંગળ--લાવો મારી માતા. અરે મને સતિ સાધવી ઉપર કુદ્રષ્ટી કરાવનાર ચક્ષુ, અરે મારા નાથનું ભજન ભૂલાવનાર ચક્ષુ, અરે મારા વૃજના સીધા પંથને તજાવનાર ચક્ષુ, તને શિક્ષા કરૂં છું તે સહન કર. (સોયા આંખમાં ધોચી આંખો ફોડી નાખે છે) રાધેશ્યામ, રાધેશ્યામ. રાધેશ્યામ.

મંગળાગવરી—અરે ! અરે !! સંત મહારાજ આ શું કર્યું ? અરે કોઈ દોડજોરે દોડજો, આ સંત મહારાજે પોતાની આંખો ફોડી નાંખી.

સર્વે—(આવીને) અરે ! અરે !! સંત મહાત્મા, આ શું કર્યું ? તમે આંખો કેમ ફોડી નાંખી ?

બીલ્વ--સતિના પ્રતિ કુ દૃષ્ટિ કરી, આ નેત્રે મુને ભમાવીઓ;
ગોવિંદ ગોકુળચંદ્રના, શુભ ભજનથી છોડાવીઓ.
વળી પંથ વૃજ વસુધા તણો, ચુકવી વૃથા અહીં લાવીઓ;
આ મૂર્ખ મારી આંખને, શીક્ષા કરી સમજાવીઓ.

મંગળા-મહારાજ મુજને છેતરી, સોયા મંગાવી આ કર્યું;
તમ સંત આવી આંગણે, દુઃખ પામી હાય હુંતો મરૂં.

બીલ્વ૦-સોયા મંગાવી સ્નેહથી, મમ શ્યામ સ્નેહને સાંધીયો;
ભવની બધી ભાવટ ગઇ, આનંદ ઉરમાં વાધીયો.

મંગળા-આજ્ઞા કરો સેવા કરૂં, સાચા હૃદયથી હે વિભુ;
અપરાધી આજ બની રહી, શું મૂખ લઇ જીવું પ્રભુ.

બીલ્વ૦-સીતા સતિ તારામતિ સમ, મંગળા તું છે સતિ;
આપો રજા હું જાઉં છું, વૃજમાં નીરખવા શ્રીપતિ.

ગાયન.

મેં અલગ કર્યાં લોચન, ટળીયાં સર્વે વિઘન;
છે ધન્ય આજનો દન, વરસ્યો ભક્તિ પરજન્ય.
સાચા પંથે હું ચડીયો, મમ હૃદયની ચક્ષુ ઉઘડીયો;
આનંદ સાગરમાં પડીયો હરખ્યું મન....... મેં૦

મંગળાગવરી તથા સર્વે--

કયાં અંધ બની આથડશો, અત્રે રહી ભકિત કરશો;
વિનતી અમ ઉરમાં ધરશો,
બીલ્વ૦-મને વૃજને રસ્તે ચડાવો સમજુ જન. મેં૦

પ્રવેશ ૯ મો.

સ્થળ—વૃજનો રસ્તો.

પાત્રો--પોપટલાલ, ચિન્તામણી પાછળથી વિશ્વમોહિની.

પોપટલાલ--(પ્રવેશ કરીને)

અગડબંબ જોગી બન્યો, ભારે ભભકાદાર;
ધુતુ ઢોંગ મચાવીને, પક્કા છે પોબાર.

મારી પેલી મનમોહિની હમણાં આવું છું એમ કહીને કોણ જાણે કયાંય પસાર થઇ ગઇ. (જોઇને) પણ કામ ફતેહ, સામે પેલી ચિન્તામણી આવે છે માટે ચાલ તેને ફંદમાં ફસાવું ને દાવ આવે તો રામકી બનાવું, હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

ચિન્તામણી--(ગાતી ગાતી પ્રવેશ કરે છે)

ગાયન.

શાણા શામળીયા સાથે સાધી લે સુરતીયાં;
સાચા છે સુંદીર શ્યામ......આ......આ.
જુઠી જંજાળ જગની, મુકી મન મુરખા મારા;
ગાને જીભેથી નંદલાલ, મુરતી મનમાં આપી
છાપી જાપી...આ. ......આ........શાણા.
વહાલા વીઠુલવર સારા, તારા નયનોના મારા;
પ્રેમે પુજી લે વૃજલાલ, મુરતી મનમાં આપી
છાપી જાપી..આ........આ........શાણા.

પોપટલાલ—વાહજી મુરતીયાં, વાહજી સુરતીયાં.

ચિન્તામણી—(ઓળખીને) કોણ ! પ્રધાન પક્કા પોપટલાલ ?

પોપટલાલ—નહીંજી, પ્રધાન થે હમ પહેલે અબ અબધુત જોગીકે ચેલે. કેમ ચિન્તામણી, તું પણ રંગમાં રંગાણી એ જાણી હું બહુજ ખુશી થયો. હવે બંને જણાં સાથે મળી નવા નવા રંગ જમાવશું ને ભોળી દુનીયાને ભમાવશું. બસ બની જા રામકી તું હય હમારે કામકી, હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

ચિન્તામણી—ભાઇ, તું સાધુ થયો પણ વિકાર ગયો નહીં, ભેખ ધર્યો પણ ભાવ ફર્યો નહીં, રંગ જોયો પણ રંગમાં રંગાણો નહીં, ત્યાં સુધી તારી સાધુ વૃત્તિ શા કામની ? ખરેખર તારા જેવા પાપી વાસનાથી ભરપુર જુઠા જોગી જગતમાં થોડા છે, આ તારા ભેખ ઉપર હજારો હજાર જોડા છે. રાધેકૃષ્ણ રાધેકૃષ્ણ.

પોપટલાલ—(**સ્વગત**) વોય તારી, આતો જ્ઞાનમાં ગળી ગઇ જણાય છે, પણ **ફીકર નહીં.** (**પ્રકાશ**) અરે પ્યારી આ તું શું બોલે છે ? મેં તો તારી ખાતરજ આ વેશ ધારણ કર્યો છે, અને હવે બાવો બનાવી ચાલી જઇશ તો રૌ રૌ નર્કની અધિકારી થઇશ. માટે બીજા

વિચાર છોડી દે અને આ જોગીડા સાથે જીવ જોડી દે. બસ બનીજા રામકી તું હે હમારે કામકી. હાંજી હમ અબધુત જોગીકે ચેલે.

ચિન્તામણી—અરે કુટીલ કાગડા તારાં કઠણ વચન મને નહીં સંભળાવ, મારા કાન અપવિત્ર થાય છે. જો આજે એકાદશીનો દીવસ છે માટે મનનો નિગ્રહ કરી, ઇચ્છા માત્ર પરહરી ભાવ ધરી ભુધરનું ભજન કર કે જેથી જનમ મરણનો ફેરો ટળે સમજ્યો વીરા !

પોપટલાલ—અરે વીરાની વહુ, ભકતાણી બની બોલે છે બહુ; પણ ભેખનો ભેદ જાણે છે કે ખાલી આંખો તાણે છે. દુનીયાની ખરી ખુબી, ખરો વૈભવ અને ખરી લીજત આ ભગવાંમાંજ ભરાયલી છે. માટે જો સુખી થવું હોય તો બસ બનીજા રામકી, તું હય હમારે કામકી. હાંજી હમ અબધુત જોગી કે ચેલે. (એમ કરી ભેટવા જાય છે)

ચિન્તામણી-રહે દુર ઉભો દુષ્ટ ઓ, મુજને સતી તું જાણજે;
દામોદરા આ દીનપર, સત્વર દયા તું આણજે.

હે નાથ બાંહ્ય ગ્રહેકી લાજ તારે હાથ.

(જાય છે ને વિશ્વમોહિની આવે છે.)

પોપટલાલ--(સ્વગત) અરે આ શો ચમત્કાર ! શું હું ભાન ભૂલ્યો કે ભ્રમણા થઇ, નકી ચિન્તામણી સટકી ગઇ. અરે ગઇ તો છો ગઇ આ મારી પ્રથમની પ્યારી હાજર થઈ, પણ હું પેલીની સાથે વાત કરતો હતો તે જાણી ગઇ હશે તો ભોગ મળશે; પણ ફીકર નહીં, બંદા કાંઇ બીજો ઘાટ ઘડશે. (પ્રકાશ) કાં મારી મટકાળી માશુક મારા ભેખને ભ્રષ્ટ કરી ભાગી જવાય કે ? હું તો તનેજ ખોળતો હતો ત્યાં તું મળી એટલે દુધમાં સાકર ભળી. બસ બનીજા રામકી, તું હય હમારે કામકી. હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

વિશ્વમોહિની--દુરથી વાત કરો, મને એવાં ખોટાં બાનાં બતાવશો નહીં અને મારી પાસે આવશો નહીં સમજ્યા ? નહી તો હું જીભ કર-ડીને મરીશ હા.

પોપટલાલ—એ ના, જો તું જીભ કરડીને મરીશ તો હું આપઘાત કરીશ, અવગતીયો થઇ પાછળ ફરીશ, પણ તને હું છોડીશ નહીં, સમજી; માટે બસ બનીજા રામકી, તું હય હમારે કામકી. હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

વિશ્વમોહિની—બસ વહાલા, હવે મને તમારી પુરેપુરી ખાત્રી થઇ કે તમે ખરા પ્રેમી છો, પણ આ તમારો ભીખારી સાધુનો વેશ મને બીલકુલ ગમતો નથી. માટે ઉત્તમ કપડાં પહેરી મોટા મહાત્મા જેવા લહેરી બની જાઓ તો મારૂં મન માને.

પોપટલાલ--(સ્વગત) હાય હાય, મન માને, જોઇ લ્યો આ મફતની મજા. (પ્રકાશ) ભલે ભલે પ્યારી આ વેશ ઉતારી બની જાઉં મોટા મહાત્મા જેવો લેહેરી, માટે તાકીદે અચ્છાં કપડાં કરાવ ને મને પ્રેમથી પહેરાવ. બસ બનીજા રામકી, તું હય હમારે કામકી. હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

વિશ્વમોહિની—ઘણીજ ખુશીથી.

વાલમજી તમ માટે કફની, ચકચકતી શીવડાવું;
ટોપી ત્રીકમજી કેરીમાં, નવલી ભાત પડાવું.

પોપટ—વાહ પ્યારી તો એ ટોપીને, મુજ માથામાં ઘાલું;
ઝગમગતી કફની પહેરીને, તુજ સંગાથે મહાલું.

પણ મારે તો તારી સાથે પરણવું છે.

વિશ્વમોહિની—(સ્વગત) પરણ તારી માને.

પોપટલાલ--(સ્વગત) બસ ફતેહ, આપણા લગ્નની તૈયારી થઇ ચુકી. (પ્રકાશ) વાહ પ્યારી, બસ બનીજા રામકી, તું હય હમારે કામકી. હાંજી હમ અબધુત જોગી કે ચેલે.

વિશ્વમોહિની—વાહરે મારા બીલ્વમંગળજી બાવા, મેં તમને નહોતા જાણ્યા આવા, શું તમારો પ્યાર.

વિશ્વમોહિની-- ગાયન.

હાંહાં રે ચાલો ચાલો, પ્રિતમજી પ્રાણાધાર (૨)

તમારી વ્હાલા હું છું રસીલી, રંગીલી છબીલી છટાદાર-હાંહાં રે.

પો૦-બની જા પ્યારી તું તો રામકી હમારે કામકી મજાદાર,

ભલું થયું હું સાધુ બનીયો, રામા મળી રૂપાળી;

આનંદ પામું આજે ઉરમાં, નયનોથી નિહાળી;

ચાલોજી ચાલો, તમારી........................હાંહાં રે ચાલો.

(બંને જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ--મંગળાગવરીનું ઘર.

પાત્રો—અક્કલશંકર, મંગળાગવરી, વિદ્યાધર અને નિર્મળા.

અક્કલશંકર--ચટક પટક ગચ્છતી દીર્ઘ શોત્રં.

સ્વસુર ગૃહ નીવાસં કષ્ટાકારં ભારી દુ:ખં ભણંતં

અતી અપમાનં માનહારં કવા પી મારં સહંતં

અહં અતી વીદ્વાનં તદપી હરદીના મશ્કરી સૌ કરંતં

અહં બ્રહ્મ કુમારં અતી કુળવાનં સર્વ ગદ્ધા કહંતં

અહં બ્રહ્મકુમારં અતી કુળવાનં તદપી સ્વસુર ગૃહરહંતં

તસ્માત કારણાત સર્વ ગદ્ધા કહંતં.

નિર્મળા—અક્કલશંકર એ અક્કલશંકર, તમે સંધ્યા કર્મથી પરવારી લ્યો, રસોઇ તૈયાર છે.

અક્કલશંકર—(આશ્ચર્ય થઇ) સંધ્યા ઇદં શબ્દં કીં ! સંધ્યા એ શબ્દ શું

છે ? કેન ગ્રંથા ધારે ! કયા ગ્રંથને આધાર હશે ? ન અમર કોષેન, ન સ્ત્રી લીંગાની, ન પુરૂષ લીંગાની. સંધ્યા શબ્દ અમર કોષમાં નથી, સ્ત્રી જાતીમાં નથી, તેમ પુરૂષ જાતીમાં પણ નથી, તદપી નપુંશક લીંગાની ન ભરતી તેમ નાન્યતર જાતીમાં પણ નથી. ત્યારે સંધ્યા એટલે શું ? આ શહેરના લોકો એવા અટપટા શબ્દ બોલે છે કે હું કાંઇ સમજી શકતો નથી. (વીચાર કરીને) હાં, સમજ્યો સમજ્યો, સંધ્યા એટલે રાત, રાત્રે જઇએ છીએ લોટે જવા તેનેજ આ શહેરના લોકો સંધ્યા કરવાનું કહેતા હશે. હાં, ઠીક.

નિર્મળા—અક્કલશંકર તમારા સસરા આવી પહોચ્યાં છે, માટે તમે જલ્દી સંધ્યા કરી લ્યો.

અક્કલશંકર--અરે પણ હું સંધ્યા કરાણો ન થયો હોઉં તોય પરાણે સંધ્યા કરાણો શી રીતે થાઉં ? મેં તો સવારમાં સંધ્યા કરી છે, સ્નાન પણ કર્યું છે, હવે તો ફકત જમવા ટાણે બોલાવજો.

નિર્મળા—પણ મેં તો આજ તમને સંધ્યા કરતાં આખા દીવસમાં જોયાજ નથી.

અક્કલશંકર—એ હું તમારા દેખતાં કોઇ કાળે પણ સંધ્યા કરવાનો નથી. સાળું શરમ ન આવે. (મંગળાની મા જાય છે) હવે મારા સસરા ઘરમાં આવ્યા છે, માટે ચાલ કાંઇ કામે વળગી જાઉં. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે ઉધમં ખલુ કર્તવ્યં. દરેક માણસે ઉધમ કરવો જોઇએ. (જરા વિચાર કરીને) હાં, બરાબર છે, આ કામ જાતે કરવા જેવું છે. આ આખા ઘરમાં આટલી પછીત જુની છે આગળ ચોમાસુ પણ આવે છે, તો વરસાદને લીધે ઘણા વર્ષની જુની થએલ ભીંત ટુટી પડે તો કોઇ માણસનું નુકશાન પણ થાય, માટે એને તોડી પાડવી જોઇએ, આ કામ નક્કી કરવા જેવું છે. વળી મારા સસરા અહીં આવીને જોશે તો મારા ઉપર ખુશી ખુશી થઈ જશે, માટે ચાલ ખોદવાની કોશ લાવી જાતેજ મંડી પડું. (કોશ લાવી ભીંત પાડવા મંડી જાય છે) જય ગજાનંદં, જય વિધ્ન હરણં, જય લંબોદરં, જય શુભસ્ય સીધં,

મંગળાગવરી—(આતોને) કયાં ગયા મારા નાથ, જમવા પધારો. (ભીંત પાડતો જોઇને) અરે આ તમે શું કરો છો ? આ પછીતે ખાડા કેમ પાડો છો ?

અક્કલશંકર—ઉદ્યમંમ ખલુ કર્તવ્યં વચમાં વિઘ્ન કીંમ કુરત્વા ગચ્છ (૩)

મંગળાગવરી—અરે પણ આ પછીત તુટી પડશે, આપણે બધાં ચગદાઇ જશું, આ મેડો ને માળ હમણાં ભાગી પડશે, ઘરમાં નુકશાન થશે. કંઇ વીચાર તો કરો ?

અક્કલશંકર—હવે તુંજ વિચાર કરને કે આગળ ચોમાસુ આવે છે, આ પછીત જુની છે, તું બહુ ડાહી છે તે હું જાણું છું; આ તારા હાથના છણછણાટમાં ને તારા લટકા ચટકામાં પેલો સાધુ બીચારો આંધળો થયો.

મંગળાગવરી—નાથ આપ આ શું બોલો છો ? એ સાધુજી અંધ થયા તેમાં મારો જરાએ દોષ નથી.

અક્કલશંકર—તારો દોષ નથી ત્યારે શું મારો દોષ છે ? આ તારા વાંકા ચુકા નખરા, ચાલવાની લટકાળી ચાલ જોઇને એ મોહી ગયો, પછી બીચારાએ અમુંઝણ કરી કરીને છેવટે આંખો ફોડી નાખી માટે ભાર્યા રૂપવતી શત્રુ તે તુંજ.

મંગળાગવરી—અરેરે, બળ્યું મારૂં રૂપ. મારા રૂપથી લોભાઈ તે સંત મહાત્માએ પસ્તાવો કરી આંખો ફોડી છે તો તે દોષથી મુક્ત થવા હું પ્રતિજ્ઞા લઉંછું કે અત્યારથીજ ફળ આહાર કરી પગે ચાલી ગીરીરાજ મંદીરે જઈ શ્રીનાથજીને સવા લાખ રૂપિયાનો હાર અર્પણ કરીશ ત્યારેજ ભોજન જમીશ. સંતના અપરાધમાંથી મુક્ત થવાનો આ શિવાય બીજો ઉપાય એક પણ નથી.

અક્કલશંકર—એ ઘણાય ઉપાય છે અને તે મને આવડે છે.

મંગળાગવરી—નાથ શું ઉપાય કરશો ?

અક્કલશંકર—(સ્વગત) શાસ્ત્રાધારે કામ કરતવ્યં, ભાર્યા રૂપવતી શત્રુ શત્રુ ચ હનનં કુર્યાત. પણ આ તો સ્ત્રી જાતિ છે જો તેને મારી

નાખીએ તો પાપ લાગે ત્યારે શું કરવું ? હાં, બરાબર એ ઉપાય ઠીક છે. (પ્રકાશ) એ સતિ, જો તું પતિનું વચન પાળતી હો તો જા એકદમ સોપારી કાતરવાની સુડી લાવ. છટક—(મંગળા સુડી લેવા જાય છે) સુડીવતી જરાક નાક કાપી લઉં એટલે પાપ પણ નહીં લાગે અને રૂપાળી બાયડી એ નહીં કહેવાય પછી કોઈ મોહ પામેજ નહીં અને નાકકટી થઇ એટલે ભાર્યા રૂપવતી શત્રુ નસ્માકં.

મંગળાગવરી—(સુડી લાવીને) લ્યો નાથ આ સોપારી ને સુડી.

અક્કલશંકર—(સ્વગત) કંઈક તકરાર કરીને પછી નાક કાપવું. (પ્રકાશ) અરે સુડી મંગાવી હતી ને સોપારી કેમ લાવી ? બોલ, અલી લૂચી તારે માથે કલંક બેઠું છે તેથી તારૂં નાક કાપી નાંખવાનો.

મંગળાગવરી—માફ કરો નાથ, અરે કોઇ આવોરે આવો મને છોડાવો મારૂં નાક કાપી નાંખે છે.

નિર્મળા—શું છે ? શું છે ? અક્કલશંકર છોકરીનો શ્યો અપરાધ છે કહો તો ખરા ?

અક્કલશંકર—ભાર્યા રૂપવતી શત્રુ, શત્રુ ચ હનનં કુર્યાત્ તસ્માત કારણાત નાકં કાટંતી.

વિદ્યાધર—અરે અક્કલશંકર આ તમે શું તોફાન કરો છો ? જરા લાજ શરમ તો રાખો તેણે તમારો શ્યો અપરાધ કર્યો છે ?

અક્કલશંકર—ભાર્યા રૂપવતી શત્રુ, શત્રુ ચ હનનં કુર્યાત્ તસ્માત કારણાત નાકં કાટંતી, પણ આતો સ્ત્રી જાત છે, તો તેનું જરાક નાક કાપવાથી તમારી દીકરીનો જન્મારો સુધરી જશે, અને ભાર્યા રૂપવતી શત્રુ ગણાતી મટશે કેમ ? આ કામ કરવા જેવું છે કે નહીં ?

વિદ્યાધર—અરે તમે કુળવાન બ્રાહ્મણના દીકરા તમારી આવી અક્કલ, તમે ભણ્યા પણ ગણ્યાજ નહીં. કેવળ સતીનો અવતાર, લક્ષ્મીરૂપ ઘરની સ્ત્રી તેનું તમે નાક કાપવા તૈયાર થયા ? શાસ્ત્રકારો જેને વેદીયું ઢોર કહે છે તેજ તમે જેને પઢત મુર્ખ કહે છે તેજ તમે મારા ઘરની આબરૂનો તો વિચાર કરો, તમને ઘર જમાઇ કરીને રાખ્યા તેનો આવો ગેર ઉપયોગ કર્યો, ધીક્કાર છે.

અક્કલશંકર--અરે તમે બધા શું મને મુર્ખ ગણોછો ? ના ના, હું તો તમારીદીકરીની આબરૂ જાળવવાનું કામ કરૂં છું. જુવો રૂપાળી સ્ત્રી જોઇ સર્વ કોઈ મોહીત થાય પણ નાક કટી દેખે કે તુરતજ દોઢ ગાઉ પાછા નાશી જાય. તમારા કરતાં હું વધારે કુળવાન છું, માટે મારી આબરૂ જાળવવા હું આ કામ કરીશ, કરીશ ને કરીશ.

ગાયન.

અસ્માકં ના જોઇએ આવી નારી ભુરી ભટાકં,
કવચિત દીનાની સાચું કહું છું રૂપવતી જાય શટાકં;
શાસ્ત્રં કથીતે સત્યં, મમ રદયામાંહી ખટાકં.
અહું પંડીતા નિશ્ચય કુરૂતે, નાકં કાપું કટાકં.

વિદ્યાધર તથા નિર્મળા—

રૂપવતી નારી આવી, શા ભોગ લાગ્યા પરણાવી;
તને મુર્ખને વિદ્યા ભણાવી, અમ આબરૂ છેક ગુમાવી. (૨)

અક્કલ૦-એ લટક મટક ચાલંતી, તસ્માત નાક કાટંતી;
નિશ્ચય કરૂં તે રૂપવતી નારી, સત્યં શત્રુ ગણુંતી-અ૦

પ્રવેશ ૫ મો.

સ્થળ—નરવરસિંહની કચેરી.

પાત્રો—નરવરસિંહ, દીવાન, કુંવરી, લલીતરમણ, સરદારો, ચોપદાર, વારાંગના પાછળથી સૂરદાસ તથા અક્કલશંકર.

વારાંગનાઓ— ગાયન.

વારીરે મોરારી શ્યામ બંસી ધારી બલીહારી, કુંજબીહારી,
સોહે મતવારી છબી પ્યારી.........................મોરારી.

હાથ પ્રસારી પકરે સારી, ઓર કરત તકરારી;
ખેલે નઈ નઇ ચિત્તહારી, લીલા સુખકારી;
સુંદીરશ્યામ બંસીધારી ગુન ગાઓ સદા ગીરધારી...મોરારી.

ચોપદાર—કૃપાનાથ, દીવાનજી સાથે રાજકુમારી લલીતરમણા બહેન પધારે છે.

નરવરસિંહ—પ્રવેશ કરાવ. દીવાન સાથે રાજકુમારીને આવવાનું શું કારણ? આવો દીવાનજી આવો, આજે બહુ વિલંબ થયો.

વિદ્યાધર—મહારાજા હું લલીતરમણાબાના કાર્ય પ્રસંગે રોકાયો હતો તેજ વાત આપને નિવેદન કરૂં છું. મને કહેવાને આનંદ થાય છે કે રાજકુંવરીની ઉમ્મર નાની છે છતાં બહુજ પુન્યશાળી અને જ્ઞાનવાન છે. વળી આજે બે દીવસ થયાં તો અપવાસ છે.

નરવરસિંહ--કોણુ, મારી પુત્રી ઉપવાસી છે? શા કારણથી તે જલ્દી જણાવો.

વિદ્યાધર--કારણ ધર્મનુંજ છે. સાંભળો. કુંવરીબા દરરોજ એક સાધુને જમાડી ભોજન કરે છે પણ આજ બે દીવસ થયાં કોઈ સંત સાધુ મળ્યા નથી તેથીજ તે ઉપવાસી છે.

નરવરસિંહ--હું જાણું છું કે આટલી નાની ઉમ્મરથી તેને ઇશ્વર તરફની ભક્તિ વધારે છે પણ આજ બે દીવસ થયાં ઉપવાસી રહેલ છે એ ગજબની વાત છે. આટલી નાની ઉમ્મરથી આવા ધર્મના ભાર શા ઉચકવા? ચાલ બેટા જમી લે.

લલીતરમણા--ના, પિતાજી ના, જ્યાં સુધી સંત સાધુને જમાડીશ નહીં ત્યાં સુધી ભોજન નહીં કરૂં નહીં કરૂં તે નહીંજ કરૂં. દેહ પડી જાય તેની મને પરવા નથી.

વિદ્યાધર—આપનાં ઉત્તમ પુન્યનો આ એક નમુનો છે. મેં અક્કલશંકરને સાધુ સંતની શોધ માટે મોકલ્યા છે તે થોડા વખતમાં ગમે તે સ્થળેથી સાધુની શોધ કરી હાજર કરશે.

અક્કલશંકર—(**સૂરદાસને** લઇને) ભોપાળ, ચક્રચુડામણી રાજ સમીપે અહં અંધ યોગીણામ તેડી લાવંતે દર્શનં કીયતે સર્વે સભા ધસ્માકં.

નરવરસિંહ—ધન્ય ભાગ્ય મારાં, દયાળુ સંતદેવ પધારો. હું આપને નમન કરૂંછું.

બીલ્વમંગળ--કલ્યાણ થાઓ, રાજેંદ્ર તમારૂં કલ્યાણ થાઓ.

વિદ્યાધર--વાહ વાહ, મહારાજ આ તો બહુજ ચમત્કારી મહાત્મા છે મારી પુત્રી પર તેમનો દ્રષ્ટીદોષ થવાથી પોતાને હાથેજ પોતાની આંખો ફોડી સાચા સુરદાસજી થયા છે.

નરવરસિંહ---આપ જેવા સંત પુરૂષના પવિત્ર પદ કમળથી આજે આ સ્થાન પવિત્ર થયું છે.

બીલ્વમંગળ--રાજાજી જ્યાં નીતિ, ન્યાય, ધર્મ અને સત્ય છે ત્યાં સદા વિજયજ છે.

લલીતરમણા---(સૂરદાસને જોઇને) આ સંત મને બહુજ વહાલા લાગે છે. પ્રભુના ભક્તો તો મને બહુજ પ્યારા લાગે છે. મેં આ સંતને જ્યારથી જોયા ત્યારથી હું માનું છું કે મારા એક કુટુંબના હોય તેમ લાગે છે. એમને જોઇ મને અતિ હર્ષ થાય છે.

નરવરસિંહ—સંત પ્રભુ મારૂં મહા પુન્ય કે આપનાં દર્શન કરવા ભાગ્યશાળી થયો.

બીલ્વમંગળ--રાજાજી ! પુન્ય કોઇ પ્રતાપીનું કે જેના પુન્યના પ્રતાપે મારૂં અત્યારે આગમન થયું છે.

નરવરસિંહ--(સ્વગત) આ મહાત્મા ત્રીકાળ જ્ઞાની હોય એમ લાગે છે. કુંવરીના સંતપુજનના નિયમ માટે ભોજન કરાવવા પધરાવ્યા છે તેથી તે પુન્યશાળી કહેવાય. હવે આ મહાત્માને હું કુંવરીના ભવિષ્ય સબંધી સર્વ વાત પૂછી જોઉં. (પ્રકાશ) મહારાજ આ મારી કુંવરીનું ભવિષ્ય અને તેને કેવો સ્વામી મળશે તે કહો.

બીલ્વમંગળ--સ્વામી સસરા સબંધે તેનેજ પુછી જો. કેમકે તે કાંઇ સાધારણ જીવ નથી પણ પ્રભુના શુદ્ધ પ્રેમની પ્રતિમા છે માટે તેનેજ પુછી ખાત્રી કર.

નરવરસિંહ--બેટા, લલીતરમણા તારૂં સાસરૂં તને કેવા પ્રકારનું મળશે ?

લલીતરમણા—પિતાજી, આ સંત આવ્યા છે તો કહીશ બાકી કહેત નહીં. તેમની આજ્ઞા થઈ એટલે કહું છું સાંભળો:—

ગાયન.

કા...નુ...ડો મારો સાચો સુંદીર વર કાનુડો.
મોર મુગટ પીતાંબર ધારી, કાનુડો કાળો;
લટક ચાલ લટકેથી ચાલે નટવર લટકાળો-કૃષ્ણજી-કાનુડો૦
ધેનું ચરાવે બંસી બજાવે, યમુના કીનારો;
રહીયાળો રૂપાળો મારી આંખોનો તારો-જગતની-કાનુડો૦
બંસીબટ વૃજ મોહનં મારો, છબીલો છોગાળો;
સ્વપ્ન વિષે પરણી ચુકી હું, કાનુડો કાળો-નંદનો
નંદ કૃષ્ણ કાળો-કાનુડો૦

સર્વે—ધન્ય છે ! ધન્ય છે ! !

નરવરસિંહ—ધન્ય છે બેટા તારા ઉત્તમ જ્ઞાનને, અહા ! આજે આ પ્રતાપી સંત મહાત્માના પધારવાથી હું અંધારામાંથી ઉજાસમાં આવ્યો. આ તો મારા કુળનો ઉદ્ધાર કરનારી પુત્રી જન્મી. સંત પ્રભુ હું આપને વિનંતી કરીને કહું છું કે મારી કુંવરીના ભવિષ્યની સત્ય હકીકત કહો.

બીલ્વમંગળ—(નિશ્વાસ નાંખીને) રાધેશ્યામ ભાગ્યશાળી ભૂપતિ મને આવા ધર્મ સંકટમાં નાંખવો તે ઉચિત્ત નથી. કુંવરીનું ભવિષ્ય જાણવાથી તને જરા પણ લાભ થશે નહીં, તેથી તું દુઃખમાં આવી પડીશ.

નરવરસિંહ—સંત મહાત્મા હું પ્રતિજ્ઞાપુર્વક જણાવું છું કે જે હકીકત હશે તે સહન કરીશ. આપને જરા પણ દોષ આપીશ નહીં.

બીલ્વમંગળ—ઠીક ત્યારે બેટા, લલીતરમણા આમ આવ.

લલીતરમણા--આ હું શું જોઉં છું ? મારી કલ્પના સત્ય ઠરી છે માટે ચાલ સંતના ચરણમાં નમી મારા પૂર્વના સખી મંડળ ભેળી ઉતાવળી જાઉં. જય જય શ્રી કૃષ્ણચંદ્ર વૃજવર વનમાળી આપની કીંકરીનો અંગીકાર કરશો અને સંત શરણુ મને સુખ રૂપ થજો.

(પગે પડી મરણ પામે છે.)

નરવરસિંહ--(કુંવરીને મરણ પામેલી જોઇને) અરે મહાત્મા મારી કુંવરીને આ શું થઇ ગયું !? હાય અફસોસ આ તો મરણ પામી !

બીલ્વમંગળ--હા, ગોલોકવાસી થઇ, શ્રીકૃષ્ણ શરણમાં ગઇ.

નરવરસિંહ--અરે મહારાજ મારા પ્રાણથી પણ અધિક કુંવરીની આ દશા ! હે મહાત્મા ! તેને સજીવન કરી આપો, પ્રભુ કૃપા કરો.

બીલ્વમંગળ--અરે સાહસીક રાજા આ તું કેવી વાત કરે છે, તને પ્રથમથીજ કબુલ કરાવ્યું હતું કે કુંવરીનું ભવિષ્ય જાણવાથી જે કાંઇ લાભ હાની થાય તે સર્વે સહન કરીશ છતાં પ્રતિજ્ઞા લઇને પળ વારમાં ફરી જાય છે.

નરવરસિંહ—મને આવી ખબર નહોતી કે તે મરણ પામશે. અરે મહારાજ મને આજ સુધીમાં ફક્ત એજ પ્રજા છે તેમાં આ કુંવરી એકાએક મરણ પામી અને મારા પુત્રની ઉમ્મર બાર વર્ષની થઇ તથાપી જોશી લોકો મને અંધ થવાની બીકનું બહાનું આપી પુત્રનું મુખ જોવા દેતા નથી, હવે મારી શી ગતિ ? માટે સંત મહાત્મા, આ મારી લાડઘેલી પુત્રીને સજીવન કરી આપો નહીં તો હું મારા પ્રાણ ત્યાગ કરીશ.

(કટારવડે મરવા તૈયાર થાય છે)

બીલ્વમંગળ--શાન્ત થા આપઘાત કરવાની કાંઈ જરૂર નથી, સાંભળ, જીવને ઠેકાણે રાખ, આ તારી કુંવરી પુર્વાવતારે શ્રીકૃષ્ણના રાસની સખી હતી તે શ્રાપીન થઈ તારે ત્યાં અવતાર લઇ આવી હતી. આજે તેનો અપરાધ પુરો થવાથી શ્રી કૃષ્ણચંદ્રના રાસ મંડળમાં આનંદ કરે છે તે જો.

વૃંદાવનની કુંજગલીમાં ગોપી શ્યામનો રાસ,
લલીતરમણા જો રાજતી રાસ મંડળે ખાસ.

(અલૌકીક ચમત્કારી રાસ મંડળ)

(ડ્રોપ પડે છે.)

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—જંગલ.

પાત્રો—સોમગીરી, ચિન્તામણી, તથા જાત્રાળુઓ.

સોમગીરી—જય જય કૃપાનિધાન પ્રભુ તમારી અપાર શકિતનો પાર પામવા કોઇ પણ સમર્થ નથી. આહા ! આ વૃજની ભૂમી કેવી આનંદદાયક છે.

વૈકુંઠપતિનો વાસ જ્યાં, આનંદની નવ હોય મણા,
વૃજની ભૂમી રળીયામણી, ધન્ય ભાગ્ય છે વૃજજન તણાં.

ચિન્તામણી, જાત્રાળુ—(ગાતાં ગાતાં નીકળે છે)

જય જય નારાયણ બ્રહ્મપરાયણ શ્રીપતિ કમળાકાન્તં
નામ અનંત કઈ રીત વરણું શેષ ન પામત અંતં—
શિવસનકાદિક આદી બ્રહ્માદિક સુરમુનિ ધ્યાન ધરંતં
મચ્છ કચ્છ વારાહ રૂપ હરી વામન વેષ ધરંતં—
પરશુરામ શ્રીરામચંદ્ર રૂપ, લીલા કોટી કરંતં
જન્મ ધર્યો વસુદેવ દેવકી ગ્રહ યશોમતિ ગોદ ખેલંતં
પેસી પાતાલ કાળીનાગ નાથ્યો ફેન પર નૃત્ય કરંતં—
ઇંદ્ર ગુમાની ગર્વ ઉતાર્યો, કર પર ગીરી ધરંતં
જગન્નાથ જગમગ ચિન્તામણી શરણ સુધા નિશ્ચંતં
દ્વાદશ સ્કંધ ભાગવત ગીતા, ગાવત સુર અનંતં—

સોમગીરી—(ભજન સાંભળીને) અરે, આ હું શું સાંભળું છું ? આતો

મારૂંજ બનાવેલું પદ છે. (પાસે આવીને) પુત્રી તું કોણ છે ? તારૂં નામ શું, અને આ પદ તું કયાંથી શીખી હતી ?

ચિન્તામણી—મહારાજ, મારૂં નામ ચિન્તામણી છે, આ પદ હું મારા પુજ્ય ગુરૂજી મહાત્મા સોમગીરી પાસેથી શીખી છું.

સોમગીરી--(અતિ હર્ષથી) કોણ, મારી ધર્મ પુત્રી ચિન્તામણી ? આવ, આવ, પુત્રી તને જોઇ મારા હૃદયમાં અપાર આનંદ થયો છે.

ચિન્તામણી--જય જય પુજ્ય ગુરૂજી-ધર્મપિતા, મારા પ્રણામ સ્વિકારશો.

સોમગીરી--ધન્ય પ્રભુ ધન્ય જગદીશ્વરા ! તારી અપાર લીલા છે, આ મારી નીરાધાર પુત્રીનો મેળાપ વૃજયાત્રા કરતાં અચાનક કરાવ્યો. બેટા પરમાત્માએ આપણને ભેગાં કર્યાં તે સારૂ થયું. હું તારા સંબંધે વિચારમાંજ હતો, તું મહાન ભાગ્યશાળી છે, તને ભકિતરસ સચોટ લાગ્યો છે.

ચિન્તામણી—ગુરૂજી એ બધો આપની કૃપાનોજ પ્રભાવ છે, કારણ કે જેમ પારસમણીના સંસર્ગથી લોઢું કંચન થાય છે તેમ આપ જેવા ઉત્તમ સદગુરૂની કૃપાથી પતિત પણ પાવન થાય છે, એ મારા દષ્ટાંતથી સિદ્ધ થયું છે.

સોમગીરી--બેટા તું સંસ્કારી છે, ચાલ હવે વૃજ યાત્રા પુરી કરીએ અને પુત્ર બીલ્વમંગળનો પત્તો મેળવીએ.

ચિન્તામણી—હા, પિતાજી ચાલો વૃજયાત્રા કરીએ અને આનંદે હરીગુણ ગાઇએ. મને વૃજમાં બહુજ ગમે છે, અતિશય આનંદ લાગે છે. (સર્વ ઉપરનું ભજન ગાતાં ગાતાં ચાલ્યાં જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—મંગળાગવરીનું ઘર.

પાત્રો—અક્કલશંકર, મંગળાગવરી, વિદ્યાધર, નિર્મળા તથા અક્કલશંકરનાં કાકો ને કાકી.

અક્કલશંકર--(સ્ત્રીનાં કપડાં પહેરીને)

અક્કલશંકર અક્કલબાજ, પાકો પુરો પંડીત રાજ;
ચણીયો પહેર્યો ચોળી પહેરી, અંગે ઓઢયો સાળુ;
મંગળા વહુને મળવા ચાલ્યો, બે મહીને મોં ભાળું.

રાત્રો નિંદ્રા ન લભ્યતે, વ્યર્થેમ જામીની વહંતી, નિંદ્રા અલ્પ ન આવંતી. આખી રાત પથારીમાં પાસાં ઘસી ઘસીને કાઢવી પડે છે, પણ હવે હું નક્કી સમજ્યો છું કે બાયડી બે લાખ રૂપીયાની છે. (મંગળાને આવતી જોઇને) અરે પણ વહુ તો ક્યાંઇ બહાર જતાં જણાય છે ને શું,ફીકર નહીં, આ તરફજ આવે છે. (લાજ કાઢી ઉભો રહે છે.)

મંગળાગવરી—(અક્કલશંકરને પોતાની મા સમજી) માતાજી ઓ માતાજી, હું બહાર દર્શન કરવા જાઉંછું, કાંઇ કામ છે ?

અક્કલશંકર--કામ તો છેજના. (મોઢું ઉઘાડી નાંખે છે.)

મંગળાગવરી—(અક્કલશંકરને જોઇને) અરર આ શું ?

અક્કલશંકર--છટાક, ભલી તું સતી છે, કોક દીવસ તો મારી સંભાળ લે.

મંગળાગવરી--અરરર સ્વામી, તમે દહાડે દહાડે એકાદ નવું નવું તોફાન શીખો છો, જો કોઇ દેખશે તો ફજેતીમાં શી બાકી રહેશે ?

અક્કલશંકર--આમાં શું ખોટું કર્યું છે ? આ તો ઉલટી અક્કલ વાપરી છે, અક્કલ; તારી ડોસી આખો દીવસ તારી ચોકીદાર તરીકે બેશી રહે છે, તો મારે તને મળવું શી રીતે, તેની આ અક્કલ વાપરી છે, તેમાં ફજેતી શી છે ? અને ફજેતોને તો મારે ફરતીજ રાખવી છે, એક બાજુ બેસી રહે તે ઠીક નહીં.

મંગળાગવરી—અરે તમે આવાને આવાજ રહેશો કે કાંઇ સુધરશો? હું કોણ માબાપની દીકરી છું, તેનો તો કાંઇ વીચાર કરો? તમો વિદ્યા ભણ્યા તેનો આવો અવળો ઉપયોગ? પુરૂષ થઇ સ્ત્રીનાં કપડાં પહેર્યાં, હવે તો હદ થઈ!

અક્કલશંકર—હું કોણ મા બાપનો દીકરો છું તેનો તુંજ વીચાર કરને! વળી, મેં પુરૂષ થઇ બાઇડીનાં લુગડાં પહેર્યાં તે તારા માટેજ, તને મળવા સારૂજ, હું તને કહેવા આવ્યો છું કે તું મારી જરા પણ બીક રાખીશ નહીં, હવે હું તારૂં નાક કાપવાનો નથી. અરે તું તો મારે સતી સીતા જેવી છે. બોલ, કેવું ઉત્તમ દ્રષ્ટાંત આપ્યું? કહે હું વિદ્વાન ખરો કે નહીં?

વિદ્યાધર—(અંદરથી) અરે બેટા મંગળાગવરી, એ બેટા મંગળાગવરી, તારી મા અહીં છે કે? (પ્રવેશ કરી બંનેને ઉભેલાં જોઇને) કેમ બેટા મંગળાગવરી, મા દીકરી મળી શું વાતો કરો છો?

મંગળાગવરી—ઓ પ્રભુ આથી તો મરવું સારૂં, હવે શું થશે?

અક્કલશંકર--શું થશે શું? હવે તો આ અક્કલશંકરની ફજેતી બહાર ફરવા નીકળશે.

વિદ્યાધર--અરે હું તમને કહું છું તે સાંભળતાં નથી? બહાર મેમાન આવ્યા છે તેને પાણી છાણી તો આપો. અક્કલશંકર ક્યાં ગયા? તેમના કાકા ને કાકી બંને આવ્યાં છે, માટે તે પંડીતને બોલાવો.

અક્કલશંકર—વાહ! વાહ! ઠીક તાલ જામ્યો. ભલેને એ કાકા ને કાકી પણ આ અક્કલશંકરની અક્કલ જોતાં જાય.

નિર્મળા—(અંદરથી) અરે મંગળાના બાપા એ મંગળાના બાપા તમો જરા અહીં આવજો.

વિદ્યાધર—મંગળા, એ મને બહાર કોણ બોલાવે છે?

અક્કલશંકર—આ મંગળાની મા બોલાવે છે, જાને મારા ભાઈ.

નિર્મળા--(આવીને) અરે તમને કયારની હું બોલાવું છું ને તમે અહીંયાં શું કરો છો? આ અક્કલશંકરના કાકા ને કાકી બંને આવ્યાં છે, આવો અંદર પધારો.

(અક્કલશંકરનાં કાકા ને કાકી આવે છે.)

વિદ્યાધર—અરે પણ હું તને બોલાવું છું અને તું તો બહારથી આવે છે, ત્યારે આ બાયડી તારો સાડલો પહેરીને કોણ ઉભી છે ?

નિર્મળા—લાવો હું જોઉં કોણ આવ્યું છે. (પાસે જઇને) અલી તું કોણ છે?

અક્કલશંકર--એ તો હું મોંઘીવહુ. (આઘો પાછો થાય છે.)

નિર્મળા—મોંઘીવહુ તું આઘી કેમ નાસે છે ?

વિદ્યાધર--અરે પણ આના પગમાં જોડા પુરૂષના છે, જો જો, આ તો કોઇ મરદ છે, અરે આ તો ચોર છે ચોર.

નિર્મળા--હેં ! હેં ! ! ચોર ! અરે દોડો દોડો ચોર ચોર !

સર્વે--ચોર ચોર.

અક્કલશંકર--ન ચોરં, ન ચોરં, અહં અક્કલશંકરં (મોઢું ખુલું કરી નાંખે છે, ને તેને જોઇ સૌ ચકીત થાય છે.)

(ટેબલો.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—જંગલ.

પાત્રો--રાણી વસુમતિ, કુંવરી, સુરદાસ, પાછળથી નરવરસિંહ તથા સીપાઇઓ.

વસુમતિ—હે પરમકૃપાળુ પરમેશ્વર ! મારી શી ગતી થશે ! હવે હું કોને શરણે જાઉં ? આ કુંવરીને કુંવર બનાવી આજ દીવસ સુધી રાજા પ્રજા સર્વેને ઠગ્યાં છે. રાજ્યમાતા ગણાવાના ખોટા લોભથી મહા સંકટમાં આવી પડી છું. હરી હરી ! હવે સહાય કરે તો સારૂં.

કુંવરી—માતાજી, આપણે હવે ઉતાવળે જોગીનો વેશ પહેરી દુર દેશાંતરે જતાં રહીએ. દેશાટન કરી પ્રભુ ભક્તિમાં દેહ દમન કરી દીન ગાળવા

એજ ઉત્તમ છે. માણસને પોતાની ભુલનો પસ્તાવો જેટલો પાછળથી થાય છે તેના કરતાં સામા ભાગનો વિચાર પ્રથમથી કરે તો કાર્ય કદાપી બગડેજ નહીં, ને દુઃખમાં પડેજ નહીં.

વસુમતિ—તારા સાસરામાં પણ જાણ થયું છે કે જમાઇ સ્ત્રી છે, પુરૂષ નથી, તેથી તારી પરીક્ષા કરવા ગઇ કાલનાં માણસો આવ્યાં છે, તે જાણીને આત્મહત્યા કરવાના વિચારથી તને લઇ જંગલમાં આવી છું.

કુંવરી--માતા કમોતે મરવાની વાત જવાદે. આત્મઘાત કરવાથી માણસના સાતે ભવ આત્મહત્યામાંજ જાય છે. વિપત્તીમાં પ્રભુનું સ્મરણ કરવું, પણ મરવું નહીં.

વસુમતિ—હવે તો મરવા શિવાય બધું નકામું છે, વિચાર કરવાનો હાલ સમય નથી, ચાલ જલદી તૈયાર થા, પહેલી તું ને પછી હું.

કુંવરી—માતાજી ! તને મારા પર દયા નથી આવતી ? માતા, મારી વહાલી માતા મને મારીશ નહીં. ઓ પ્રભુ મારી સહાય કરો, અરે જન્મ આપનારજ મને મારે છે તો હવે કોને શરણ જવું ! જ્યાં પાળક ઘાતક થાય ત્યાં દુઃખ કોને કહેવું ?

વસુમતિ--હું તારી રાક્ષસી માતા છું. માટે ચાલ તૈયાર થા. કુમળા બાળક પર જુલમ ગુજારવા તૈયાર થએલી આ ઘાતકી પાતકી ક્રુર અને રાક્ષસી માતાને હે દેવો તમે જોજો.

કુંવરી—અરે કોઇ આવો મને બચાવો, ઉગારો, આ પાપણી માતાના પાસમાંથી કોઇ છોડાવો. (નાસે છે ત્યાં સૂરદાસ આવે છે તેના પગમાં કુંવરી પડે છે.)

સૂરદાસ—બેટા, તને શ્રીકૃષ્ણે ઉગારી છે. તું અભય છે.

વસુમતિ--(સ્વગત) અરે આ કોણ આવી પહોંચ્યું ? પાપ ફુટી જશે ને પકડાઇ જઇશું. (પ્રકાશ) સાધુ મહાત્મા હું આપને પ્રણામ કરૂં છું, ચાલો કુમાર ચાલો આપણે જઇએ.

કુંવરી—ના હવે હું તારી પાસે નથી આવવાની, હુંતો ગુરૂજી સાથે રહીશ તું તારે ચાલી જા.

સૂરદાસ—હું અંધ છું તેથી દેખી શકતો નથી, પણ કહો કે તમે બંને શું સંબંધી છો.

વસુમતિ—હું તેની માતા થાઉં છું અને તે મારો પુત્ર છે.

કુંવરી—મહાત્મા એ મારી રાક્ષસી માતા છે, વેલાને ગળી જનારી વાડ છે, હું તેની દુરભાગી પુત્રી છું. હવે તમારી સેવામાં રહીશ ને દીન ગાળીશ પણ મને આપી દેશો નહીં, નહીં તો તે મને મારી નાખશે.

સૂરદાસ—તમારી કરમ કથા કાંઇ વિચીત્ર જણાય છે. બાઈ તું આને શા માટે મારવા તૈયાર થઈ છે? મને સાધુને સાચી વાત નીડરપણે કહે. મન વચન અને કર્મથી સંત પુરૂષે પરોકાર કરવો એજ અમારો ધર્મ છે, માટે કહે (કુંવરીને) બેટા તું કહે.

કુંવરી—વિજયપુર નૃપતિ તણી, હું કુંવરી છું પદ્માવતી;
જે આ ઉભી તમ આગળે, એ માત મારી વસુમતી.
કુંવરી છતાં હું કુંવર છું, કહી તાતને મોટી કરી;
ખુલ્લું થયું પોગળ હવે, ત્યારે ગળે દે છે છરી.

સૂરદાસ—આ અજબ કૌતક સાંભળું, સંસારમાં હું હરી હરી;
શા માટ તેં આવું કર્યું, રાણીજી વાત કહે ખરી.

વસુમતિ—કુંવરી છતાં કુંવર કહ્યો, પટરાણી પદના લોભથી;
કરી કપટ સૌને છેતર્યો, મેં સત્ય વાત બધી કથી.
મેં કર્મ કીધાં છે નઠારાં, ભોગવીને મરીશ હું;
મુજ પુત્રીને આપી દીયો, સાધુજી કરગરીને કહું.

કુંવરી—સાધુ પીતા તમ શરણ છું, મુજ માત મારી નાખશે;
અહીંથી તમે જાશો નહીં, હવે હાય મારૂં શું થશે.

સૂરદાસ—તું અભય છે નિર્ભય રહે, ચિંતા કરીશ નહીં મન જરી;
જો મરણ તારૂં હોત તો, મમ ભેટ થાતજ કેમ કરી?
મરતાં તમોને છોડી અહીંથી, ડગલું એક ભરૂં નહીં;
જો પુત્રી પુત્ર બનાવું નહીં તો, મારે પણ મરવું સહી.

હવે તમે શ્રીકૃષ્ણનું સ્મરણ કરો. મને મારા નાથની આજ્ઞા લેવા દો.

ગાયન.

નટવરનંદ કુમાર, કૃપા દરશાવોને,
મમ જીવન પ્રાણાધાર દયા ઉર લાવોને.
અબળા આત્મઘાત કરે છે, મમ શરણે એ પ્રાણ ધરે છે;
જોયું ન મુજથી જાય કૃપાઘન, આવો પ્રાણાધાર—દયા.
નારી તણો નર સદ્ય બનાવો, ટેક માટે મરશે આ બાવો;
લાજ તમારી જાય વિભુવર, ધાઓ પ્રાણાધાર—દયા.

આકાશવાણી— સાખી.

વચન સફળ છે તુજ તણું, પુત્રી પુત્ર બનાવ;
ભક્ત વચન વશ ભુધરો, જગત વિષે દરશાવ.

સૂરદાસ—ધન્ય ધન્ય મારા પ્રભુ ધન્ય છે.

નરવરસિંહ--(પ્રવેશ કરીને) આટલે સુધી તો આવ્યા, આખું જંગલ શોધી વળ્યા પણ કયાંઇ કુંવરી તથા રાણીનો પત્તો મળ્યો નહીં. હા, એ રંડાએ મને અત્યાર સુધી કુંવરીનો કુંવર કહી ઠગ્યો, હવે તો હાથ આવે તેટલીજ વાર છે. (રાણી તથા કુંવરીને જોઇને) અરે આ સામે રહી તેજ રાણી ને કુંવરી. સીપાઇઓ, પકડો પકડો.

વસુમતિ તથા કુંવરી—ગુરૂજી, બચાવો બચાવો.

સૂરદાસ--દુર રહો, હરીભકતના શરણે આવનારનો કોઇ દેવ દાનવ કે માનવ વાંકો વાળ કરવા સમર્થ નથી, તો પકડનાર કોણ છે ?

નરવર--(સ્વગત) અરે આતો પ્રતાપી મહાત્મા સૂરદાસજી, લલીતરમણા કુંવરીને શ્રીકૃષ્ણના રાસમાં પ્રત્યક્ષ દેખાડનારા, (પ્રકાશ.)

જય જય ગુરૂવર દેવ દિવ્ય, સ્વરૂપ સંત શુભાકૃતિ;
દીન દાસ નરવરસિંહ નમું, તમ ચરણમાં સુણો વિનતી.

સૂરદાસ-બહુ ભાગ્યશાળી ભૂપ તું, આવી ઉભો મુજ સાથમાં;
આ કુંવર તારો જોઇ લે, બહુ સ્નેહથી લે બાથમાં.

શ્રી કૃષ્ણનો હું દાસ છું, મમ વચન સત્ય સફળ થજો;
સ્ત્રી સ્વરૂપ બદલી કુંવરીનું, તું કુંવર સ્વરૂપને પામજો.

લે, આ તારો કુમાર, (શ્રીકૃષ્ણની કૃપાથી કુંવરીનો કુંવર થાય છે.)

નરવર—ધન્ય પ્રગટ પરમેશ, નમું હું જય ગુરૂ દેવા;
સત શીરોમણી શ્રેષ્ટ, ઇચ્છું છું હરનીશ સેવા.
કથીર કુંદન રૂપ, બનાવી ઓરડી ચંદન;
પારસમણી પ્રમાણ, થયા છો જગમાં વંદન.
દયાનિધી ગુણવંત છો, કળી આજ સતયુગ થયો;
ધન્ય ભક્તિ સૂરદાસની, નારી મટાડી નર કર્યો.

બોલો શ્રી સૂરદાસજી મહાત્માનો જય.

સૂરદાસ-કૃષ્ણ કૃપા સમજી સહુ, સુખથી ઘેર સીધાવો;
સાચું શરણ શ્રી નાથનું, કૃષ્ણ કૃષ્ણ સુખ ગાવો.

ગાયન.

ભજો કૃષ્ણ કૃપાળુરે, ભજો કૃષ્ણ કૃપાળુ
પરમ સુખદ સારૂં રે--ભજો.
કુંવર— સાચા સંત શીરોમણી ઇશ્વર અતિ માયાળુરે;
નારીનો મને નર તો બનાવ્યો, કૃતિ વીચારે—ભજો.
અતિ કર્યો ઉપકાર અમો પર, છો દયાળુરે
સૂરદાસ-વિજય પામજો વિશ્વ વિષે સહુ છે વચન મારૂં રે—

(સર્વ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—ગહન ગુફા.

પાત્રો—કળી, ધર્મ, ભક્તિ, મોહ તથા ક્રોધ.

કળી—(અતી ગુસ્સાથી)

ઉભો રહે દુષ્ટ ઢોંગી ધર્મ, કળીના પાસમાં આવ્યો;
જોયાં છે અજબ તારાં કર્મ, કળીના પાસમાં આવ્યો.
જઇશ તું ક્યાં હવે છટકી, કળીના પાસમાં આવ્યો;
પલકમાં પ્રાણ લઉં પટકી, કળીના પાસમાં આવ્યો.

ધર્મ— અરે ઓ પાપ કેરા પુંજ, કાં નિરદોષને મારે;
કરે કેડો લઇ કાં રંજ, કાં નિરદોષને મારે.
સતાવે સંતને શું કામ, કાં નિરદોષને મારે;
નથી લેતા કો તારૂં નામ, કાં નિરદોષને મારે.

ભક્તિ—(કંપાયમાન થતી)

અરે ઓ કર્મના ચંડાળ, કળી તું કુટીલતાનો કાગ;
નિશ્ચય ખૂટીયો તુજ કાળ, કળી તું કુટીલતાનો કાગ.
હરામી અંતે થઇશ હેરાન, કળી તું કુટીલતાનો કાગ;
કહ્યું મારૂં ધરી લે કાન, કળી તું કુટીલતાનો કાગ.

કળી—(ભક્તિને ઝાલી બુલંદ અવાજે)

કળી આ લે પલકમાં પ્રાણ, સમજ ઓ પાપીણી ભક્તિ;
લોપે નહીં કો ત્રીલોકે આણ, સમજ ઓ પાપીણી ભક્તિ.
ચાલી જા મુજ કદમથી બહાર, સમજ ઓ પાપીણી ભક્તિ;
નહીં તો કરીશ પલમાં ઠાર, સમજ ઓ પાપીણી ભક્તિ.

ધર્મ—અરે ઓ કરણીના કુડા કળીયુગ, તું મારી પાછળ નાહક શીદ પડયો છે ? જેવું તું તારૂં કામ કરે જાય છે તેવું હું મારૂં કામ કરે જાઉં

છું. તું અને હું એકજ ધણીના સેવક છીએ. માટે ગાંડાભાઇ કાર્યની ફીકરફાઇ કર, ધંધાની ધમાલ કર, નાહક ઇર્ષા કરી ધુમાડાના બાચકા ભરે તારૂં બહેતર કદી નહીં થાય, એ નિશ્ચય સમજજે.

કળી—અરે ઓ પાપનાં પુતળાં, સાધુતાનાં ઢોલકાં જે બાજુ બજાવે તે બાજુ તમો વાગો છો. ચુપ, ઢોંગી ધુત્તાઓ, મેં તમોને અનેક વખત કહ્યું છે કે મારી સત્તામાંથી ચાલ્યા જાઓ, છતાં હજુ સુધી અહીં કેમ રખડો છો, વળી મારા મતમાં મળેલા બીલ્વમંગળને ભોળવી તમે ભકિતનો રંગ લગાડયો છે. હા ! એ સૂરદાસે મારો બધો ધાટ બગાડયો છે, પણ મને જાણો છો ?

મોહ—(એકદમ આવીને)

કળીરાજ મહારાજ જગતમાં, આજ આપણી ફત્તેહ થઇ;
ખુશી થાઓ આનંદ કરો ખુબ, આજ આપણી ફત્તેહ થઇ.
કુદરત પાસા સવળા પડીયા, આજ આપણી ફત્તેહ થઇ;
રીપુ શોધતાં સહેજે જડીયા, આજ આપણી ફત્તેહ થઇ.

કળી–કહો મોહ શું ખબર છે તમારી, કે આવી અહીં ઝટ ફત્તેહ પોકારી;
મોહ–સત્વર રાજ કરો તૈયારી, બાજી સુધરી થઇ આપણી બલીહારી.

કળી-- કહો કહો સત્વર કહો, ધીર ન જાએ ધારી;
સાંભળવા ઉત્સુક છું, વાત કહો વિસ્તારી.
મોહ-- અરી આપણો બીલ્વ જે, ભક્ત જગતમાં સૂર;
મારૂં માન ઉતારીયું, હર્યું ક્રોધનું નુર.
(પણ) **વિશ્વમોહિની પાસમાં, સપડાયો સૂરદાસ;**
ભક્તિ તેની છોડાવીયે, આપીને ખુબ ત્રાસ.

કળી—વાહ મોહ વાહ ! જુઓ કંગાલો, હવે એ તમારા સંગી સૂરદાસના કેવા હાલ થાય છે, તેના ટુકડે ટુકડા કરીશ, અને તેના ચામડામાં તમો બંનેને શીવીશ. (સંજ્ઞાથી ક્રોધ આવે છે) જાઓ ક્રોધ આને આપણા કાળદેવના દુર્ગમાં પુરી મુકો કે જેથી છટકવા ન પામે.

ગાયન.

બસ જાઓને દુર થાઓને, ધરણી તલથી સત્વર અહીંથી;
નહિ તો મારૂં પલમાં ધારૂં, ખુબ છલ કલથી મુજ ભુજ બળથી.

ભક્તિ, ધર્મ--કાં બાથ ભરે બાવળને ઓ નાદાન,
કળી— ખત્તા ખાઇને થાશો ખુબ હેરાન.
કાઢું જડામુળ હું તારૂં,
ભક્તિ, ધર્મ—ખાશે તુજ પાપ તને ધારૂં;
કળી— હાય, લાય, થાય કાય, રોમ રોમ પ્રગટે આવાર.

(જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ--બગીચો.

પાત્રો--વિશ્વમોહિની, દાસીયો, પોપટલાલ, નારદ પાછળથી
કળી, મોહ તથા સુરદાસ.

વિશ્વમોહિની તથા સખીઓ- ગરબો.

વસંત ખીલી રહી, વેલી નવેલી નૌતમ બની
કેવડો મેહેકે, મોગરો લેહેકે,
કોયલડી કરતી ટૌકાર મોરી આલી— ખીલી.

સાખી.

પૂર્ણ ચંદ્ર પુનમે દીપે, શશી શરદની રાત;
તેમજ હું કાચી કળી, ખીલી મદન પ્રભાત.
શિત સમીરની લહરીયો આવે
જોબન જુવતિ મદન સતાવે

ઘેલી વસંત મને ઘેલી બનાવે

સાખી.

કેસુડાં ખુબ રંગી છે, વાસ વિના નહિ મુલ્ય;
જોબન રસભરી સુંદરી, કંથ વિના તે તુલ્ય.

પુષ્પ કળી બહુ રંગે ખીલેલી
વસંત વરના મદમાં છકેલી
આ અવસરમાં હુંજ અકેલી— ખીલી.

જુઓ વહાલા બીલ્વમંગળજી, આ આપણો મનોહર બાગ છે, સુખ ભોગવવાનો લાગ છે, માટે કામકાજનો હુકમ આ દાસીયો ઉપર કરો, અને સદાય મારી સાથે મોજમાં ફરો.

પોપટલાલ—(સ્વગત) હાય હાય, મોજમાં ફરો, પોપટીયા તું પણ ખરો જોઇ લ્યો આ મફતની મજા. (પ્રકાશ) વાહ પ્યારી વાહ, બસ બનીજા રામકી, તું હય હમારે કામકી. હાંજી હમ અવધુત જોગીકે ચેલે.

નારદ—(સ્વગત) અહા ! અભીમાનીઓને ઇશ્વર કેવી રીતે ભુલાવે છે કે આ વિશ્વમોહિની પોપટીયા ખવાસની ખાસદારો ઉઠાવે છે. ધન્ય છે પ્રભુ તારી કૃતીને (પ્રકાશ) કાં, વિશ્વમોહિની આનંદમાં છો ને ?

વિશ્વમોહિની—પધારો પધારો, નારદમુની જુઓ આ તમારા કહેવા પ્રમાણે.

બીલ્વમંગળને ભલો ભમાવ્યો, પૂરણ થઇ હું પાસ;

પોપટલાલ—(સ્વગત)

ખાસ થઇ નાપાસ શંખણી, બંદા જાત ખવાસ.

વિશ્વ—- આ વિશ્વમોહિનીની જાળમાં, જન સર્વ નટવત નાચતા;
સૌ દેવ દાનવ માનવી, ભૂલી ભાન છંદે રાચતા.

નારદ—-અભીમાન નવ કર વિણ સમજ, અતિશય ન થા તું ઉતાવળી;
છે આની અક્કલ પાનીયે, માટે ન થા તું ચાવળી.

વિશ્વ— છે બીલ્વમંગળ ખચીત એ, મેં ચોકસી પુરી કરી;
નારદમુનિ નક્કી તમ તણાં, જાણું મતિ ગઇ છે ફરી.

નારદ-- સોગન દઇ તુજ સાથીને, જઇ પુછ પાકી રીતથી;
પસ્તાવો પાછળથી થશે, એ મુર્ખ સાથે પ્રીતથી.

વિશ્વમોહિની—અરે, બીલ્વમંગળજી આમ આવો, તમે બીલ્વમંગળ છોને !

પોપટલાલ—હું અં (સ્વગત) ના ના હું તો પોપટીયો ખવાસ છું ખવાસ.

વિશ્વમોહિની—કેમ ?

મુનિવરજી તમે હારી ગયા ને, કબુલ કરો કે જીત્યાં અમો;
નારદ-ખવાસ એ પોપટીયો નક્કી, વિશ્વમોહિની ભૂલ્યાં તમો.

વિશ્વમોહિની--(પોપટલાલને કટાર બતાવીને)

બોલ્ય અલ્યા તું સાચે સાચું, કોણ જાત છે તારી;
પોપટ--ધર્મશાળામાં હું જનમ્યો છું, જાત ખવાસ જ મારી.

હવે મારે તારી સાથે નથી પરણવું મારી મા.

નારદ--(સ્વગત) નારાયણ (૩) ભારે રંગ જામ્યો, હવે આ કાળી નાગણુ કળી નાગને બોલાવશે ને બીચારા પોપટીયાનો જીવ રૂપી દીવો ઓલવશે, માટે બીલ્વમંગળને ચેતાવું, ને તેના હાથેજ પોપટીઆનો ઉદ્ધાર કરાવું. (જાય છે.)

વિશ્વમોહિની--અલ્યા પોપટીયા તેં તો મારો ખરેખરો વરઘોડો ચડાવ્યો.

પોપટલાલ—તારી મરજી હતી ને ચડાવ્યો એમાં મારો શું વાંક ?

વિશ્વમોહિની—તેં મને પણ ઠગી તેની શીક્ષા તને બરાબર કરૂં છું.

(તાળી વગાડે છે, કળી, મોહ અને ક્રોધ હાજર થાય છે.)

કળી—કયાં વિશ્વને ઠગનાર એ સૂરદાસ છે મુજને કહો,
ઢોંગી ધુતારા બીલ્વની મુજ કદમમાં ગરદન ગ્રહો;
મારે ઉછાળા મ્યાનમાં તલવાર તિક્ષણ મારી આ,
શીર છેદી પાઉં રકત તેને પલકમાં કરૂં શાન્ત હા.

વિશ્વ—માફ કરો કળીરાય મુજને ભુલ થઇ છે ભારી,
ફસાવતાં કરી ફંદ બીલ્વને ફસાઈ ગઇ હું હારી;
સાહસ કરતાં કાર્ય ચુકી હું ગઇ ચતુરાઇ મારી,
હાથ પડયા હેઠા ધરણીપર કરૂં આજ લાચારી.

કળી-- આ શું બોલે વિશ્વમોહિની, કરતી તું લાચારી;
પાસા કેમ તુજ અવળા પડીયા, જીતી બાજી હારી.
આપણુને છેતરવા વાળો, શત્રુ કોણ છે જાગ્યો;
બોલ ત્વરાથી કોનો આજે, કાળજ આવી લાગ્યો.
વિશ્વ-- કળીરાય આ મૃત્યુલોકનો, પોપટીયોજ ખવાસ;
સૂર ધારીને સપડાવ્યો ત્યાં, નીકળ્યો દાસનો દાસ.

પોપટલાલ—હાય હાય, આતો કળી હવે આખો ને આખો જાશે ગળી. ભભભભ.

કળી—જુલમ, જુલમ,

હરામી ઉભો રહે તું આજ, કળી આ જાન તુજ લેશે;
કર્યું છે કપટ મરવા કાજ, કળી આ જાન તુજ લેશે.
નથી ઓળખતો મુજને, કળી આ જાન તુજ લેશે;
બતાવી આજ દઉં તુજને, કળી આ જાન તુજ લેશે.

(પોપટીઆની છાતી ઉપર ચડી બેસે છે.)

પોપટ-ઓ બાપ હું મરી ગયોરે, બીલ્વ નામની રાસે;
ઘડો પાપનો ફુટી ગયોરે, કાળજ આવ્યો પાસે.
મારા બાપ ઓ બીલ્વમંગળીયા, વહેલો કર મુજ વાર;
સાચો હરીનો ભક્ત હો તો, ઝટ આવી ઉગાર.

સૂરદાસ--રાધેશ્યામ, આવો કાળો કેર ક્યાં વરતાય છે ?

કળી—(ચમકીને) સબુર, એ શાનો અવાજ થાય છે ?

મોહ—મહારાજ, એ તો આપણા શત્રુઓનું રૂદન સંભળાય છે.

વિશ્વમોહિની—નહીં, આ તો પોપટીયાનો સહાયક આવ્યો જણાય છે.

સૂરદાસ--મૃત્યુ પાસ સપડાયલા, સુણ પ્રાણી નિરધાર;
બીલ્વ નામને બાળીને, રાધે શ્યામ ઉચ્ચાર.

(કળીને મોટા મોટા નાગ આવીને સપડાવે છે, ને પોપટીયો બચી જાય છે.)

(ટેબલો.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ--વૃજનું ઉપવન.

પાત્રો--શ્રીશ્યામસુંદીર અને સૂરદાસ.

શ્રીશ્યામસુંદીર— ગાયન.

ધન્ય ધન્ય પ્યારા સુરવરજી, સંત શીરોમણી જાણીયા
મેં જાણીયા, મેં જાણીયા,
ઉત્તમ ભક્તજ છો સહી, સૂર્ય સખા મેં નાણીયા
વૈકુંઠ તજી હું આવ્યો ઉતાવળો ગુણ ગણૂ શા તમ
ગણીએરે શાણાજી—મેં જાણીયા.

વૃજ ભૂમિની વાટ આ, સૂરદાસજી રસ્તે ચડો;
મુજ હાથ મુકી દ્યો તમે, અહીંયાં નહીં ભુલા પડો.

સૂર-- જે હાથે ગજને ગ્રાહ મુખથી છોડાવ્યો,
જે હાથે કાલીંદ્રીનો કાળી નાગ નાથનાર;
જે હાથે ભાજી વિદુરની ભાવેથી જમ્યા,
જે હાથે સવરીનાં અજીઠાં બોર ચાખનાર.
જે હાથે કંસ ને શિશુપાળ સમ નૃપ હણ્યા,
જે હાથે કાળ યવન કેશી શીર તોડનાર;
જે હાથે સાત દીન ગીરીરાજ ગોવરધન રાખ્યો,
તેજ હાથ પકડયો મેં હવે નથી છોડનાર.

શ્રીશ્યામ-સમજ્યા વિના કોને કહો છો, વચન વારજ થાય છે;
ગોવાળ હું છું વૃજતણો, મુજ ગાયો નાશી જાય છે.

સૂર-- નંદરાયની ધેનું ચારી જે આહીરે પ્રીતે;
મથુરા જાતી ગોપી ઘેરી ખાતો માંખણ નીતે.

બંસી બજાવી યમુના ત્રટપર કરતો છાનો કેલી,
તે કાનાનો કર મેં પકડયો, હવે દઇશ ના મેલી.
શ્રીશ્યામ--થાકયો હું તમથી હવે, છોડો મારો હાથ;
મિથ્યા માથાકુટ છે, જાએ માહરો સાથ.
(જાય છે.)

સૂર-- હાથ છોડાવી જાઓ છો, અંધ જાણીને આજ;
(પણ) હૃદય થકી દુર થઇ શકો તો, મરદ કહું મહારાજ.
શ્રીશ્યામ-ભક્ત ભાવ તરછોડીને, મુજથી નહીં જવાય;
રહું સૂર તુજ સાથમાં, દાસ બનીને સહાય.
(ભેટે છે)

સૂર— તજી નાથ મારા હાથને, હરી છેતરી જાતા રહ્યા;
તે માટ મેં શ્રી નાથજી, છે વચન એ તમને કહ્યાં.
દીન દાસ જાણી આપનો, દીનબંધુ કર કોડે ગ્રહો;
છું અંધ તેથી સૌ સ્થળે, સંભાળ મુજ લેતા રહો.
શ્રીશ્યામ-ધન્ય ધન્ય ધરામાં ભક્તિ સૂરની, ગુણ ગણું શા તાહરા;
આધિન છું હર નિશા, પ્રેમી પ્રભાકર માહરા.
પરિપૂર્ણ ઇચ્છા તાહરી, સમયે સફળ સઘળી થશે;
દઉં વચન તારે માટ જમવા, થાળ અંત્રીક્ષ આવશે.

ગાયન.

સૂર શાણા સુહાગી સંત ચાલોરે, પંથ ચાલો;
સૂર— શ્યામસુંદર ભૂધર બાંહ્ય ઝાલોરે, બાંહ્ય ઝાલો.
શ્રીશ્યામ—ભક્તિ ભક્તની શક્તિ મુજ સાચી,
સૂર-- સેવા શ્યામની હૃદયમાં રાચી;
શ્રીશ્યામ—હું તો ભૂખ્યો છું ભાવનો નિરાલોરે, પ્રેમ વહાલો.
માતા પીતા સુત સાહ્યબી માને વૃથા સંસારમાં,
નિષ્કામ ભક્તિ એજ મુક્તિ ભક્ત જાણે સારમાં;
સૂર— તારણ તરણ મુરલીધરા અભરાભરણ કીરતાર છો,
કારણ કરણ ધરણીધરણ અશરણ શરણ આધાર છો.

પ્રવેશ ૭ મો.

સ્થળ—સોમગીરીની પર્ણકુટી.

પાત્રો—સોમગીરી, ચિન્તામણી, સૂરદાસ, મંગળાગવરી વિદ્યાધર, નિર્મળા અને અક્કલશંકર.

સોમગીરી—હે વિશ્વંભર, હે શ્યામસુંદર, હે પરમાત્મન, હવે તો કૃપા કરી મારા બીલ્વમંગળનો મેળાપ કરાવો. પ્રભુ મારી એજ વિનંતી છે.

ચિન્તામણી—પીતાજી, વૃજમાં યાત્રા કરતાં સઘળે ઠેકાણે શોધ કરી પણ કયાંઈ ભાઇ બીલ્વમંગળનો પત્તો મળ્યો નહીં.

સોમગીરી—હા પુત્રી ચિન્તામણી આપણે તમામ યાત્રાઓ કરતાં ભાઇ બીલ્વમંગળની શોધ કરી પણ કયાંઈ પત્તો મળ્યો નહીં. હરી! હરી!! હવે તો સહાય થા.

સૂરદાસ—

જય કૃષ્ણચંદ્ર મોરારી શ્યામ, પુરૂષોત્તમ પુરણ પવીત્ર નામ;
ગોપીજન વલ્લભ પુરણ કામ, ગીરીધર નટવર ભજો રાધેશ્યામ,
ભજો રાધેશ્યામ, ભજો રાધેશ્યામ.

ચિન્તામણી—આનંદ આનંદ, આ તો મારા ભક્તબંધુ બીલ્વમંગળજી હરિની નિષ્કામ ભક્તિના સાધક સંત. (પાસે જઇને) તમારી ધર્મ ભગીની ચિન્તામણીના પ્રણામ સ્વીકારશો.

સૂરદાસ—કોણ મારાં હૃદયચક્ષુને ઉઘાડનાર પુજ્ય બહેન ચિન્તાણી! તારો જય થાઓ, આપણા પુજ્ય ગુરૂવર મહાત્મા સોમગીરીજી કયાં બીરાજે છે? અને તેમના શા ખબર છે?

સોમગીરી—ભાઇ હું સોમગીરી તારો ધર્મ પિતા આ રહ્યો. આવ, આવ, મને ભેટી આનંદ આપ. પ્રભુએ મારી વિનંતી સાંભળી તુરતજ તારો મેળાપ કરાવ્યો. અહો! મહાન ભક્તિરસનો ભોગી, બ્રહ્મ જ્ઞાનીનો જ્ઞાની

મારો બીલ્વમંગળ આવ્યો, ધન્ય પ્રભુ ધન્ય તારી લીલાને.

સૂરદાસ—

ધન્ય ધન્ય દીવસ છે આજનો, સોના તણો રવી ઉગીયો;
મળીયા ગુરૂજી ગોવીંદ રૂપ, આનંદ ઉદધી હૃદયે છયો.
તારક ત્રીલોકનું નાવ છો, મારક માયા પાસના;
સ્વીકારશો સ્નેહે ગુરૂ, સાષ્ટાંગ આ સૂરદાસના.
(દંડવત કરે છે.)

સોમગીરી--

ભકતી તણો તું સુર્ય છે, સૂરદાસ નામ દીપાવીયું;
સંસાર સાગર તું તર્યો, મુજ હૈયું તેં હરખાવીયું.

અક્કલશંકર—(વિદ્યાધર વીગેરેને લઇને આવે છે.) સત્વરં સત્વરં ગચ્છ, સાયંકાળે પ્રદીષ્યતી, શૃગાળો પોકારંતી, શ્વાનં ભસંતી, તરહીન જાનાસી, સત્વરંમ સત્વરંમ, ભાગંતી ભાગંતી, માનવા ભાગંતી (સોમગીરી સાથે અથડાય છે) ક્ષમા કુરૂવંતે સાધવઃ અહં બ્રાહ્મણો વિપ્ર અસ્મી, એ મમ સ્વસુરમ, એ મમ સાસુણામ, એ મમ ભાર્યા ઉપવાસીહં, એ તમે સૌ અહીં આવો, અહીં આવો.

વિદ્યાધર--આપેલો વેદીયો પંડીત કેમ બોલાવે છે? ત્યાં કોઇ આપણા જેવા જાત્રાળુ જણાય છે. (બીલ્વમંગળને જોઇને મંગળાને) અરે બેટા મંગળાગવરી, આ તો મહાત્મા સૂરદાસજી છે. જય જય ગુરૂવર મહાત્મા આપનો જય.

મંગળાગવરી—કોણ કોણ ? મારા પ્રભુ, પીતા સૂરદાસજી ! જય જય સૂરદાસજી મહાત્માનો જય થાઓ. (સૌ નમન કરે છે.)

સૂરદાસ—કોણ ? સતી માતા મંગળાગવરી ! તારો જય થાઓ.

અક્કલશંકર—અરે આ બધા વૃથા ક્રીડાતં ગરબડં સરબડં કીમ કુરૂતે અજ્ઞાન પદે ન ભટંનજ્ઞાનં અહં જાવંતે નમસ્કાર કુરૂતે. અહો અંધ યોગીણુંમ અહં ત્વાં નમામી.

સૂરદાસ—નમામી બંધુ નમામી, કહો સતી માતા તમો બધાં ક્યાંથી આવોછો ? ને ક્યાં સીધાવો છો ?

વિદ્યાધર—આપના પુછવાથી કહેવું પડે છે કે આપ જ્યારે મારે દ્વારે પધાર્યા હતા અને ત્યાં આપને ચક્ષુ ફોડવાનું નીમીત થયું હતું તેથી આ મારી પુત્રી મંગળાગવરીએ એ દોષથી મુક્ત થવા શ્રીનાથજીને સવાલાખ રૂપીયાનો હાર પહેરાવવાની બાધા લીધી છે, વળી જ્યારથી અમો જાત્રા માટે ઘેરથી નીકળ્યાં છીં ત્યારથી મંગળાગવરી આજ વીશ દીવસથી અનાજ પણ ખાતી નથી, અને પગે ચાલીને જાત્રા શરૂ કરી છે, તો તેની જાત્રા પુરી થશે કે નહીં તેની ચિન્તા રહે છે.

સુરદાસ—અહા ! સતી માતા તારી ટેકને ધન્ય છે, ગીરીરાજ મંદીર હજુ સાઠ ગાઉ દુર છે, ત્યાં તને અપવાસીને પહોચતાં હજુ બહુ દીવસ લાગશે, પણ તારા ઉત્તમ ધર્મની દ્રઢતા જોઈ હું તને વચન આપુંછું કે અત્રે રહી તારો હાર પ્રભુજીને પહેરાવીશ અને તને શ્રીનાથજીના પ્રત્યક્ષ દર્શન કરાવીશ. હજુ પણ કાંઇ ઇચ્છા હોય તે જણાવ તારા સર્વ મનોરથ સફળ કરવાને મારો નાથ તૈયાર છે.

અક્કલશંકર--અરે, સાધુણુંમ ત્વાં ગપં કીમ મારંતં અહં પ્રભુદર્શનં કીંમ ન કરાવંતં ત્વાંમ અંધ યોગીણુંમ શ્રૃણુતાંમ શ્રૃણુતાંમ.

સુરદાસ—અરે પ્રભુ દર્શનની ઇચ્છાવાળા તમે વળી કોણ છો ?

અક્કલશંકર—અહં અક્કલશંકરમ.

વિદ્યાધર—મહાત્મા, એ સતી મંગળાગવરીનો સ્વામી છે, મારો જમાઇ છે, નામ અક્કલશંકર છે, પણ અકલને અને એને અઢાર ગાઉનું છેટું છે. પ્રભુ આપ સર્વ કરવા સમર્થ છો તો મુજ રંકની ઉપર દયા લાવી કોઈ પણ પ્રકારે આ જમાઇ સુધરે તો પુત્રીનો જન્મારો સફળ થાય.

સુરદાસ--શું સતી મંગળાગવરીનો સ્વામી કેવળ મૂર્ખ છે ? આ વાત મારા અજાણમાં ગઇ છે માટે તે કાર્ય તો મારે પ્રથમ કરવું જોઇએ. માટે લાવ તેને શ્રીરાધેશ્યામની કૃપાથી ડાહ્યો કરૂં. લાવો તેને મારી પાસે લાવો. (અક્કલશંકરને પાસે બોલાવી) બોલો ભાઇ અક્કલશંકર.

રાધેશ્યામ મુખથી કહો, જડતા જાય નીદાન;
મુરખને ડાહ્યો કરે, ભીડ ભંજન ભગવાન.

રાધેશ્યામ રાધેશ્યામ રાધેશ્યામ.

(ઉપરનો મંત્ર અક્કલશંકરને બોલાવે છે અને રાધે શ્યામનું નામ લઈ માથે હાથ મુકે છે જેથી ડાહ્યો થાય છે.)

અક્કલશંકર—(પોતાના શરીરમાં એકાએક ફેરફાર જોઇને) અહા ! આ શો ચમત્કાર ? મારા શરીરમાં અચાનક દૈવી શકતી કયાંથી ? બુદ્ધિની નીરમળતા કયાંથી ? સમજયો સમજ્યો, આતો મહાન સદ્‌ગુરૂ મહાત્મા સૂરદાસજીની કૃપાથી. જય જય સૂરદાસજી મહાત્માનો જય.

વિદ્યાધર અને નિર્મળા—

સંત મેઘ તરૂવર સદા, કરે જગત કલ્યાણ;
દુઃખ હરી સુખ આપવા, ધારે છે નિજ પ્રાણ.
અક્કલ—સંત સગા સૌ સ્નેહીયો, ક્ષમા કરો મુજ પાપ;
મન મોટું સૌ રાખીને, મુજને આપો માફ.
મંગળા-ધર્મ પીતા સૂરદાસજી, પુરી મુજ મન આશ;
હાર ધરો શ્રી નાથને, તો પામું અધિક હુલાસ.

સૂરદાસ—જય જય કરૂણાનિધી કેશવ રાધેશ્યામ મારા નાથ, સતિનું પણ પુરણ કરવા, સત્વર પધારો, મારા હરિ વેગે આવો.

ગાયન.

વૃજના વિહારી વેલા આવોરે, વિઠ્ઠલવર મારા–વૃજ.
જેવો તેવો પણ દાસ તમારો માવા મોટાઇ બતાવોરે,
હાર સ્વિકારો શ્રી કંઠે ધારો,
શુદ્ધ સતિની સેવા સ્વિકારો,
પ્રભુજી પધારો કષ્ટો નિવારો
મનના વિરામ મારા સુંદીર શ્યામ કહાવો--માવા.
કમળાપતિ કરૂણા અંતર લાવી, વિનતી મારી ઉર ધરજો;
હાર પહેરી બંસધર નટવર, દર્શન દઇ સુખીયાં કરજો.

(અવાજ સાથે પર્ણકુટી ફાટી તેમાંથી શ્રીનાથજીનાં દર્શન થાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ--વૃજનો રસ્તો.

પાત્રો--વિશ્વમોહિની તથા નારદ.

વિશ્વમોહિની—(ગાતી ગાતી પ્રવેશ કરે છે)

ધન્ય ધન્ય ધન્ય સંત તું હીરે, ધન્ય ભક્તતણો અવતાર
સાર ધન્ય.

સ્વર્ગમાં જોયું પાતાલે જોયું, જોયો સકળ સંસાર;
ચૌદ બ્રહ્માંડમાં જોઇ વળી હું ધન્ય છે ભક્ત અવતાર.
સાચે કહું પોકારીરે—ધન્ય.

(વૃજનો રસ્તો સાફ કરતી)

સૂરદાસ જપું મુખ નામ, શ્યામના શ્રેષ્ટ સખા કહાવે;
બહુ થયા ભૂમિ પર ભકત, તુલ્ય તુજ એક નહીં આવે.

નારદ—વાહ! વાહ! ધન્ય છે સૂરદાસજી તમારી ભક્તિને કે જે વડે પ્રભુને વશ કર્યા છે. (વિશ્વમોહિનીને વૃજના રસ્તા સાફ કરતી જોઇને) અરે આ કોણ? વિશ્વમોહિની! કેમ દેવી આ શું કરો છો?

વિશ્વમોહિની—મુનિરાય વંદન કરૂં છું, મેં તમારી સાથે વાદવિવાદ કરી મોટી ભૂલ કરી છે. હવે મુને પુરેપુરી ખાત્રી થઈ કે ભક્તની શક્તિ મારા કરતાં વધારે, ભક્તની સત્તા આગળ વિશ્વમોહિની હારે હારે ને હારે. બસ હવે તો—

સૂરદાસ જપું મુખ નામ, શ્યામના શ્રેષ્ટ સખા કહાવે;
બહુ થયા ભૂમિ પર ભકત, તુલ્ય તુજ એક નહીં આવે.

નારદ— **સૂરદાસ જપે મુખ નામ કેમ તે, મુજને સમજાવે;**
ભજ કૃષ્ણ કૃષ્ણ મુખ નામ, નાથ એ સર્વ તણો કહાવે.

વિશ્વ--છે ઇશ્વર રૂપ પ્રમાણ પ્રભુની, તુલ્ય ભકત કહાયે;
હારી હું કરી અભિમાન, કળીની સોબતથી હાયે.
તે પાપ તણું પરિતાપ, કરૂં હું વૃજના રસ્તા સાફ;
ભક્ત દ્રોહ અપરાધ કરાવું, પ્રભુ પાસ હું માફ.

લ્યો હવે હું જવાની આજ્ઞા માગું છું.

(સૂરદાસ જપું મુખ નામ એમ બોલતી બોલતી જાય છે.)

નારદ--ધન્ય છે સૂરદાસજી તમારી ભક્તિને, મારો સર્વ ગર્વ ગળી ગયો. વિશ્વમોહિની જેવી સ્વતંત્ર દેવી સૂરરામજીની ભક્તિથી મહાત થઇ પાપના પ્રાયશ્ચિત નીમિતે વૃજના રસ્તા સાફ કરે છે, હવે કળી પાસે સૂરદાસજીની છેલ્લી કસોટી થાશે, ભગવાન ભક્તની વારે ધાસે, કળી પસ્તાશે અને યાવત ચંદ્ર સુધી સૂરદાસજી અવનીમાં ઇશ્વરના ઉત્તમોત્તમ ભક્તથી ઓળખાશે.' ભક્તિ ! ભક્તિ ! તારી પ્રાપ્તિ થયા પછી કોઈ પણ પદાર્થની કમી રહેતી નથી.

ગાયન.

ભકિતના સીંહાસને ચડીઆ, આનંદના દરબાર સોહાય,
વિજય ધ્વજ પ્રભુના ધરનો, ફરકે સાચે જો નભ માંય;
સંત સંતાપ કરે તે હારે, વિશ્વમોહિની થઈ ખ્વાર,
ચતુરાઇમાં ચુકી અંતે, સંત શરણ થઈ રહી લાચાર.
ભકતો મોટા સાચું સમજો, ભક્ત શિરપર શ્રીકિરતાર—ભકિતના.

(જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ--પર્વતની ખીણો.

પાત્રો—કળીયુગ, મોહ, ક્રોધ, સોમગીરી, ચિન્તામણી, પોપટલાલ, ધર્મ, ભકિત, સૂરદાસજી, પાછળથી શ્રી શ્યામસુંદીર ભગવાન.

કળી-ક્રોધ કોદંડ ભુજ દંડમાં હું ધરી, દંડી પાખંડીને ખંડી મારૂં;
હાક મારી હલાવું ગીરીરાજને, ધાર ધારાપરે ધરણી ધારૂં.
દાનવા માનવા દેવતા સૌ ડગે, નામ કળીનું સુણી ઉર કંપે;
ગર્જના કેશરી આ કળીની થતાં, જગતમાં જીવ નહીં કોઇ જંપે.

(સોમગીરીને પકડીને)

પાપી પ્રપંચી સાધુડા, કરીશ હું તમ નાશ;
જગમાં જો જીવવું ચહો, તો છે કયાં કહો સૂરદાસ.

સોમગીરી—(દ્રઢતાથી)

એક સૂર છે ગગનમાં, બીજો સૂર મનુ આંખ;
ત્રીજો સૂર ઘટમાં રહ્યો, નજર નિરખવા નાખ.

કળી—(ધર્મને)

ઢોંગી ધુત્તા ધર્મ તું, બતાવ કયાં સૂરદાસ;
જુઠું જો જીભથી કહીશ, તો મારીશ દઇ ખુબ ત્રાસ.

ધર્મ— ધરણી કેરા ધામમાં, ઘેર ઘેર સૂરદાસ;
તારો માર્યો નહીં મરે, કરજે કળી ઉર કયાસ.

ક્રોધ—(સૂરદાસની સાથે આવીને)

આજ કળીરાજ મહારાજ સૂરદાસને, લાવીયો કર ગ્રહી આપ પાસે;
ધર્મનો સારથી ભક્તિનો મહારથી, આ રહ્યો તે ઉભો ખુબ ત્રાસે.

દંભથી છે ભર્યો પાપથી છે ઠર્યો, ના ડર્યો આપથી લેશ પાપી;
હોય જો હજુરનો હુકમ હણવા મને, નાખું શીર તેહનું આજ કાપી.

કળી—(ક્રોધથી દાંત પીસતો)

અરે ઓ પાપીયા સૂરદાસ, અભાગી હાથમાં આવ્યો;
દેતો તો તું મને ખુબ ત્રાસ, અભાગી હાથમાં આવ્યો
ભક્તિ ધર્મના સંગી, અભાગી હાથમાં આવ્યો;
અસી તુજ રકતમાં રંગીશ, અભાગી હાથમાં આવ્યો.

સૂરદાસ—(નીડરતાથી) હા ભાઇ હા, ભક્તિ ધર્મનો સંગી સૂરદાસ આવ્યો છે. રાધેશ્યામના સેવકોને છોડાવવા માટે નોધારાના આધારનો હુકમ લાવ્યો છે. કળી કળી, તારી કુટીલતાએજ મને બોલાવ્યો છે. અમો સાધુ પરની તારી સત્તા નષ્ટ થવાનો સમય હવે નજીક આવ્યો છે.

કળી—હા, આંધળા, કાળના મુખમાં આવ્યો છતાં હજુ તને અભિમાન છે? પણ ઓ અભાગીયા, જાણે છે કે તમો સાધુઓનું સત્યાનાશ કાઢવામાં આ કળી કાળ સમાન છે.

સૂરદાસ—હા બાઈ જાણું છું, તને જાણું છું, અને તારી સત્તા તોડવાવાળાને પણ જાણું છું. પ્રભુની કૃપાથી પામેલા ભક્તિરૂપી ભંડારનું રક્ષણ કરવા ભક્ત કદી નહીં ચુકે, હવે આ સૂરદાસ રાધેશ્યામનું શરણ છોડી કળીના ચરણમાં પોતાનું મસ્તક નહીં મુકે.

કળી—નહીં મુકે? કેમ નહીં મુકે? પણ બચ્ચાજી આ કળી પોતાના હાથમાં આવેલા બળી દાનનું ભક્ષણ કરવા નહીં ચુકે. પાપીઓ હવે મારૂં ઉગ્ર સ્વરૂપ પ્રગટ કરૂં છું અને હમણાંજ તમારો એક એક કોળીયો કરી મારા મુખમાં ધરૂં છું. (અવાજ સાથે કળીનું વિકાળ મુખ પ્રગટ થાય છે)

સોમગીરીસાધુઅ બોલ જલ્દી કહે, કરીશ સ્વપ્ને કદી ધર્મ સંગ;
નાખું જીવતો તને કાળના મુખમાં, લાગશે પુન: ઉર ભક્તિ રંગ.

સોમ-મારી દ્યો કાપી દ્યો તાવી દ્યો મુજને, ધર્મને કાજ હું સહીશ દંડ;
એક ગોવિંદ ગોવિંદ મુખથી કહું, કષ્ટ આવી પડે જો પ્રચંડ.
(સોમગીરીને કાળમુખમાં નાખી દે છે)

કળી-બોલ વેરાગણી કુડી ચિન્તામણી, ભંગ કરતી ભુંડી આણ મારી;
કાળ વિક્રાળના મુખમાં પાપાણી, નાખુ જીવતી તને આજ નારી.

ચિન્તા-મારવી હોય તો નાખ મારી મને, ધર્મને કાજ તૈયાર મરવા;
શ્રીહરી શ્રીહરી કૃષ્ણ મુખથી કહું, ઉર ધારૂં ન કોઇની પરવા.
(ચિન્તામણીને કાળમુખમાં નાખે છે)

કળી-ભટકતા ભામટા પાપીયા પોપટા, હુકમ આધિન થા જો તું પાપી;
જરૂર જાવા દઉં ખાસ આ વાર હું, નહીં તો નાખીશ સત્વર કાપી.

પોપટ-કાપવો હોય તો કાપ તું મુજને, નહીં ડર દીલ કહું સત્ય આજે;
કૃષ્ણરાધે હરી કૃષ્ણરાધે હરીથી સદા મુખ મારૂંજ ગાજે.
(પોપટલાલને કાળમુખમાં નાખે છે)

કળી-બોલ સૂરદાસ તું ઓ રીપુ માહરા, આજ તું કદમમાં હાથ આવ્યો;
કાળને કાળ મહા વ્યાલ કળી કેસરી, પટકવા ખલકમાં ખુબ ફાવ્યો.
ઠાઠી દંભી ધર્મ ભક્તિના સંગથી, કાર્ય ઉલટાં કર્યાં સર્વ મારાં;
આજ રૂઠયા કળીરાજ તારા પરે, દીન તો છે ખુટયા ખચિત તારા.

સૂર-કૃષ્ણ કમળાપતી જો ત્રુઠયા મુજપરે, તો નથી કોઈ ત્રીલોકી રૂઠયા;
કૃષ્ણ કમળાપતી જો ત્રુઠયા મુજપરે, તો નથી માહરા દીન ખુટયા.
કૃષ્ણ કમળાપતી જો ત્રુઠયા મુજપરે, તો કળી પ્રાણ તારા તો તુટયા;
કૃષ્ણ કમળાપતી જો ત્રુઠયા મુજપરે, તો સહુ મૃત્યુ મુખમાંથી છુટયા.

કળી— કહા રીપુ સૂરદાસ તું, કરણીનાં ફળ ચાખ;
સૂર— રાધેશ્યામ કહીશ સદા, ભલે કાળ મુખ નાખ.

(સૂરદાસને કાળમુખમાં નાખવા જાય છે ત્યાં શ્રી શ્યામસુંદર પ્રભુ
સોમગીરી, ચિન્તામણી તથા પોપટલાલને બચાવી પ્રગટ થાય છે)

શ્રીશ્યામ-ધન્ય ધન્ય પ્રીય ભક્ત મુજ, ઉદ્ધવના અવતાર;
ભક્તિ નાવમાં બેસીને, તરી ઉતર્યો ભવ પાર.

(શ્રી શ્યામસુંદર સૂરદાસને ભેટે છે)

સોમગીરી ચિન્તામણી, સાચાં સંતજ ખાસ;
બોધથી બીલ્વ બનાવીયો, ભક્ત અડગ સૂરદાસ.
કળી કુટીલ તુજ સાહ્યકો, સાથે કરૂં વિનાશ;
ભાવિક મારા ભક્તને, તેં દીધો અતિ ત્રાસ.

કળી—ક્ષમા પ્રભુ ક્ષમા.

કળો યુગ સત્તા બળે, રાખીને દ્રઢ ખંત;
કરી કસોટી જગતને, દેખાડયા સૂર સંત.

સૂર— **ક્ષમા કરો હરી તેહનાં, હોય હજારો પાપ;**
પ્રભુ દર્શન હું પામીયો, તે કળી તણોજ પ્રતાપ.

શ્રીશ્યામ-ક્ષમા કરૂં છું તેહને, તુજ કહેવાથી ખાસ;
દિવ્ય નેત્રથી સૂર સખા, સ્વરૂપ જો મુજ દાસ.

(સૂરદાસનાં નેત્રો ઉપર હાથ ફેરવે છે તેથી તેઓ દેખતા થાય છે)

સૂરદાસ—(દેખતા થવાથી) જય જય રાધેશ્યામ અહા !

ગો પાળક ગોવિંદજી, ગીરીવરધર ઘનશ્યામ;
લોચન લહાવો પામીયાં, રૂપ જોઇ અભિરામ.

શ્રીશ્યામ-આવો સૂર સખા હવે, વૈકુંઠે કરો વાસ;

સૂર— ના ના પ્રભુ હમણાં નહીં, યાચું થઇ દીન દાસ.

શ્રી શ્યામસુંદર—કારણ ?

સૂર—　સવા લાખ પદની પ્રભુ, ટેક ધારી મેં મન;
　　પુર્ણ કરી આવીશ હું, જાતે જુગજીવન.

શ્રીશ્યામ- સૂર ભકતના સંગમાં, શ્યામ ધરાવી નામ;
　　બાકી સૌ પુરાં કરીશ, પદ તુજ બની સૂરશ્યામ.

સર્વે—જય જય સૂરશ્યામ પ્રભુ આપનો જય.

ભક્તરાજ સૂરદાસનો
વૈકુંઠ વાસ.

→ સમાપ્ત ←

શુદ્ધિ પત્રક.

અશુદ્ધ.	શુદ્ધ.	પાનું.	પંક્તિ.
ત્રોડનારી	તોડનારી	૨	૬
કાસળ	કાશળ	૪	૧૨
વરમાન	વરદાન	૬	૧૩
તુરંગની	તુરગની	૧૫	૧૯
ચતુરા	ચતુરાં	૧૭	૧૦
જયારથી	,,	૧૯	૧૯
વિઠલ	વિઠ્ઠલ	૨૫	૧૧
કબાને	કમાને	૩૩	૧૧
અવની	અવરની	૩૭	૯
ઝાણી	ઝીણી	૪૪	૨૨
પથ્થર	પત્થર	૪૭	૨૫
મુછ	મૂંછ	૫૩	૧૮
ક્રોધ	મોહ	૫૭	૮
બાલ્વમંગળ	બીલ્વમંગળ	૫૮	૧૫
નાશું	ન્હાશુ	૫૮	૨૩
...	ગાયન	૫૯	૨
ધમ	ધર્મ	૬૨	૬
તે પર	તે તપપર	૬૩	૨૧
રૂપ	સ્વરૂપ	૬૪	૭
સહેજે	સ્હેજે	૯૦	૧૩
...	ગાયન	૧૦૧	૬
કહાયે	કહાવે	૧૦૧	૨૧
સુરદાશ	સુરદાસ	૧૦૨	૮

જી. સી. દસ્તુરની ગુલચહેર બાનુ પીલ્સ.

(માસિક અટકાવ બિમારી દુર કરનારી ગોળીઓ ?)

માસીક (અટકાવ) બરાબર ખુલાસાથી નહીં આવવાથી અનેક રોગો ઉત્પન્ન થાય છે, શરીરનું ફુલી જવું, હિસ્ટ્રીયા અટકાવ વખતે થતો સખત દુખાવો, વધતું ઓછું આવવું વિગેરે અનેક રોગોને ફાયદો કરી નીયમસર દર માસે ખુલાશાથી આવે છે, એટલુંજ નહીં પણ ગર્ભાશયને સુધારી વાંજયાપણું ટાળે છે. કીં. રૂ. ૩

ચાર્મીંગ પીલ્સ.

(શકિતની અકશીર ગોળીઓ.)

હાથ, પગ, કમર, માથાનો દુખાવો દુર કરે છે. ખોરાક પાચન કરે છે, ઝાડો સાફ આવે છે, હરેક પ્રકારે જતી ધાતુને બંધ કરે છે (પ્રદર) ચીકણા પાણીનું જવું, નાહાનાંયત કીધથી નસોની કમતાકાત વીગેરે તમામ નબળાઇના રોગોને ફક્ત એકજ શીશીમાં ફાયદો કરી મરદાનગી લાવી બુઢ્ઢાને જુવાન ને જુવાનને હીંમતવાન બનાવે છે. (૪) ગોળીની શીશોની કીંમત રૂ. ૧

ડીપાઈલેટોરિ.

" વાળ દુર કરનારી સાબુની ભુકી. "

આ ભુકી બીજી દવાઇઓ કે સાબુઓની માફક ખરાબ વાસ મારતી નથી કે આગ બળતી નથી તેમજ જગો કાળી પડતી નથી. પણ એ ત્રણ મીનીટમાં વાળ ખરી જઇ ચામડી નરમ ને સુંવાળી થાય છે. શીશીની કીંમત ચાર આના.

બનાવનાર

ગુસ્તાદજી કાવશજી દસ્તુર

કણપીઠ—સુરત.

જાહેર ખબર.